RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
# માસિક પત્રિકા

Issue : 11, Year: 70, February, 2024, Pages: 52, Price Rs. 7.00

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ
*સંચાલિત*

શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા
શ્રીમતી શ્રુતીબેન મયંકભાઈ શાહ
પ્રેરિત

## ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪
## ગીતાબેન રબારીના
## સથવારે

રવિવાર
તા. ૧૦-૦૩-૨૦૨૪
પ્રવેશ બપોરના ૩.૩૦ વાગ્યાથી...





# શ્રી સ્થા. જૈન પંચ પર્વ તિથિ પંચાંગ

## ॥ શ્રી અજરામર ગુરૂદેવ નમઃ ॥

સંવત ૨૫૫૦ | વિક્રમ સંવત ૨૦૮૦ | ઈ. સં. ૨૦૨૩ /૨૪

**અનુમોદક : માતુશ્રી મુકતાબેન જયંતિલાલ જીવરાજ મહેતા**

**શ્રીમતી પ્રતિમાબેન હસમુખલાલ મહેતા (સુરેન્દ્રનગર નિવાસી – યોગીનગર, બોરીવલી)**

## આઠમ, પાખી તથા પર્વોની યાદી

| માસ-પક્ષ | આઠમ | પાખી પર્વ આરાધના/પ્રતિક્રમણ |
|---|---|---|
| કારતક સુદ | તા. ૨૦–૧૧–૨૦૨૩, સોમવાર | તા. ૨૬–૧૧–૨૦૨૩, પુનમ,રવિવાર |
| કારતક વદ | તા. ૦૪–૧૨–૨૦૨૩, સોમવાર | તા. ૧૧–૧૨–૨૦૨૩, વદ ચૌદશ/અમાસ, સોમવાર |
| માગસર સુદ | તા. ૨૦–૧૨–૨૦૨૩, બુધવાર | તા. ૨૬–૧૨–૨૦૨૩, પુનમ, મંગળવાર |
| માગસર વદ | તા. ૦૪–૦૧–૨૦૨૪, ગુરુવાર | તા. ૧૧–૦૧–૨૦૨૪, અમાસ, ગુરુવાર |
| પોષ સુદ | તા. ૧૮–૦૧–૨૦૨૪, ગુરુવાર | તા. ૨૫–૦૧–૨૦૨૪, પુનમ, ગુરુવાર |
| પોષ વદ | તા. ૦૩–૦૨–૨૦૨૪, શનિવાર | તા. ૦૯–૦૨–૨૦૨૪, વદ ચૌદશ/અમાસ, શુક્રવાર |
| મહા સુદ | તા. ૧૭–૦૨–૨૦૨૪, શનિવાર | તા. ૨૩–૦૨–૨૦૨૪, સુદ ચૌદશ/પુનમ, શુક્રવાર |
| મહા વદ | તા. ૦૪–૦૩–૨૦૨૪, સોમવાર | તા. ૦૯–૦૩–૨૦૨૪, વદ ચૌદશ/અમાસ, શનિવાર |
| ફાગણ સુદ | તા. ૧૭–૦૩–૨૦૨૪, રવિવાર | તા. ૨૪–૦૩–૨૦૨૪, સુદ ચૌદશ/પુનમ, રવિવાર |
| ફાગણ વદ | તા. ૦૨–૦૪–૨૦૨૪, મંગળવાર | તા. ૦૮–૦૪–૨૦૨૪, અમાસ, સોમવાર |
| ચૈત્ર સુદ | તા. ૧૬–૦૪–૨૦૨૪, મંગળવાર | તા. ૨૩–૦૪–૨૦૨૪, પુનમ, મંગળવાર |
| ચૈત્ર વદ | તા. ૦૧–૦૫–૨૦૨૪, બુધવાર | તા. ૦૭–૦૫–૨૦૨૪, વદ ચૌદશ/અમાસ, મંગળવાર |
| વૈશાખ સુદ | તા. ૧૫–૦૫–૨૦૨૪, બુધવાર | તા. ૨૨–૦૫–૨૦૨૪, સુદ ચૌદશ/પુનમ, બુધવાર |
| વૈશાખ વદ | તા. ૩૧–૦૫–૨૦૨૪, શુક્રવાર | તા. ૦૬–૦૬–૨૦૨૪, અમાસ, ગુરુવાર |
| જેઠ સુદ | તા. ૧૪–૦૬–૨૦૨૪, શુક્રવાર | તા. ૨૧–૦૬–૨૦૨૪, સુદ ચૌદશ/પુનમ, શુક્રવાર |
| જેઠ વદ | તા. ૨૯–૦૬–૨૦૨૪, શનિવાર | તા. ૦૫–૦૭–૨૦૨૪, અમાસ, શુક્રવાર |
| અષાઢ સુદ | તા. ૧૪–૦૭–૨૦૨૪, રવિવાર | તા. ૨૦–૦૭–૨૦૨૪, સુદ ચૌદશ/પુનમ, શનિવાર |
| અષાઢ વદ | તા. ૨૮–૦૭–૨૦૨૪, રવિવાર | તા. ૦૩–૦૮–૨૦૨૪, વદ ચૌદશ/અમાસ, શનિવાર |
| શ્રાવણ સુદ | તા. ૧૩–૦૮–૨૦૨૪, મંગળવાર | તા. ૧૮–૦૮–૨૦૨૪, સુદ ચૌદશ/પુનમ, રવિવાર |
| શ્રાવણ વદ | તા. ૨૬–૦૮–૨૦૨૪, સોમવાર | તા. ૦૨–૦૯–૨૦૨૪, વદ ચૌદશ/અમાસ, સોમવાર |
| ભાદરવા સુદ | તા. ૧૧–૦૯–૨૦૨૪, બુધવાર | તા. ૧૭–૦૯–૨૦૨૪, સુદ ચૌદશ/પુનમ, મંગળવાર |
| ભાદરવા વદ | તા. ૨૫–૦૯–૨૦૨૪, બુધવાર | તા. ૦૨–૧૦–૨૦૨૪, અમાસ, બુધવાર |
| આસો સુદ | તા. ૧૧–૧૦–૨૦૨૪, શુક્રવાર | તા. ૧૭–૧૦–૨૦૨૪, પુનમ, ગુરુવાર |
| આસો વદ | તા. ૨૪–૧૦–૨૦૨૪, ગુરુવાર | તા. ૦૧–૧૧–૨૦૨૪, અમાસ, શુક્રવાર |

### પર્વના દિવસો

- આયંબિલ ઓળી પ્રારંભઃ ચૈત્ર સુદ-૭, સોમવાર તા. ૧૫-૪-૨૦૨૪
- મહાવીર જન્મ કલ્યાણક: ચૈત્ર સુદ-૧૩, રવિવાર, તા. ૨૧-૪-૨૦૨૪
- આયંબિલ ઓળી પૂર્ણાહૂતિ: ચૈત્ર સુદ-૧૫, મંગળવાર તા. ૨૩-૪-૨૦૨૪
- અક્ષય તૃતીયા : વૈશાખ સુદ-૩ શુક્રવાર, તા. ૧૦-૫-૨૦૨૪
- આચાર્ય પૂ. ડુંગરસિંહજી સ્વામી પુણ્યતિથિ વૈશાખ સુદ-૧૪/૧૫, બુધવાર તા. ૨૨-૫-૨૦૨૪
- ચાતુર્માસ પ્રારંભ : અષાઢ સુદ - ૧૪/૧૫, શનિવાર, તા. ૨૦-૭-૨૦૨૪
- માસક્ષમણનું ઘર : શ્રાવણ સુદ -૬ શનિવાર, તા. ૧૦-૮-૨૦૨૪
- આચાર્ય પૂ. અજરામરજી સ્વામી પુણ્યતિથિ શ્રાવણ વદ-૨, બુધવાર તા. ૨૧-૮-૨૦૨૪
- પંદરનું ઘર : શ્રાવણ વદ - ૭ રવિવાર, તા. ૨૫-૮-૨૦૨૪
- પર્યુષણ પર્વ પ્રારંભ: શ્રાવણ વદ - ૧૩, રવિવાર, તા. ૧-૯-૨૦૨૪
- મહાવીર જન્મ વાંચન : ભાદરવા સુદ - ૨, ગુરુવાર, તા. ૫-૯-૨૦૨૪
- સંવત્સરી મહાપર્વ: ભાદરવા સુદ - ૫, રવિવાર, તા. ૮-૯-૨૦૨૪
- આયંબિલ ઓળી પ્રારંભ : આસો સુદ-૬ બુધવાર તા. ૯-૧૦-૨૦૨૪
- આયંબિલ ઓળી પૂર્ણાહુતિ: આસો સુદ-૧૫ ગુરુવાર તા. ૧૭-૧૦-૨૦૨૪
- આચાર્ય પૂ. જશાજી સ્વામી પુણ્યતિથિ: આસો વદ-૮, ગુરુવાર તા. ૨૪-૧૦-૨૦૨૪
- ભગવાન મહાવીર નિર્વાણ કલ્યાણક: આસો વદ - 0)), શુક્રવાર, તા. ૧-૧૧-૨૦૨૪
- જ્ઞાન પંચમી આરાધના: કારતક સુદ-૫ બુધવાર, તા. ૬-૧૧-૨૦૨૪
- ચાતુર્માસ પૂર્ણાહુતિઃ લોકાશાહ જયંતિ કારતક સુદ - ૧૫, શુક્રવાર, તા. ૧૫-૧૧-૨૦૨૪




માતુશ્રી મુકતાબેન જયંતિલાલ મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ
(Reg. NO 23022 M)

**MAYUR STEEL CORPORATION**

૧૧૦૭ યોગી ટાવર, યોગી નગર,એકસર રોડ, બોરિવલી (વેસ્ટ), મુંબઈ -૯૨

D/9, Shop. No. 05, Yogi Laxminarayan C.H.S Ltd,Yogi Nagar Eksar Road, Borivali (West) Mumbai 92

Off: 23440298 • 4971 0439 • Resi: 28334735

Mob:09820810782 / 09820177209 / Email : mehtamayursteel@gmail.com



Advt.

BIODATA

|| શ્રી મહાવીરાય નમઃ ||

# DR. NIDHI BIREN GANDHI (MSPT)



| | | |
|---|---|---|
| Birth Date | : | 27th December 1997 |
| Birth Time | : | 12:47 pm |
| Birthplace | : | Mumbai |
| Height | : | 5'5" / 165 cms |
| Cast | : | Zalawadi Vishashrimali Sthanakwasi Jain |
| Native Place | : | Wadhvan City |
| Education | : | MSc. Advanced Physiotherapy (MSPT) – Manchester, U.K.<br>Bachelor of Physiotherapy (BPT) – DY Patil, Mumbai |
| Profession | : | Clinical Physiotherapist at Physio1st clinic, Borivali West and private physiotherapy practice |
| Interests | : | Travelling, music, painting, reading |

## FAMILY DETAILS AND OCCUPATION

| | | |
|---|---|---|
| Father | : | **Biren Pravin Gandhi**<br>+91 9821087150<br>Share and Stock Market |
| Mother | : | **Heena Biren Gandhi**<br>+91 9870087150<br>Homemaker |
| Brother | : | **Harshit Biren Gandhi**<br>Equity trader and Investment Analyst (Family Business) |
| Sister-in-law | : | **Miti Harshit Gandhi**<br>Teacher |

## PATERNAL

| | | |
|---|---|---|
| Dada | : | Late Pravin Vrajlal Gandhi |
| Dadi | : | Bhartiben Pravin Gandhi |
| Kaka | : | Milan Pravin Gandhi<br>+91 9820476688 |
| Kaki | : | Nipa Milan Gandhi |
| Faiba | : | Sushma Deepak Shah<br>+91 9867480275 |
| Faiba | : | Priti Nitin Sakidas<br>+91 9819867808 |

## MATERNAL

| | | |
|---|---|---|
| Nana | : | Late Kishor Pranlal Sakhidas |
| Nani | : | Minaxi Kishor Sakhidas |
| Mama | : | Bhavesh Kishor Shah<br>+91 9867632009 |
| Mami | : | Roshni Bhavesh Shah |

## RESIDENTIAL ADDRESS

A/1401, Pratap Heritage, NR Complex, L.T. Road,

Borivali West, Mumbai – 400092

## FATHER'S OFFICE ADDRESS

202/C, Bhattad Tower, Opp. Kora Kendra Ground,

Borivali West, Mumbai - 400092

Advt.

BIO-DATA

13th November, 1996

# Dr. Rushabh Sanjeev Shah



RUSHABH IS COMING TO INDIA SOON

卐 Shree Shankheshwar Parshwanathay Namah 卐

## Personal Information

| | | |
|---|---|---|
| Date of Birth | : | 13th November, 1996 |
| Birth Time | : | 3.35 pm |
| Birth Place | : | Ghatkopar - Mumbai |
| Height-Weight | : | 5' 8" 71 Kg. |
| Native Place | : | Muli - Surendranagar, Gujarat |
| Caste | : | Zalawadi Sthanakwasi Jain |

## Education Details

| | | |
|---|---|---|
| Education | : | BPtH. (Bachelor of Physical Therapy)-Mumbai, India<br>DPT (Doctor of Physical Therapy) - California, USA<br>MHA (Master In Health Administration) - USA |
| Occupation | : | Physiotherapist at Richmond Physical Therapy<br>New York, USA. |
| Current Status | : | Day 1 CPT |
| Address in USA | : | 3419 Richmond Ave, SI, NY - 10312 |
| Contact No | : | +1 909-559-4815 |
| Email | : | rushabh1311@gmail.com |

## Family Details

| | | |
|---|---|---|
| Father | : | Sanjeev Dinesh Shah, Mob: 9324000352 |
| Occupation | : | Business |
| Mother | : | Neepa Sanjeev Shah, Mob: 9821144431<br>Homemaker |
| Elder Sister | : | Dr. Riddhi Yash Chheda, Mob : +1 732-642-8892<br>Dentist (BDS), Health Administrator (MHA)<br>Virginia, USA. |
| Brother In-Law | : | Yash Kirti Chheda, Mob: +1 714-804-4556<br>M.S. Computer Science<br>Software Engineering Manager |
| Residence | : | S-1, Dev Kripa, A-Wing, 2nd Floor, Nath Pai Road,<br>Ghatkopar (East), Mumbai - 400 077. |

## Paternal Details

| | | |
|---|---|---|
| Grand Father | : | Shri Dinesh Ratilal Shah<br>Mob. : 93240 54570 |
| Grand Mother | : | Late Smt. Madhuben Dinesh Shah |
| Uncle / Aunt | : | Rajiv Dinesh Shah / Lina Rajiv Shah |

## Maternal Details

| | | |
|---|---|---|
| Nana | : | Late Shri. Pramod Ratilal Shah |
| Nani | : | Smt. Kalaben Pramod Shah<br>Mob. : 98921 96666 |

Advt.

BIO-DATA

# KUSHAL AJMERA

CHARTERED ACCOUNTANT




**Age:** 29 years
**D.O.B.:** 27th September 1994
**Height:** 5.9"
**Birth time & place**: 3:03pm, Mumbai
**Caste/Religion**: Zalawadi Dashashrimali Sthanakwasi Jain
**Native place**: Rangpur, Gujarat

## ACADEMIC BACKGROUND

- **Master of Business** (Monash university, Melbourne)
- **Chartered Accountant** (ICAI)
- **CPA Australia**
- **Chartered Financial Analyst** (USA)
- **Bachelors of Commerce** (Mumbai)

## FAMILY BACKGROUND

**Father:** Vijay Punamchand Ajmera (+91 98211 64350)
- Broker in Petrochemicals & Solvents (Businessman) (Ajmera Chemsol Services)
- Opp. Kora Kendra ground, Borivali (W), Mumbai.

**Mother:** Manisha Vijay Ajmera
- Home Maker (+91 97734 81728)

**Residential Address**
303, Madhuban, 51st Road of TPS, Borivali (W), Mumbai
**Elder Sister:** Dr.Sneha Sagar Soni (Dentist, Canada)
**Brother-in-law:** Sagar Soni (IT Business Analyst, Canada)
**Paternal Grandparents:** Punamchand Vadilal Ajmera, Saorjben Ajmera
**Maternal Grandparents:** Jitendra Bhikhalal Mehta, Bhartiben Mehta

## PERSONAL DETAILS

+61 403 235 809

Melbourne, Australia

Chief Accountant (Melbourne)

## ABOUT ME

I am a very disciplined & fun-loving person. Hobbies include reading books, working out at the gym, walks, music & love travelling. Workaholic & prefer to keep balance between professional & personal life.

Looking for a partner who is respectful, loving, understanding & would like to travel the world with me. You are ambitious, childishly mature & dream big.

**Arriving India in March 2024**

## Bio-Data

SHREE MAHAVIRAV NAMAH



# JAINAM DHOLAKIA

### PERSONAL DETAILS

- Date of Birth: 04.12.97
- Time: 05.02 PM
- Place of Birth: Mumbai
- Height: 5'11"

### RESIDENTIAL ADDRESS

3E - 193 / 194, Kalpataru Aura, Opp R - city mall, LBS Marg, Ghatkopar (West), Mumbai - 86

### OCCUPATION

**Family Business**

- Manufacturing - PP woven sack and BOPP bags.
- Kahan Packaging Limited
  Factory 1 - Plot No. 22 & 23, Amalgamated estate, Asangaon.
- Factory 2 - Building 124, Indian Corporation, Bhiwandi.
- Crescita Solutions.

### OFFICE ADDRESS

212, Jhalawar, Patanwala Compound, Ghatkopar(West), Mumbai - 86
Email:
jd@kahanpackaging.com
www.kahanpackaging.com

### CASTE AND EDUCATION

**CASTE**

- Shree Zalawadi Dashashrimali Digamabar Jain
- Native: Vinchhiya

**EDUCATION**

- BLS LLB - DY PATIL, NAVI MUMBAI (2021)
- LLM in Criminology - DY PATIL, NAVI MUMBAI (2023)

### FAMILY DETAILS

- Grandfather: Late Jitendra (Manubhai) Himatlal Dholakia
- Grandmother: Bhanumati Jitendra Dholakia
- Father: Prashant Jitendra Dholakia - Businessman
  Contact: 9867668598
- Mother: Purvi Prashant Dholakia - Homemaker
  Contact: 9324663093
- Younger Slibling: Nemin Prashant Dholakia
  BFM, MS in Business Analytics
  Currently resides & working in Ohio - USA
- Uncle: Rohit Jitendra Dholakia - 9320425510
- Aunty: Jagruti Rohit Dholakia - 9820084857
- Cousins: Anvi Pratik Kothari & Sahaj R Dholakia
- Faiba/Fua: Heena Dipen Somaiya
- Mosal: Late Chandrakant D Jobalia (Ranpur - Currently Mira Road)

Advt.

## Bio-Data

# KUNAL SANJAY GOPANI



### PERSONAL DETAILS

| | | |
|---|---|---|
| Date of Birth | : | 05th July 1997 |
| Birth Place | : | Kandivali, Mumbai |
| Height | : | 6 ft. |
| Education | : | M.B.A (Marketing) |
| Occupation | : | Dealers of Pipe fittings |
| Caste | : | Sthanakvasi Zalawadi |
| Religion | : | Jain |
| Native Place | : | Botad, Gujarat |
| Hobbies | : | Cricket, Travelling, Music |

### FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Dada | : | Late. Shri Pravin Bhogilal Gopani |
| Dadi | : | Late. Smt. Hansa Pravin Gopani |
| Father | : | Sanjay Pravin Gopani 9820272181 |
| Education | : | B.E. (Electronics) |
| Occupation | : | Dealers of Pipe fittings |
| Company Name | : | Royal Tube Corporation |
| Office Address | : | 201, Nagdevi street, 1st floor, Mumbai – 400003 |
| Mother | : | Jigna Sanjay Gopani 9820486663 |
| Education | : | B.Com |
| Occupation | : | Home Maker |
| Home Address | : | 113/A Shreeji Darshan,<br>100 S.V. Road, above bata showroom<br>Kandivali west, Mumbai – 400067 |
| Brother | : | Ayush Sanjay Gopani (younger) |
| Kaka | : | Prashant Pravin Gopani |
| Kaki | : | Khyati Prashant Gopani |
| Nana | : | Shri Anil Keshavlal Valera |
| Nani | : | Smt. Padma Anil Valera |

Advt.


ammpalholidays@gmail.com
WE DELIVER WHAT IS PROMISE !
WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES !
Ammpal HOLIDAYS
Dream. Explore. Discover.
Vietnam
HANOI • HALONG BAY • SAPA
DANANG • HOI AN • HO CHI MINH
11 DAYS LUXURIOUS TOUR, NO ONE GIVES YOU AN EXPERIENCE OF VIETNAM LIKE WE DO!
FREE SOLITAIRE GROUP CLUB MEMBERSHIP for first 25 Bookings
RAINING OFFERS
VIETNAM & JAPAN TOUR
1 GM
LUCKY DRAW in each tour & WIN GOLD COIN
GOLDEN BRIDGE
Veg & Jain Meals Prepared By Our Own Rajasthani Maharaj • Stay At World's 1st 24k Gold Plated Dolce Hanoi Garden Lake Hotel • Now Direct Flights From Mumbai To Vietnam • Hotels In City Center • Stay In Hoi An With Ancient Town Night Visit • Exclusive Night Tour Of Ho Chi Minh In Open Bus • Free Foot Spa • Free Bicycling • Free Coconut Coffee At Train Street
TOUR DATES 2024
FEB - 20th (Sold Out)
MAR - 2nd (Ltd. Seats) | 12th | 23rd
APR - 3rd | 20th | 25th
MAY - 7th | 18th | 31st
TOUR COST
₹1,55,000/-*
AMAZING JAPAN
9 NIGHTS 10 DAYS
TOKYO • SHIZUOKA • HIROSHIMA • OSAKA
TOUR COST
₹3,75,000/-*
PACKAGE INCLUSIONS: Mt. Fiji • Bullet Train • Nara Deer Park • Tokyo Sky Tree • Umeda Sky Building • Floating Garden • Lake Ashi Cruise • Hakone Ropeway • Atomic Bomb & Peace Museum • Miyajima Island • Sumida River Cruise.
TOUR DATES 2024
MAR - 26th (Full)
APR - 7th (Full)
MAY - 15th
BAKU + GABALA
AZERBAIJAN - 7DAYS TOUR
STAY AT BOULEVARD MARRIOT (BAKU) • VEG & JAIN Meals prepared by our own RAJASTHANI MAHARAJ • GALA DINNER WITH UNLIMITED DRINKS & BELLY DANCE • FREE FUNICULAR RIDE
TOUR COST
₹1,11,111/-*
PACKAGE INCLUSIONS: Stay at Boulevard (Baku) & Gabala Garden (Gabala) • Veg & Jain Meals by our own Rajasthani Maharaj • 1 Night Gala Dinner With Local Drinks • Belly Dance • Funicular Ride • Travel via direct flights from Mumbai-Baku-Mumbai • Visa. SIGHT SEEING TOURS TO: Little Venice Boat Tour • Highland Park • Old City Tour • Nizami Street • Heydar Aliyev Center • Ateshgah (Fire Temple) • Fire Mountain, Yanardag • Bibi-Heybat Mosque • Gabala Cable Car • Nohur Lake • Genclik Mall • Gobustan Mud Volcano • Vintage Car Museum.
TOUR DATES 2024
MAR
2nd | 9th | 16th | 23rd | 30th
APR
6th | 13th | 20th | 27th
MAY
4th | 11th | 18th | 25th
JUN - 1st | 8th | 15th | 22nd
Delic-ious Cuisines (Veg & Jain) prepared by Our Own MAHARAJ
Tour Inclusive of Air Fare*, Travel Insurance & Visa Assistance
Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager
Sightseeing in Super Deluxe A/c Luxury Coaches
HOTEL
Stay at Luxurious Hotels
*T & C Apply.
AMMPAL HOLIDAYS
Specialist in International & Domestic Tour Packages
For Booking & Planning Your Tours Call Us Now!
AMIT SHAH 9833082820
EXCLUSIVE WOMEN TOURS, SOCIAL GROUP & CUSTOMISED TOUR PACKAGES AVAILABLE
Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ફેબ્રુઆરી ૨૦૨૪
વર્ષ : ૭૦ : : અંક : ૧૧
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૩. ફોન : ૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ તથાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તેની સાથે સંસ્થાના ટ્રસ્ટી કે તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*



# હૈયાનો ઉમંગ

હરિયાળી ડાળ પર ઝૂલતું,
મસ્તીમાં પવનનને સંગ.

જોબનમાં રીતસર એવું ધબકતું,
ફૂલ ગુલાબી એનું અંગ

ઝાકળના મોતીની સેરથી શોભતું,
હૈયે ઉછળતા તેજ તરંગ.

પાંખડીઓ ખોલી એ તો મરક મરકતું,
હિલોળે હૈયાનો ઉમંગ.

માણવાની મોજમાં એવું તે ખીલતું,
ટહુકે રસીલા વિહંગ.

મારા સપનામાં મેં સાવરે જોયું તું,
ભીતર ઝૂમતું પતંગ.

નદી જેવું 'સ્નેહી' જીવન આ વહેતું,
માણવાનો વિરલ પ્રસંગ.

**–સુરેશ પરીખ**

**સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી**
M. : 9867540501
Email Id. :sharadgandhi51@gmail.com

# દિલમાં દેવ અને દાનવ

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

વર્ષાકાળમાં આખી પ્રકૃતિ શુભ અને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરે છે, ત્યારે માનવીએ એના ચિત્તમાં શુભ ભાવોની જાગૃતિ કરવાની છે. માનવીમાં દેવ પણ વસે છે અને દાનવ પણ વસે છે. એના જ હૃદયમાં કૌરવ અને પાંડવ એકસાથે કુરુક્ષેત્ર મચાવતા હોય છે. આવા આધ્યાત્મિક પર્વો માનવીની શુભ તરફની ગતિ ચીંધે છે. ભગવાન મહાવીરની એક કથાનું આજે સ્મરણ કરીએ.

એક ચિત્રકાર હતો. અનેરાં ચિત્રો દોરે. કળા એવી વરેલી કે જેનું ચિત્ર બનાવે, તે હૂબહૂ જ લાગે. એક દિવસ એને મન થયું કે - 'એક એવી વ્યક્તિનું ચિત્ર બનાવું કે જેની આંખમાં પરમાત્માની ઝલક હોય, ખુદાઈ નૂર હોય, ઈશ્વરના અણસાર સમાં સ્નેહ, મૈત્રી, કરુણા અને પવિત્રતા નીતરતાં હોય.'



ચિત્રકાર ઠેર-ઠેર ફરવા લાગ્યો. જેની આંખમાં ઈશ્વરનો અણસાર હોય, તેવા માનવીની શોધ કરવા લાગ્યો. ઘણા સાધુ-સંતો જોયા. મોટા-મોટા ધર્મવીર અને દાનવીર જોયાં. મહેલો અને ઝૂંપડીઓ ફેંદી વળ્યો. બધા ધર્મની વાત કરે, પણ આંખમાં ખુદાઈ નૂર ન મળે. ફરતાં-ફરતાં જંગલમાં ગયો. ખેતી કરતા ખેડૂતનો જોયો. મોજથી પ્રભુભક્તિ કરતો જાય અને હળ હંકારતો જાય. ચિત્રકારને એની આંખોમાં ખુદાઈ નૂર જોવા મળ્યું. ઈશ્વરીય ગુણોની ઝલક સાંપડી. ચિતારાએ આવી વ્યક્તિનું ચિત્ર બનાવ્યું અને ઠેર-ઠેર પ્રશંસા પામ્યું.

આ વાતને થોડા વર્ષ વીતી ગયાં. ચિત્રકારને એવો વિચાર આવ્યો કે 'ખુદાઈ નૂરનું ચિત્ર તો બનાવ્યું, હવે જેની આંખમાં શેતાન વસતો હોય એવી વ્યક્તિનું ચિત્ર બનાવવું.' એણે આવી વ્યક્તિની શોધ શરૂ કરી.

જેમ દરેક વ્યક્તિમાં પરમાત્માની ઝાંખી જોવા ન મળી, તેમ એને શયતાનિયતની આબાદ ઝલક પણ જોવા ન મળી. શેતાન પોતાની જાતને કુશળતાથી છુપાવે છે! ચોર-લૂંટારા જોયા. ખૂની-હત્યારા જોયા. આખરે એક ક્રૂર હત્યા કરનારો કેદી જોયો. ફાંસીના માંચડે ચડવાના એની દિવસો ગણાતા હતા. એનો ચહેરો ખૂબ વિકરાળ, અવાજ ભયાનક, આંખ જુઓ તો જાણે નીતરતી દાનવતા!

ચિતારો પીંછી લઈને ચિત્ર બનાવવા બેસી ગયો. આબાદ ચિત્ર બનાવ્યું. એની આંખાં શેતાન તો શું, પણ હત્યા અને હિંસાની વણછીપી તરસ પ્રગટતી હતી! કારમા હત્યાકાંડે જાણે માનવશરીર ધારણ કર્યું ન હોય! કુશળ ચિત્રકાર બંને ચિત્રો લઈને વિકરાળ કેદી પાસે ગયો. કેદીને એનું ચિત્ર બતાવ્યું. કેવું ભયાનક! કેટલું દારુણ! કેટલું બધું વિકરાળ! કેદી એકીટસે પોતાનું ચિત્ર જોઈ રહ્યો, પછી ચિત્રકારે એને ખુદાઈ નૂરવાળા ખેડૂતનું ચિત્ર બતાવ્યું. કેદી તો એ જોઈને ખડખડાટ હસવા લાગ્યો એનું હસવું માય નહિ! આશ્ચર્યચકિત થયેલા ચિત્રકારે પૂછ્યું: 'અરે! આટલું બધું હસે છે કેમ?'

કેદી કહે : 'શું હસું નહિ, ત્યારે શું રડું?'

ચિત્રકાર બોલ્યો : 'આ ચિત્ર તો ઈશ્વરની ઝાંખી કરાવતા ખેડૂતનું છે.' 'એ જોઈને જ હસવું આવે છે ને!' 'શા માટે?' ચિત્રકારે પૂછ્યું.

કેદી કહે : 'અરે! ભલા ભાઈ! પેલું વિકરાળ ચિત્ર મારું છે, તેમ આ ચિત્ર પણ મારું જ છે. હું જ એ ખેડૂત હતો!'

ચિત્રકાર સ્તબ્ધ બની ગયો. એને ખ્યાલ આવ્યો કે - 'એક જ માનવીના દિલમાં દેવ અને દાનવ બંને વસે છે. હૃદયના મેદાનમાં પ્રેમરૂપી પાંડવો અને ક્લેશરૂપી કૌરવ સાથે રહે છે. જે આંખમાં પરમાત્મા પ્રગટ થાય છે, તે આંખમાંથી શેતાન પણ પ્રગટ થઈ શકે છે.'

જૈન ધર્મ માનવીના મનની અંદર સતત ચાલતા આ મહાભારતને જીતવાનો સંદેશ આપે છે. જીતે તે જિન. જિનને પૂજે તે જૈન. જીતે એટલે વિષયોને નમાવે. અહમ્‌નો અંત આણે. ચંચળ મનને કાબૂમાં રાખે.

❖❖❖

# પારકાં-પોતાનાં

ગિરીશ ગણાત્રા



'એક સી.પી. ટૅન્ક...'

'બસ સી.પી. ટૅન્ક નહિ જાતી. ઠાકુરદ્વાર ઉતર જાના,' કહી કન્ડક્ટરે પેસેન્જરને પૂછ્યા વિના ઠાકુરદ્વારની ટિકિટ ફાડી એની સામે ઘૂરકિયું કર્યું.

'સી. પી. ટૅન્ક ક્યાં દૂર છે ? ઠાકુરદ્વારથી એટલું ચાલી નાખીશ' એવું મનમાં વિચારી એણે ઠાકુરદ્વાર ઊતરી જવાનું નક્કી કર્યું.

સી.પી. ટૅન્કની હૉસ્પિટલમાં દૂરનાં એક માસીને દાખલ કર્યાં હતાં એટલે પત્નીના કહેવાથી એ માસીની ખબર કાઢવા – વ્યવહાર જાળવવા, ઑફિસેથી સીધો બસમાં બેઠો હતો.

એ ઠાકુરદ્વાર ઊતરી ગયો ને ચાલતો ચાલતો. સી. પી. ટૅન્ક સર્કલ તરફ જવા નીકળ્યો. જીતેકરવાડી આવી અને એના દ્વાર પાસે ઘડીભર થંભી ગયો.

આહ ! કેવી મજાની આ શૈશવભૂમિ છે !

એનું મન ભૂતકાળમાં સરી પડ્યું.

શૈશવનાં સંભારણાં એ સુખની અમૃતપ્યાલી જેવા છે. એનું એક એક આચમન ખુશીના ઓડકાર લાવી દે છે.

જીતેકરવાડીના નાકે ઊભા ઊભા એણે સામેની ચાલીમાં નિરીક્ષણ કર્યું. બસ, એવી ને એવી એ ચાલીઓ હતી, નહિ કોઈ પરિવર્તન, નહિ કોઈ નવા રંગઢંગ. હા, એનું મોટું ચોગાન હવે કાર-સ્કૂટરોથી ઊભરાતું હતું, પણ જ્યારે એ એના બચપણના સાથીઓ સાથે અહીં ક્રિકેટ રમતો હતો ત્યારે એના કિશોર મનને આ મેદાન બ્રેબૉર્ન સ્ટેડિયમથી જરાય ઓછું ઊતરે એવું નહોતું.

કાંદાવાડીની બૉર્ડિંગમાં એ રહેતો ત્યારે એ અહીંની મ્યુનિસિપલ સ્કૂલમાં ભણવા આવતો. એના જ ક્લાસના, એની જ બેંચ પર બેસતા વિદ્યાર્થી અનુપમ તલાટી જોડે એને દોસ્તી થઈ ગઈ હતી. એ દોસ્તીનો રંગ પાક્કો હતો. બન્ને જણા સ્કૂલની રિસેસમાં સાથે ફરતા, શાળાની બહાર બેસતી મરાઠી બાઈ પાસેથી એક આનામાં પાંચ પેરુ લેતા. કોઈ વખત બોરની ઢગલીઓ લેતા તો કદીક આમલીના કાતરા લેતા. પછી ચાલુ ક્લાસે છાનામાના મીઠા સાથે બટકાવી ખટ-મધુરો સ્વાદ માણતા.

અનુપમ જીતેકરવાડીમાં જ રહેતો. ક્યારેક સ્કૂલે જતાં પહેલાં તો ક્યારેક રિસેસમાં, ક્યારેક સાંજે તો કોઈ રવિવારે, એ અનુપમને ઘેર અવશ્ય જતો. એની બા બહુ જ સરસ હતી. બન્ને ભાઈબંધોને એ નાસ્તો આપતી. શરબત બનાવી આપતી. અનુપમની મોટી ડબલ રૂમ ખૂબ જ ભપકદાર હતી. એના પિતા શૅરબજારમાંથી સારું કમાતા. જીતેકરવાડીના નાકે ઊભો ઊભો એ શૈશવમાં સરી પડ્યો.

કેટલાં બધાં વર્ષો થઈ ગયાં હતાં ! અઢી દાયકા પહેલાંના એ સ્મરણો પેરુ, બોર કે આમલી જેવાં જ ખટ-મધુરાં હતાં. સ્કૂલ છોડ્યા પછી, મુંબઈ છોડ્યા પછી ને ફરી અહીં આવી સ્થિર થયા પછી એ ક્યારેય આ બાજુ આવી શક્યો નહોતો – ઈચ્છા હોવા છતાંય. પરિણીત જીવનની આ જ તો ખૂબીઓ છે. કેટલીય ઈચ્છાઓ ધારવા છતાંય પાર પાડી શકાતી નથી.

હૉસ્પિટલના બિછાને પડેલાં માસીને વિસારી એ અનુપમના વિચારે ચડી ગયો. અનુપમ શું કરતો હશે ? એન્જિનિયર કે ડૉક્ટર થવાની એની ઈચ્છાઓ પાર પડી હશે ? એ બધું તો ઠીક, પણ એ હવે અહીં રહેતો હશે ખરો ?

અંતરમાં ઊભરાયેલી ઊર્મિઓએ પગને ચાલી તરફ વાળ્યા.

ચાલીના બીજા મજલે ચડી જ્યારે એ અનુપમવાળી રૂમ પાસે ઊભો રહ્યો ત્યારે સોફા પર શાક સમારતી બેઠેલી બાઈએ મરાઠીમાં પૂછ્યું :

'કોણ પાહિજે ?'

'મી.. મી... યેથે અનુપમ તલાટી મ્હણૂન...' એણે ભાંગીતૂટી મરાઠી ભાષામાં અનુપમ તલાટીના કુટુંબ વિશે પૂછ્યું.

તે સગળે વાલકેશ્વર ગેલેત. એમનીચ પાસેથી અમે આ ડબલ રૂમ લીધેલા છે. તમુને એ ત્યાં મલશે. આપણને તેના સરનામાં આપું. અરે શાંતિ, કુઠે ગેલી ? ટેબલાવર ઠેવલેલી તી ડાયરી દ્યા તર...'

અનુપમનું સરનામું લઈ એ નીચે ઊતરી ગયો.

સી. પી. ટૅન્ક આવી, હૉસ્પિટલના બિછાને પડેલાં વૃદ્ધ માસીની ખબર પૂછી એ નીચે ઊતરી ગયો. નીચે ઊતરીને એણે ટૅક્સી કરી.

'વાલકેશ્વર...' એણે ડ્રાઈવરને કહ્યું.

કોણ જાણે કેમ, આજે એના અંતરમાં અનુપમ આવીને બેસી ગયો હતો. બસ, આજે તો એને મળવું જ. મુંબઈની ધમાલમાં એ ક્યારેય એના બચપણના સાથીઓને મળી શક્યો નહોતો. આજે મોડા ભેગું મોડું. હવે અનુપમનું સરનામું હાથ લાગ્યું છે તો...

અનુપમના બિલ્ડિંગની ચોકસાઈ કરી એણે ટૅક્સી ત્યાં ઊભી રખાવી. મોટા

મહાલયના પોર્ચમાં રાખેલ નેમપ્લેટ્સવાળા બોર્ડ પર એણે નજર ફેરવી. ૩૦૭ નંબરની સામે મહાલક્ષ્મી હરિવદન તલાટી નામ વાંચી એ લિફ્ટ પાસે આવ્યો. બરાબર, લક્ષ્મીમાસીનો જ આ ફ્લૅટ.

એ વિચારવા લાગ્યો.

માસી મને ઓળખી શકશે ખરાં ? અનુપમ પણ કદાચ નહિ ઓળખી શકે. બધાંય ડઘાઈને મારી સામે જોતાં રહેશે ને પછી જ્યારે કોઈ નહિ ઓળખે ત્યારે હું બોલીશ : ધોબીતળાવનું ટમેટું, દરિયે ના'વા જાતું'તું... બીજું કોઈ નહિ ઓળખે તો લક્ષ્મીમાસી આટલું બોલતાં તો જરૂર ઓળખી જશે, કારણ કે એ મને ધોબીતળાવનું ટમેટું કહીને જ બોલાવતાં.

એણે ફ્લૅટની કૉલ-બેલનું બટન દબાવ્યું.

થોડી વાર પછી પચીસેક વર્ષની એક સ્ત્રીએ દરવાજો ખોલ્યો.

'કોનું કામ છે ?'

એ ચૂપ રહ્યો.

સમગ્ર ફ્લૅટમાં ચુપકીદી ફેલાયેલી હતી. અંદર કોઈના અવાજ સંભળાતા ન હતા.

બધું ભૂલી જઈને એણે કહ્યું :

'અનુપમ તલાટી અહીં રહે છે ?'

'ના.' પેલી સ્ત્રીએ કહ્યું. 'એ ગ્રાન્ટ રોજ રહે છે – ભાટિયા હૉસ્પિટલની પાસે.'

'તમે... તમે... એનાં મધર ?'

'હા. હું એની મધર છું. પણ તમે કોણ ?'

'માસી ! મને ન ઓળખ્યો ? હું અનુપમનો નાનપણનો મિત્ર. મારું નામ કેતન તમે મને ધોબીતળાવનું ટમેટું કહીને બોલાવતાં.'

'આવ, આવ ભાઈ, અંદર આવ.'

એ બેઠો.

માસી એને માટે શરબતનો ગ્લાસ લઈ આવ્યાં.

શબરત પીતાં પીતાં એણે પૂછ્યું :

'માસીજી... માસાજી કંઈ બહાર ગયા છે ?'

'બેટા,' લક્ષ્મીબહેને કહ્યું, 'તારા માસાજી તો દસેક વરસ પહેલાં જ...'

'સૉરી, માસી. મને તો કશી જ ખબર નથી. લગભગ વીસ-પચ્ચીસ વરસ પછી તમને મળું છું એટલે.'

ચુપચાપ એણે શરબતનો ગ્લાસ પૂરો કર્યો.

બંને પક્ષે મૌન હતું.

આખરે એણે કહ્યું :

'તો અનુપમ અહીં નથી રહેતો ?' એ જાણતો હતો કે અનુપમ એનાં માતાપિતાનું એકમાત્ર સંતાન હતું.

'ના.'

'પણ, કેમ ?' એનાથી પુછાઈ ગયું. આખરે, એટલું પૂછવાનો તો એનો હક હતો.

એ તું અનુપમને જ પૂછ. તારો તો એ બાળપણનો દોસ્ત છે ને ! એ તને તારા સવાલનો જવાબ આપશે.'

એણે વધુ કશી ચર્ચા ન કરી. માસીના ખબરઅંતર પૂછી એણે વિદાય લીધી.

ઘડિયાળમાં જોયું.

સાડા સાત વાગી ગયા હતા. ના, હજુ ઘેર પહોંચવાનું મોડું થાય એમ ન હોતું. આમેય, એ આજે ઑફિસેથી વહેલો જ નીકળી ગયો હતો.

ટૅક્સી કરી એ ગ્રાન્ટ રોડ આવ્યો.

ભાટિયા હૉસ્પિટલની બાજુની ગલીમાં એક નાનકડા ફ્લૅટમાં રહેતા અનુપમને ઘેર આવ્યો ત્યારે ફ્લૅટનો દરવાજો ખુલ્લો જ હતો.

'અનુપમભાઈ છે કે'

રસોડામાં રસોઈ કરતી સ્ત્રી બહાર આવી અને એની સામે જોઈ કહ્યું :

'છે. બેસો ને ! એ બાથરૂમમાં નહાય છે. તમારું નામ શું ?'

'બાથરૂમના દરવાજા પાસે જઈ ને જરા મોટેથી કહેજો કે ધોબીતળાવનું ટમેટું આવ્યું છે. નાહવાનું જરા જલદી પતાવે,' એણે હસીને કહ્યું.

પહેલી જ મુલાકાતમાં આવા પરિચયથી સ્ત્રી સહેજ હસી ને પછી અંદર ચાલી ગઈ.

થોડી જ વારમાં ટુવાલભર અનુપમ બહાર આવ્યો ને એનો હાથ પકડી ખુશખુશ થતાં બોલ્યો :

'હાય કેતનિયા... કેટલાં વર્ષે ? તારી ભાભીએ મને જ્યારે કહ્યું કે બહાર ધોબીતળાવનું ટમેટું તમારી રાહ જોતું બેઠું છે, ત્યારે પહેલાં તો હું ન સમજી શક્યો, પણ કોણ જાણે કેમ, સાલ્લા, તું જ યાદ આવી ગયો ને નીકળી પડ્યોય તું !'

બંને બચપણના દોસ્તો પછી વાતો પર જામી પડ્યા. અનુપમે એની પત્ની નલિની અને બહાર રમતાં બંને બાળકોને બોલાવી એની ઓળખાણ કરાવી. સામસામા ખબરઅંતર પુછાયા ને ચાનાસ્તા ચાલ્યા.

લાગલું જ એણે પૂછી લીધું :

'અનિયા, તું માસી જોડે કેમ નથી રહેતો ?'

આ પ્રશ્નથી, હળવું વાતાવરણ ગંભીર બની ગયું.

'હું ત્યાંથી જ તારું સરનામું લઈ અહીં આવ્યો છું. મારા આ પ્રશ્નનો જવાબ તારી પાસેથી મેળવવાનું માસીએ કહ્યું.'

અનુપમે નલિની સામે જોયું, નલિનીએ અનુપમ સામે.

થોડી વાર પછી અનુપમે કહ્યું :

'કેતન, બાનો સ્વભાવ બહુ વિચિત્ર છે. એમાંય, ફાધરના ગયા પછી તો સાવ બદલાઈ ગયો છે. મેં તને કહ્યું એમ, મારાં ને નલિનીનાં લવ-મૅરેજ છે. બાને એ ગમ્યું નથી. એટલે પછી નલિનીને પારકી જ ગણે

છે. અમારાં સંતોનો પણ બાને પારકાં લાગે છે, કારણ કે નલિની મહારાષ્ટ્રીયન છે. આ પરિસ્થિતિને કારણે ઘરનું વાતાવરણ ડહોળાઈ ગયું. બા દિવસે દિવસે જિદ્દી થતી ગઈ. અમે એને મન પારકાં લાગવા માંડ્યાં. એને ડર લાગવા માંડ્યો કે એની સુરક્ષિતતા ઝૂંટવાઈ જશે એટલે એણે છોકરાંઓ અને નલિની પર ધાક જમાવવા માંડ્યો. આખરે મારાથી સહન ન થયું એટલે આ નાનકડો ફ્લૅટ લઈ જુદો થઈ ગયો. બાને મન હજુ નલિની 'પારકી જણી' જ છે. છોકરાંઓ પણ 'પારકાં જણ્યાં' જ લાગ્યાં છે ને હું તો દિવસે દિવસે એને મન પારકો જ થઈ ગયો છું. જોકે, દર અઠવાડિયે હું બા પાસે જઈ આવું છું. નલિની ને છોકરાંઓ પણ ત્યાં જઈ આવે છે પણ... પણ... બાનું વર્તન...જવા દે એ બધું. બોલ, તારે ઘેર ક્યારે બોલાવે છે ?'

ખૂબ ખૂબ વાતો કરી કેતન ઊઠ્યો ત્યારે ઘડિયાળમાં સાડા નવ વાગી ગયા હતા. કોણ જાણે કેમ, પણ એને લક્ષ્મીમાસીની ઉત્તરાવસ્થાની દયા આવી. પોતે બોર્ડિંગમાં ભણતો હતો ને અનુપમને ત્યાં જતો ત્યારે વાત્સલ્યનો જે ઘૂઘવતો દરિયો એણે માસીમાં જોયો હતો એ એને હવે સુક્કો લાગતો હતો ? માસીને પોતાનાં જ પૌત્રપૌત્રી કેમ પારકાં લાગવા માંડ્યાં ? એ અન્ય જાતિની સ્ત્રીની કૂખે અવતરેલાં હતાં એટલે ? ના, એ કારણ હોઈ શકે નહિ. પોતે અનાથ હતો. અનુપમને જેમ અને જેટલું જ વહાલ એને પણ કરતાં. તો પછી ? કદાચ માણસ પારકાં નહિ હોય, મન જ પારકું થઈ ગયું હશે.

એણે હવે માસી અને અનુપમની ઘરની મુલાકાતો લેવા માંડી. એ પોતાની પત્ની અને બાળકોને લઈ માસીને ત્યાં જતો. અનુપમને ત્યાં જતો. જૂની દોસ્તીને ફરી પાક્કો રંગ લાગવા લાગ્યો ને–

એક દિવસે એ માસીને જ પોતાના ઘેર રહેવા લઈ ગયો.

અઠવાડિયા પછી એ માસીને એને ઘેર વાલકેશ્વર મૂકવા જતો હતો ત્યારે રસ્તામાં એણે માસીને કહ્યું :

'માસી, હું તો તમારો કંઈ નથી, છતાંય તમે મારી પત્ની ને બાળકોને ભરપૂર વહાલ આપ્યું. એ જોઈને મને હવે પ્રશ્ન પૂછવાનું મન થઈ જાય છે કે અમે ખરેખર પારકાં છીએ કે અનુપમ ને એનાં સંતાનો ? તમારી ઈચ્છા મુજબ એણે લગ્ન ન કર્યાં ને લવમૅરેજ કરી બેઠો એટલે એ અહમ્‌ને લાગેલા ઘામાંથી એ પારકાંપરાયાંનો ભેદ તો નહિ જન્મ્યો હોય ને ? બાકી, તમે છો તો એવાં ને એવાં મમતાભર્યાં. એ મમતાની સરિતાને તમે જાતે જ કેમ સૂકવી નાખી ? જે સરિતા મારે ત્યાં વહેવડાવી ગયાં – એક અનાથના સંસારને ભીંજાવી ગયાં એનાથી અનુપમ કેમ વંચિત ? તમે જાતે જ વિચારજો. આવતા અઠવાડિયે મારા બાબાનો બર્થ-ડે છે એટલે તમને લેવા આવીશ. મારે મા નથી, એટલે મારાં મા તરીકે જ, બાબાની દાદીમા લેખે તમારે એને કેક કપાવી આપવાની છે. તે વખતે હું જવાબ માગીશ. તમે આપશો ને ?'

તે વખતે તો લક્ષ્મીબહેન કશું ન બોલ્યાં, પણ એ બાબાના બર્થ-ડેના આગલા દિવસે જ્યારે એને યાદ અપાવવા ગયો ત્યારે ઊઠતી વખતે લક્ષ્મીબહેને કહ્યું :


'ટમેટા, તારા દોસ્તને કહેજે કે સવારથી જ ગ્રાન્ટ રોડનું ઘર બંધ કરીને અહીં આવતો રહે. સાંજે અહીંથી જ અમે સૌ તારે ઘેર ટૅક્સીમાં આવીસું.'

કેતને ઘર જવાનો બદલે સીધો ગ્રાન્ટ રોડનો જ રસ્તો પકડ્યો.

❖❖❖

## સંપત્તિ, સફળતા અને સ્નેહ

**જગદીશ જોશી**



ઘરની બહાર ત્રણ વૃદ્ધોને બેઠેલા જોઈ ગૃહિણીએ તેમને ઘરની અંદર આવવા માટે આમંત્રણ આપ્યું. ત્રણમાંના એકે આંગળી ચીંધીને ઓળખાણ આપી : 'આ છે સંપત્તિ...' બાજુમાં આંગળી ચીંધીને કહ્યુ : 'આ છે સફળતા...' અને પોતાની ઓળખાણ આપતાં કહ્યું : 'હું છું સ્નેહ...' અમે ત્રણે સાથે ભાગ્યે જ જઈએ છીએ. તમે વિચાર કરીને કોઈ એકને આમંત્રણ આપો. ગૃહિણીએ ઘરણાં જઈને પતિને વાત કરી. પતિ તો રાજી રાજી થઈ ગયો. એણે સંપત્તિને આમંત્રણ આપવાનું સૂચન કર્યું, પણ પત્નીની ઈચ્છા હતી સફળતાને બોલાવવાની. બન્ને વચ્ચે ચર્ચા ચાલતી હતી ત્યાં નાની પુત્રી આવી. પતિ-પત્નીએ વિચાર્યું કે ચાલો, પુત્રીની ઈચ્છા પૂછી તો જોઈએ. પુત્રીએ સૂચન કર્યું કે સ્નેહને પધારવાનું આમંત્રણ આપો. ગૃહિણીએ તેની વાત માનીને બહાર આવીને સ્નેહને આમંત્રણ આપ્યું. તો સ્નેહની સાથે સાથે સંપત્તિ અને સફળતા પણ ચાલવા લાગ્યા. સંપત્તિ અને સફળતાએ ગૃહિણીને સમજાવ્યું કે જો તમે અમારા બેમાંથી એકને બોલાવ્યા હોત તો બાકીના બે બહાર જ રહેત. પણ જ્યાં સ્નેહ હોય ત્યાં સંપત્તિ અને સફળતા તો હોય જ. ❖❖❖

# કડવું સત્ય

બેજવાબદાર અને દેવાદાર ભારતીય યુવાનો તાજેતરમાં આરબીઆઇ ની આવેલી એક રીપોર્ટ હચમચાવી નાખી તેવી છે.

આંકડા રજૂ કરું એ પહેલાં થોડીક પ્રસ્તાવના.

પહેલાના જમાનામાં એક કમાનાર અને ૧૦ ખાનાર હતા છતાંય કોઈ દિવસ દેવું કરવાની જરૂર નહોતી પડતી કેમ કે ખર્ચ ફક્ત જરૂરતની વસ્તુ પર થતો, શોખ મર્યાદિત હતા, પોતાના મન પર કાબૂ હતો, કુરબાની ની ભાવના હતી, બીજાના મહેલ જોઈને પોતાના ઝૂપડા ના બળાય એ સમજ હતી.

હવે અત્યારે માબાપની જવાબદારી માટે પૈસા નથી પણ સગાઈ પછી બાબુ સોના માટે હેસિયત બહાર જઈને મોંઘા ફોન, સ્માર્ટવોચ, મોંઘા રેસ્ટોરેન્ટ માં નાસ્તા પાણી, મોંઘી પિકચર ની ટીકીટ વિગેરે માટે પૈસા ખર્ચ કરી દેખાડો કરવો મોટાભાગના ને ગમે છે પણ એક વસ્તુ નડે છે. કમાણી એટલી હોતી નથી કે અવારનવાર આવા ખર્ચા થાય.

આજ હાલત પરણેલાની છે. ફોરેન ફરવા જવું, દર અઠવાડિયે પંદર દિવસે રિસોર્ટ માં જવું, અઠવાડિયા માં ૨-૩ વાર બહાર જમવા જવું, સ્વીગી અને ઝોમાટો માંથી અગણિત વાર નાસ્તા પાણી મંગાવવા, બીજા કંઈ કરે કે ખરીદે એટલે પોતે પણ એ કરવાની જીદ હોવી. પણ આ બધા ની સામે પણ એ જ પ્રોબ્લેમ. કમાણી ઓછી અને ઇચ્છાઓ મોંઘી.

આ દેખાડો, બિનજરૂરી ચીજો અને મોંઘા શોખ ને પહોંચી વળવા યુવાનો તરત જ ક્રેડિટ કાર્ડ માટે અરજી કરે છે અને બિન્દાસ ખર્ચ કરે છે. બેંકો પણ હોશિયાર છે. આજીવન કોઈપણ ફી વગર નાં કાર્ડ મોટી લિમિટ સાથે આપી દે છે. એટલે પછી મોટાં ખર્ચા અને ભરવાનો ટાઈમ આવે ત્યારે હપ્તા માં રૂપાંતર કરી પ્રતિદિન ૨.૫ ટકા સુધીનું વ્યાજ ભરે છે.

હવે આવીએ કાયદેસરના આંકડા પર. આરબીઆઈ નાં રિપોર્ટ અનુસાર હાલ ભારતીયોને માથે ૧ લાખ ૮૬ હજાર ૭૮૩ કરોડ એટલે ૧,૮૬,૭૮૩,૦૦૦,૦૦૦૦ રૂપિયાનું ક્રેડિટ કાર્ડ નું દેવું છે.

જે બેંકને પાછા આપવાના બાકી છે. આમાં કોઈ ધંધાની લોન નથી. આ રોજિંદા ખર્ચા અને મોજશોખ છે જે ક્રેડિટ કાર્ડ મારફતે કરવામાં આવે છે. મહત્તમ ખર્ચની પ્રથમ બે કેટેગરી છે ટ્રાવેલ અને ઓનલાઈન શોપિંગ. હદ વગરનું રખડવું અને બિનજરૂરી વસ્તુ નું શોપિંગ.

હવે ખાલી એટલું વિચારો કે જેમ જેમ દિવસ આગળ વધે છે એમ એમ યુવાનો તો વંઠેલ થઈ રહ્યાં છે તો પછી આ દેવા ની રકમ ક્યાં જઈને અટકશે.

આ મારી પોસ્ટ આંખ ઉઘાડવા માટે છે. હું કોઈની જિંદગી જીવવાની રીત ને સારી કે ખરાબ નથી કેહવા માંગતો પણ કોઈપણ પ્રકારનું દેવું એ તમારા આખા પરિવાર માટે ઘાતક સાબિત થઈ શકે છે.

જો અત્યારના યુવાનો પોતાના મન પર થોડો કાબૂ, ભવિષ્યનો થોડો વિચાર, અને એમના જીવનસાથી થોડા સમજું બનીને રહે તો ભવિષ્ય નર્ક બનતા બચાવી શકાય છે.

ઘણા તો એવા જોયા છે કે જિંદગી માં સાપુતારા થી આગળ ગયા ન હોય અને લગ્ન પછી યુરોપ ફરવાનું પ્લાનિંગ કરતા હોય છે અને પછી બચેલા પૈસામાં ઉતરતા વિસ્તાર માં ઓછા ભાડા વાળા ઘર શોધી પોતાની અને પોતાના પરિવાર ની સેફ્ટી જોખમમાં મૂકે છે. બાળકો માટે સારી સ્કૂલ ની ફી ભરવાની હેસિયત રહેતી નથી. મા બાપ ને તો ગણતા જ નથી એટલે એની ચર્ચા કરવી વ્યર્થ જ છે.

આ વાંચીને કૉમેન્ટ સેકશન માં એક ખૂબ કોમન સવાલ આવવાની શક્યતા છે !

અમુક મહિલાઓ આવીને લખશે કે લગ્ન એન્જોય કરવા માટે અને સપના પુરા કરવા માટે છે તો પછી પતિને એના માટે જે રીતે પૈસા ભેગા કરવા પડે એમાં અમારે શું જોવાનું ?

આ મહિલાઓને એક જ જવાબ છે - લગ્ન એન્જોય કરવા કે સપના પૂરા કરવા માટે નથી. જો તમારા સપના મોટા છે તો સગાઈ પહેલા છોકરાને કહી દો અને જો એજ છોકરા સાથે લગ્ન થઈ જાય તો એની સાથે ખભેથી ખભો મેળવી મહેનત કરો અને સપના પૂરા કરો.

ભારત માં લગ્ન નો મતલબ ગોદ લેવું નથી કે જેમાં એક પાર્ટી બીજી પાર્ટીના બધા જ શોખ પૂરા કરે.

પણ બીજી બાજુ ઘણી સમજદાર અને સમર્પિત મહિલાઓ કૉમેન્ટ કરે છે કે અમે અમારા પતિ સાથે ખૂબ મહેનત કરીને આગળ આવ્યા છીએ અને આ વાત પર એમને ખૂબ ગર્વ પણ હોય છે. આવા મહેનત કરીને પ્રમાણિક પણે આગળ આવતા યુગલોને તો મારા બે હાથે સલામ છે.

એક સલાહ:

મોજશોખ નું અસ્તિત્વ જવાબદારીને પૂરા કર્યા પછી જ જન્મ લેવું જોઈએ નહિતર તમારા પોતાના ભવિષ્ય નું અસ્તિત્વ જોખમ માં મુકાઈ જશે !

❖❖❖

# સ્મૃતિ અને વિસ્મૃતિ વચ્ચે ફંગોળાઇ રહેલો માણસ

મહેન્દ્ર પુનાતર

માણસને સાચી સમજણ, સાચો અનુભવ અને સાચું જ્ઞાન પોતાના જીવનમાંથી મળે છે. જીવન એ માણસની મોટી પ્રયોગશાળા છે. જીવનમાં સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતા, જય-પરાજય આ બધા બનાવો કાંઇક ને કાંઇક બોધપાઠ છોડી જતા હોય છે. કેટલાક માણસો પોતાના અનુભવોમાંથી શીખતા હોય છે તો કેટલાકને તેમાંથી બોધ મળતો નથી. જે માણસ હરપળે અને હરક્ષણે જાગૃત રહે છે, પોતાની ભૂલ સમજે છે અને એ ભૂલોને સુધારતો રહે છે તે પોતાના જીવનને ઉન્નત બનાવી શકે છે. દરેક માણસે પોતાના અનુભવમાંથી તો શીખવાનું જ હોય છે પરંતુ બીજાના અનુભવમાંથી પણ ધડો લેવાનો હોય છે. આપણું જીવન એટલું લાંબુ નથી કે બધા અનુભવો આપણે પોતે જ કરી શકીએ. અનુભવની સાથે જ્ઞાન જરૂરી છે. જ્ઞાન આપણને યોગ્ય રસ્તે દોરી જાય છે.

જીવનમાં સુખી બનવાના ઉપાયો બહુ સહેલાં છે પરંતુ તેનો અમલ બહુ દુષ્કર છે. મન બહુ ચંચળ છે, માણસને તે જંપવા દેતું નથી. મન જે નથી કરવાનું તે કરતું હોય છે. મન વિપરીતમાં રસ લેતું હોય છે તેને દબાવવાનું મુશ્કેલ છે. તેને જેટલા જોરથી દબાવો તેટલા જોરથી તે પાછું ઉછળે છે. નહીં કરવાની બાબતમાં તે વધુ રસપૂર્ણ બને છે. જે વસ્તુ આપણે ભૂલવા માગતા હોઇએ તેને તે વારંવાર યાદ કરે છે અને જે વસ્તુને આપણે યાદ કરવા માગતા હોઇએ છીએ તેને ભૂલી જાય છે. સતત યાદ રાખવાનું અને સતત ભૂલી જવાનું બહુ કઠિન છે. સ્મૃતિ અને વિસ્મૃતિની વચ્ચે માણસ ફંગોળાયા કરે છે. સ્મૃતિ તેનો કેડો છોડતી નથી અને વિસ્મૃતિ તેને સતાવ્યા કરે છે. માણસની આ મોટી નબળાઈ છે જે ભૂલી જવાનું છે તે યાદ કરે છે અને યાદ કરવાનું છે તે ભૂલી જાય છે.

કોઇએ આપણે માટે કાંઇક કર્યું હોય તે જલ્દીથી ભૂલાઈ જવાય છે. આપણે કોઇક માટે કશું સહેજ અમથું કર્યું હોય તે ભૂલાતું



નથી. વર્ષો પહેલાં કોઇએ કટુ વચનો કહ્યા હોય તેની કડવી યાદો જિંદગી ભર ભૂલાતી નથી. રાગ, દ્વેષ, અહંકાર કે મનમાંથી નીકળી જવા જોઇએ તે ઊંડા ને ઊંડા ઉતરતા જાય છે. મનને કાબૂમાં રાખવાનું મુશ્કેલ છે. આ અંગે ઓશોની એક બોધ કથા પ્રેરક છે.

તિબેટમાં એક ફકીર રહેતો હતો. તેની પાસે એક માણસ આવ્યો. તે માણસે ફકીરને કહ્યું, મને એક મંત્ર આપો મારે એક વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરવી છે.

ફકીરે કહ્યું, મારી પાસે કોઈ મંત્ર નથી પરંતુ પેલો માણસ ફકીરને બરાબર જાણતો હતો અને તેના વિશે ઘણું સાંભળ્યું હતું. તેણે મંત્ર મેળવવા ખૂબ કાલાવાલા કર્યા.

આખરે ફકીરે કંટાળીને કાગળ પર એક મંત્ર લખી આપ્યો અને કહ્યું આ મંત્ર દરરોજ પાંચ વાર યાદ કરવો. પેલો માણસ તો ખુશખુશાલ થઈ ગયો. ઝડપથી ત્યાંથી ભાગવા લાગ્યો. મંત્ર હાથ આવી ગયો હવે કોઈ ચિંતા નહોતી. દાદર ઉતરતો હતો ત્યાં ફકીરે બૂમ પાડીને કહ્યું, ઊભો રહે, હું તને એક વાત કહેવાનું ભૂલી ગયો. આ મંત્રની એક શરત છે. તું જ્યારે આ મંત્ર ભણે ત્યારે ભૂલેચૂકે વાંદરાને ક્યારેય યાદ નહીં કરતો. નહીંતર તારો મંત્ર નિષ્ફળ જશે. વાંદરો આ મંત્રનો દુશ્મન છે.

તે માણસે કહ્યું બેફિકર રહો. મને જિંદગીમાં વાંદરાનું કદી સ્મરણ થયું નથી અને વાંદરાને તો કદી યાદ પણ કરીશ નહીં.

પરંતુ તે જેવો રવાના થયો ત્યારે તેને માટે દાદર ઊતરવાનું પણ ભારે થઈ પડ્યું. વાંદરાની યાદ શરૂ થઈ ગઇ. ઘરની તરફ ચાલવા લાગ્યો ત્યારે ચારે બાજુ વાંદરાઓ દેખાવા લાગ્યા. વાંદરાઓ મનમાં ફરવા લાગ્યા. આંખો બંધ કરીને વાંદરાઓને મનમાંથી દૂર હઠાવવાનો પ્રયાસ કરવા લાગ્યો.

ઘેર પહોંચ્યા, સ્નાન કરવાની શરૂઆત કરી પરંતુ વાંદરાઓ તેને ઘેરી વળ્યા. મંત્ર લઇને બેસે છે પરંતુ અંદર તો વાંદરાઓ છે. તે ગભરાઈ ગયો. વિચાર્યું કે મને ક્યારેય

વાંદરાઓ સ્વપ્નમાં ય આવ્યા નથી. આજે આ શું થઈ ગયું. વાંદરાઓ મારો કેડો છોડતા નથી.

આખી રાત તેને માટે પસાર કરવી મુશ્કેલ થઈ પડી. પાંચ મિનિટ માટે પણ વાંદરાઓથી તેને મુક્તિ મળી શકી નહીં. સવારે તો તે લગભગ પાગલ જેવો થઈ ગયો. જઇને તેણે ફકીરને મંત્ર પાછો આપી દીધો.

ફકીરને આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું કેમ શું થયું ? તેણે કહ્યું વાંદરાઓ મારો જીવ લઈ રહ્યા છે તેનાથી છુટકારો આ જન્મમાં તો મળવો મુશ્કેલ છે અને આપને ખબર હતી કે વાંદરાઓ આ મંત્રના દુશ્મન છે તો આપ એક દિવસ રોકાઈ જતે, પાછળથી એ વાત મને કરતે તો મારું કામ થઈ જાત.

ફકીરે કહ્યું હું શું કરું, મંત્ર માટે આ શરત તો પૂરી કરવી જ રહી.

આ કથાનો સાર એ છે કે આપણે જે બાબતને ભૂલી જવા માગીએ છીએ તે આપણો કેડો છોડતી નથી. યાદ કરતા ભૂલવું અતિ દુષ્કર છે. જે વિચારની સામે આપણે લડીએ છીએ તે વિચારમાં જ આપણું મન કેન્દ્રિત થઇ જાય છે. જે વિચારથી આપણે દૂર જવા માગીએ છીએ તે વિચાર જ ચિત્તને ઘેરી વળે છે.

જીવન સામે છે પરંતુ કેટલા લોકો તેને જાણી શકે છે અને માણી શકે છે ? આંખો છે પણ દેખાતું નથી, કાન છે પણ સંભળાતું નથી, બુદ્ધિ છે પણ સમજાતું નથી. જીવન તો અનુભવોની પાઠશાળા છે. જીવનના રહસ્યો એમ જલ્દીથી ઉકેલી શકાય નહીં. મનમાં ઉઠતા પ્રશ્નોનો જાતે તાગ મેળવતા રહેવું જોઇએ. જીવનના સંવેદનો ઝાકળના મોતી જેવા હોય છે તેને ઝીલતા આવડવું જોઈએ.

માણસને શાંતિ જોઈએ છે પરંતુ મનની અંદર ઉપદ્રવો છે. બહાર ફાંફા મારવાથી કશું ઉપજે નહીં. ભીતરમાં જે કચરો પડેલો છે તે બહાર નીકળે ત્યાં સુધી કશું વળે નહીં. પ્રભુ સમીપે જવા માટે મનને ચોખ્ખું કરવું જોઈએ. પરમાત્માને પામવા માટે પાત્રતા કેળવવી જોઈએ. પાત્ર ભરેલું હોય તો તેમાં કશું નાખી ન શકાય અને પાત્ર ફૂટેલું હોય તો તેમાં કશું ટકી શકે નહીં. આપણું પાત્ર કાં તો રાગ-દ્વેષ, માન-અભિમાન અને અહંકારથી ભરેલું છે અને કાં તો ફૂટેલું છે. જ્ઞાન અને સમજણનું રેણ ન લાગે ત્યાં સુધી તેમાં કશું ટકી શકવાનું નથી. નાનામોટા કર્મોના છિદ્રો શુભ તત્ત્વોને ટકવા દેતા નથી.

અનુભવોમાંથી માણસ ઘડાય છે. જીવનના કેટલાક પરમ સત્યોની પહેચાન થાય છે. બધી બાબતોમાં આપણે સાચા છીએ એમ માનવું ભૂલભરેલું છે. દરેક માણસ કંઇક ને કંઇક પૂર્વગ્રહથી પિડાતો હોય છે. સત્ય આ પૂર્વગ્રહની આડું આવે છે. આપણે આપણી માન્યતા અને ખ્યાલમાં રાચતા હોઇએ ત્યારે સત્યને સમજવાનું અને ઓળખવાનું કઠિન બની જાય છે. દરેક માણસને પોતાનો મત હોય છે આ મત સાચો જ છે એવો આગ્રહ રાખવાથી સત્યનું દ્વાર બંધ થઇ જાય છે. ખુલ્લું મન હોય તો બીજાની સાચી વાત સમજાય છે અને જ્ઞાનનો પ્રકાશ લાધે છે.

જીવનમાં રસ અને ઉત્સાહ હોવો જરૂરી છે. ઉત્સાહ ન હોય તો કાર્ય બોજરૂપ બની જાય, પરંતુ એકલા ઉત્સાહથી કે ધમાધમથી કાર્યો સફળ થતા નથી. ઉત્સાહની સાથે સાચી સમજણ અને જ્ઞાન હોવું જોઇએ. સમજણ અને જ્ઞાન ન હોય તો અંધારામાં ફાંફા મારવા જેવું થાય છે.

જીવન વહેવારમાં બીજાઓ સાથેના સંબંધમાં અને મનની શાંતિ માટે ભલાઈ જેવું બીજું કાંઈ અસરકારક સાધન નથી. એટલે નિર્વ્યાજ રીતે ભલાઈ કરતા રહેવું જોઇએ. બીજાને ઉપયોગી થવામાં પોતાના ફાયદાનો કદી વિચાર કરી શકાય નહીં. કોઇપણ જાતના લાભ અને અપેક્ષા વગર પરહિત કાજે જે કામ કરી શકાય તે ભલાઇના કાર્યો છે. જેમાં મેળવવાનું હોતું નથી ઘસાવાનું હોય છે. આવા ભલાઈના કાર્યોમાં જે મનનો આનંદ મળે છે જે સંતોષ થાય છે તે બીજા કોઇ સુખમાંથી મળતો નથી. તેની ખુશી અપાર હોય છે.

કોઈપણ કામ જે પ્રેમ અને સ્નેહથી થાય છે તે ધન, દૌલત, સત્તા કે અધિકારથી થતું નથી. સત્તા અને હકૂમતનો દોરદમામ લાંબા સમય સુધી ચાલતો નથી. તેની એક મર્યાદા હોય છે જ્યારે પ્રેમ, વિવેક, ક્ષમા અને અનુકંપાથી થયેલા કાર્યોને કોઇ સીમા હોતી નથી. તેનું સુખ શાશ્વત હોય છે. ભય, ડર, સત્તા અને જો હુકમી હોય ત્યાં દાસત્વ મળે પરંતુ પ્રેમ પામી શકાય નહીં.

જીવનમાં શીખવાની પ્રક્રિયા કદી પૂરી થતી નથી. પળે પળે માણસને નવો અનુભવ થાય છે. જીવનમાંથી શું શીખવું એ મહત્ત્વનું છે અને તેને માટે આપણા પ્રયાસો હોવા જોઈએ. જીવનને એટલું સભર બનાવવું જોઈએ કે આપણી આસપાસના માણસો આપણને સારો માણસ સમજે. સારા બનવા માટે સારા માણસોનો સંગ હોવો જરૂરી છે. એવા માણસો સાથે મિત્રતા કેળવવી જોઈએ કે જે બધી રીતે આપણા કરતા ઊંચા અને ચડિયાતા હોય. જેની પાસે આપણા કરતા કાંઇક વિશેષ હોય તેની પાસેથી જ કાંઇક શીખી શકાય છે. આપણે આપણી જાતને જ ઊંચા માની લઈએ અને ગર્વ કરીએ તો કૂવામાંના દેડકાં જેવી આપણી હાલત થાય. કદાચ અહંમ સંતોષાય પરંતુ કશો બોધ પ્રાપ્ત થાય નહીં.

જીવનમાં આપણે જે કાંઇ કરીએ તેમાં

ચડ-ઉતર આવવાની છે. સફળતા અને નિષ્ફળતા બંનેનો અનુભવ થવાનો છે. અંતરાયો અને અવરોધો ઊભા થવાના છે પરંતુ એ બધાની વચ્ચે શ્રદ્ધા અને આત્મવિશ્વાસપૂર્વક જેને ઊભા રહેતા આવડે છે તેને કશો વાંધો આવતો નથી. અહંકારને ઓગાળતા રહીએ અને આત્મશક્તિને વધારતા જઈએ. પ્રેમ અને શ્રદ્ધા આપોઆપ પ્રગટવાની છે. જય અને પરાજયથી જીવન સમતોલ બને છે. વિજયનો ભાર નહીં અને પરાજયનો ભય નહીં. ગમે તેટલી મુશ્કેલી આવે પણ મનની મધુરતા અને પ્રસન્નતા ખોવી નહીં, સમભાવ કેળવવો. નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ સોપાન છે. આકરા સંઘર્ષો વેઠ્યા પછી જે સફળતા મળે છે તેનું સુખ અતિ ઉત્તમ હોય છે. કડવાશને જીવનમાં સંઘરી રાખવી નહીં. પોતાને જે સાચું લાગે તે કહેતાં ડરવું નહીં પરંતુ વિવેક રાખવો, હિંમત કદી હારવી નહીં. એકલા પડી જઈશું, ફેંકાઈ જઈશું એવો ડર રાખવો નહીં અને અન્યથી વધારે સારા બનવા માટે વલખા મારવા નહીં.

આજની પરિસ્થિતિમાં માણસ બીજા કરતા ઊંચો, બીજા કરતા સવાયો બનવા પ્રયાસો કરતો હોય છે પરંતુ આ સ્પર્ધાનો કોઈ અંત નથી. છેવટે બધુ નિરર્થક છે. બધું મેળવવા છતાં ખાલિપો રહે છે. સરખામણીમાં દંભ કરવો પડે છે. દંભ અને દિખાવટ દ્વારા માણસ મોહક બની શકે છે. દંભ અને દિખાવટ દ્વારા માણસ મોહક બની શકે છે. બીજાને ઘડીભર આકર્ષી શકે છે પરંતુ તેમાં મહેક હોતી નથી. રાજકારણ, સમાજસેવા, શિક્ષણ અને ધર્મના ક્ષેત્રમાં આવા બનાવટી પુષ્પો જોવા મળે છે જે દેખાય છે સુંદર પરંતુ તેમાં ખૂશ્બુ હોતી નથી. આવા ફુલો દિવાનખાનામાં શોભે પરંતુ બગીચામાં નહીં.

તપ, ત્યાગ અને ગુણોમાં માણસે પૂરતું સભાન રહેવું પડે છે, ગુણો આવે, સત્કૃત્યો થાય ત્યારે માણસે વધુ નમ્ર બનવું જોઈએ. તેમાં કોઈ પણ જાતનો ગર્વ કે અભિમાન હોવું જોઈએ નહીં. સ્વામી સચ્ચિદાનંદે જેમ કહ્યું છે તેમ ત્યાગની પણ ખુમારી હોય છે. આવી ખુમારી ધીરે ધીરે અહંમભાવમાં બદલાઈ જતી હોય છે. કોઈપણ ગુણ ઝટ દઈને દોષમાં રૂપાંતર થતા વાર લાગતી નથી. ઈશ્વર કૃપા હોય તો સભાનતા રહે નહીં તો ગુણો પણ વ્યક્તિને બેભાન બનાવી મૂકે.

જીવનમાં આપણું ભલું બૂરું આપણે પોતે જ કરીએ છીએ. આપણા પોતાના સિવાય આપણને બીજું કોઈ નુકશાન કરી શકતું નથી. જે હેરાનગતિ આપણે વેઠીએ છીએ તેના કારણો આપણે સાથે લઈને ફરીએ છીએ તે આપણા પોતાના દોષોનું પરિણામ છે. આપણને બંધનમાં રાખનાર અથવા મોક્ષ આપનાર આપણું જ મન છે. દુનિયાને આપણે રાજમહેલ જેવી કે કેદખાના જેવી, જેવી ધારીએ તેવી આપણે કરી શકીએ છીએ. મન આપણું મિત્ર છે અને મન આપણું શત્રુ છે. આ બધા મનના ખેલ છે.

❖❖❖

## મનની ખીંટી

**અ**મારાં ઘરમાં રિપેરકામ માટે એક સુથારને બોલાવેલો. એના કામના પહેલા દિવસની વાત છે : કામ પર આવતાં રસ્તામાં ટાયર પંક્ચર થયું એમાં એનો એક કલાક બગડ્યો. કામ શરૂ કર્યા પછી અધવચ્ચે એની ઈલેક્ટ્રિક કરવત બગડી ગઈ. દિવસ પૂરો થયા પછી ઘરે પાછા જતી વખતે એની નાની ટ્રક ચાલી નહીં.

હું એને મારી ગાડીમાં એના ઘરે મૂકવા ગયો. રસ્તામાં એ એક પણ શબ્દ બોલ્યો નહીં. અમે એના ઘરે પહોંચ્યા ત્યારે એણે કહ્યું : ''ઘરમાં થોડી વાર આવો ને ! મારા પત્ની અને બાળકોને તમને મળીને આનંદ થશે.''

ઘરમાં દાખલ થતાં પહેલાં નાના ઝાડ પાસે એ રોકાયો. બન્ને હાથ એણે ઝાડ પર મૂક્યા. બારણામાં દાખલ થતી વખતે મેં એનામાં અજબનો ફેરફાર થતો જોયો. એના થાકેલા ચહેરા પર સ્મિત ફરી વળ્યું. એનાં બે બાળકોને વહાલથી ભેટ્યો અને પત્નીને ચૂમી આપી.

મને એ કાર સુધી મૂકવા આવ્યો. અમે પેલા ઝાડ પાસેથી પસાર થયા ત્યારે મારું કુતૂહલ હું રોકી શક્યો નહીં. મેં એને પૂછ્યું : ''ઘરમાં દાખલ થતાં પહેલાં તમે ઝાડને શા માટે અડ્યા ?''

'અરે હા ! આ ઝાડ તો મારા મનની ખીંટી છે. હું કામે જાઉં ત્યાં કોઈ ને કોઈ તકલીફ તો આવવાની, પમ એક વાત નક્કી કે ઘરે મારાં પત્ની અને બાળકોને એની સાથે શું લેવાદેવા ? એટલે, જ્યારે સાંજે કામ પરથી ઘરે પાછો આવું ત્યારે તકલીફો આ ઝાડ પર લટકાવી દઈ ઘરમાં દાખલ થાઉં છું.'

'સવારે કામ પર જતાં આ ઝાડ પરથી તકલીફો પાછી લઈ લઉં છું પણ નવાઈની વાત ઓ એ છે કે રાતે મૂકેલી તકલીફોમાંથી ઘણીખરી સવારે ત્યાં હોતી નથી.'

('આપણા હાથની વાત' માંથી સાભાર)

# પ્રેમના નામે મરવું કે જીવવું ?

ભૂપત વડોદરિયા

તાજેતરમાં એક યુવાનને મળવાનું થયું. કોઈ કન્યાના પિતાની નજર એના ઉપર ઠરી હતી એટલે એને પૂછ્યું તો એણે કહ્યું કે લગ્નનો વિચાર જ નથી. મન મરી ગયું છે. જરાક ઊંડા ઊતરતાં ખબર પડી કે તેને પ્રથમ પ્રેમમાં નિષ્ફળતા મળી એટલે એણે પ્રેમ અને લગ્નના નામ પર ચોકડી મારી દીધી હતી. પણ પ્રેમમાં નિષ્ફળતા એટલે શું ? સાચો પ્રેમ કદી નિષ્ફળ હોઈ શકે નહીં. એવું જરૂર બને કે તમે પ્રેમના શુદ્ધ સુવર્ણમાંથી કોઈક સાંસારિક સુખનો લગ્નનો દાગીનો બનાવી ન શક્યા હો. દાગીનો બનાવી ન શક્યા તેથી શું જેને શુદ્ધ સુવર્ણ માન્યું હતું તે રાતોરાત કથીર થઈ ગયું ? પ્રેમમાં નિષ્ફળતા ત્યારે જ મળી કહેવાય જ્યારે તમે ચાહવાનું બંધ કરો. કોઈ કોઈ વ્યક્તિ એવું કહે છે કે મેં અમુક વ્યક્તિને ચાહી હતી તે વ્યક્તિ બીજે પરણી ગઈ અગર તેની ગાડી બીજા પાટે ચડી ગી કે તે વ્યક્તિ મૃત્યુ પામી - બસ, હવે હું બીજી કોઈ વ્યક્તિને ચાહી જ ન શકું ! સાચી વાત એ છે કે તમે જો કોઈ વ્યક્તિને ખરેખર ચાહી જ હોય તો તેને ચાહવાનું ચાલુ જ રાખી શકો છો અને બીજી વ્યક્તિને પણ ચાહી શકો છો.

કોઈક પ્રેમાળ માતાને તેનો પુત્ર ખૂબ વહાલો હોય, એ પુત્ર અણસમજથી ઘર છોડીને ચાલ્યો જાય કે અકસ્માતથી મૃત્યુ પામે એટલે એ માતા બીજી વાર માતા જ નહીં બનવાનું નક્કી કરશે ? માતા બનશે તો બીજા બાળકને ચાહવાની જ ના પાડશે ? તે શું એવી દલીલ કરે કે મારું જે પ્રથમ સંતાન હતું તેને માટેનો મારો પ્રેમ જ સાચો, સાચો એટલું જ નહીં પણ એ જ પ્રેમ પહેલો અને છેલ્લો ! બીજા કોઈને મારાથી ચાહી જ ન શકાય ! પણ માણસની જિંદગી કોઈ એક જ પાનનું-પ્રેમના એક જ પાનનું બિલિપત્ર નથી. કોઈ પણ વ્યક્તિ માટેનો પ્રેમ એવો હોઈ ન શકે કે તે બીજી વ્યક્તિને માટે જીવન જીવવાનું બંધ કરવાની ફરજ પાડે.

શરદબાબુની વાર્તાનો દેવદાસ માત્ર પારુને જ ચાહે છે અને બીજા કોઈને ચાહી શકતો નથી એટલે છેવટે મૃત્યુથી મુક્તિ શોધે છે, પણ આ સાચું નથી. બીજા કોઈને નથી જ ચાહવા એવો નિર્ણય કર્યા પછી પણ માણસ બીજા કેટલાકને ચાહ્યા વગર રહી શકતો નથી. જર્મનીના મહાકવિ ગેટેએ પચીસ વર્ષના યુવાન તરીકે એક પ્રેમકથા લખી હતી. 'સોરોઝ ઓફ વર્થર' એક યુવાન પ્રેમી છે. એની પ્રેયસી શાર્લોટ બીજા યુવાનને પરણી જાય છે. પ્રેમી છેવટે શાર્લોટના પતિની પિસ્તોલ ઉછીની લઈને આત્મહત્યા કરે છે ! કહે છે કે એ કાળે એ નવલકથાની લાખો નકલ વેચાઈ હતી અને સંખ્યાબંધ યુવાનોએ પ્રેમના નામે આત્મહત્યા કરી હતી.

માણસને પ્રેમના નામે મરવું ગમે છે - તે તેને પ્રેમ ખાતર પોતાનું સર્વોચ્ચ બલિદાન ગણે છે, પણ પ્રેમને ખાતર મરવાનું એટલું મુશ્કેલ નથી. મુશ્કેલ કામ તો પ્રેમને ખાતર ગમે તેવી કઠિનાઈએ વચ્ચે પણ જીવવાનું છે. પ્રેમ નિરુત્તર રહ્યો હોય તે છતાં માણસ ચાહે એટલું જ નહીં પણ એ એક જ પ્રેમને એક ગાંઠ બનાવી દીધા વિના સાર્થક રીતે જીવવા માટે બીજાને પણ ચાહે. પ્રેમના નામે મરવું મુશ્કેલ નથી. મરવું તે તો આવેશના એક ઊભરામાં જિંદગીથી હારી જવા જેવું અને જિંદગીને ફેંકી દેવા જેવું છે. જીવવું એટલે ચાહવું અને જે ખરેખર ચાહે છે તે પીડા પણ વેઠે છે, ઘણું બધું સહન કરે છે અને એક ડાળ સુકાઈ ગયેલી જોઈને કંઈ જિંદગીનું વૃક્ષ મૂળમાંથી કાપી નાખતો નથી.

પ્રેમના નામે જે મરે છે તે પ્રેમનું જ અપમાન કરે છે. કેમ કે તે એના અન્ય સ્નેહીઓને આ રીતે એક શિક્ષા કરે છે. જે વ્યક્તિને ચાહવાનો તેનો દાવો હશે તે વ્યક્તિ તેને ચાહતી નહીં હોય તો પણ તે વ્યક્તિને પણ તે વગર અપરાધની સજા કરે છે. રોમાંચક પ્રેમને નામે સંસારમાં ઘણીબધી કથાઓ છે, પણ એવી જ બીજી કથાઓ પણ છે જેમાં અનેક સાચા પ્રેમીઓએ મૃત્યુને સર્વોચ્ચ બલિદાન ગણવાને બદલે સાર્થક રીતે જીવીને પોતાના જીવનને પ્રેમની સાચી શોભારૂપ પ્રગટ કર્યું છે.

કોઈ સંબંધ ખુદ જિંદગીથી મોટો હોઈ શકે નહીં. કોઈ એક વ્યક્તિને ચાહી, તેણે તમને ન ચાહ્યા કે ચાહ્યા છતાં લગ્ન થઈ ન શક્યાં એટલે જિંદગીથી હાથ ધોઈ નાખવા એ નરી કાયરતા છે. આ રીતે જ જો માણસ જિંદગીને 'એક જ દાવ'ની રમત ગણીને ચાલે તો જીવી જ ન શકે. એક પરીક્ષામાં નાપાસ થયા - બસ, હવે ભણવાનું બંધ ! ખેતી કરી અને પાક નિષ્ફળ ગયો - ખેતી બંધ ! વેપારના એક વહેવારમાં ખોટ ગઈ એટલે વેપાર બંધ ! ધંધામાં એક ધક્કો લાગ્યો એટલે એ બંધ ! એક ઈન્ટરવ્યૂમાં પસંદ ન થયા એટલે બીજી કોશિશ નહીં જ કરવી ! આ જીવવાની રીત નથી પ્રેમ સહિતનાં પુરુષાર્થનાં તમામ ક્ષેત્રોમાં માણસ આ રીતે વિચારે તો જિંદગી એના નામને સાર્થક રહે નહીં. માણસ બધા બનાવોમાં જો 'એક વાર પ્રથમ વાર'ને આખરી ગણવાનો આગ્રહ રાખે તો દૂધિયા દાંત પડી જવાની સાથે જ તેને જ વૃદ્ધાવસ્થા ગણી લેવાનું મન થાય.

❖❖❖

# નવાઈ પામવા જેવું નથી એમાં, કરે છે કામ શ્રદ્ધા પણ દવા જેવું

'સર, સાદર પ્રણામ. મારું નામ પ્રદીપ છે. હું સુરતમાં રહું છું. મારી પત્નીનું નામ પિન્કી. હું આપનો નિયમિત વાચક છું. આ પત્ર તમને એટલા માટે લખું છું કે જેથી અમારા જીવનમાં બની ગયેલી એક સત્ય, રોમાંચક ઘટનાને આપ લાખો વાચકો સુધી પહોંચાડી શકો.'

તાજેતરમાં જ સુરતથી આવેલો આ પત્ર બે દિવસ સુધી તો મારા ટેબલ ઉપર એમ ને એમ પડ્યો રહ્યો, સતત પ્રવાસો અને કાર્યક્રમોની વ્યસ્તતાના કારણે મને કવર ફોડવાની પણ ફુરસદ ન મળી. છેવટે આજે સાંજે સહેજ નવરાશ મળી ત્યારે પહેલું કામ આ પરબીડિયું ખોલવાનું કર્યું.

પ્રદીપ લખતે હતો : 'હું અને પિન્કી અમારા વિસ્તારના એક જાણીતા ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરના દવાખાનામાં નોકરી કરતાં હતાં. પિન્કી નર્સ હતી અને હું ડ્રાઈવર, અમારી વચ્ચે પ્રેમ થઈ ગયો. એક કરતાં વધારે કારણોસર અમારા બંનેના પરિવારોએ અમારા સંબંધનો વિરોધ કર્યો. અંતે ૨૦૦૮માં અમે હિંદુ શાસ્ત્રોક્ત વિધિથી લગ્ન કરી લીધાં. બંનેના પરિવારોએ પણ એમાં હાજરી આપી, સંમતિ આપી, આશીર્વાદ આપ્યા. લગ્નના પહેલા જ મહિને પિન્કીને ગર્ભ રહી ગયો. લગ્ન પછી તરતના જ દિવસોમાં બાળકને જન્મ આપવો પડશે તે વાત અમારા માટે...'

પ્રદીપ ભલે નાનો માણસ હશે, પણ એની ભાષા, વિચારોની અભિવ્યક્તિ અને સમજણ જરા પણ નાની નથી. એ લખે છે : 'ખૂબ વિચાર કર્યા પછી અમે નિર્ણય લીધો કે આ ગર્ભાવસ્થાને ચાલુ રાખવી. અમે શહેરનાં એક જાણીતાં લેડી ગાયનેકો-

**ડૉ શરદ ઠાકર**

લોજિસ્ટને મળીને, ચેકઅપ કરાવીને, સારવાર ચાલુ કરાવી દીધી. એક પછી એક મહિનો પસાર થવા લાગ્યો. બધું બરાબર હતું. પિન્કીની જૉબ ચાલુ હતી, મારી નોકરી છૂટી ગઈ હતી. સાતમા મહિને પિન્કીની સીમંતવિધિ કરવામાં આવી. એ પછી



પિન્કીના ભાઈનાં લગ્ન લેવાયાં. એમાં પણ પિન્કીએ ઉત્સાહભેર ભાગ લીધો. લગ્નના બે-ત્રણ દિવસ પછી...'

હવે જિંદગીના નાટકમાં અણધાર્યો વળાંક આવે છે. પિન્કીને આઠમો મહિનો જતો હતો અને એણે ફરિયાદ વ્યક્ત કરી, 'મને લાગે છે કે પેટની અંદર બાળકનું હલનચલન જે અત્યાર સુધી બરાબર લાગતું હતું તે અચાનક ઓછું થઈ ગયું છે. સમજો ને જાણે બંધ જ થઈ ગયું છે !'

પતિ-પત્ની ચિંતામાં સરી પડ્યાં. તાબડતોબ લેડી ડૉક્ટર પાસે દોડી ગયાં. ડૉક્ટરો સોનોગ્રાફી ટેસ્ટ કરીને ગંભીર મુખભાવ સાથે જણાવ્યું, 'તમારી શંકા સાચી પડી છે. તમારા ગર્ભાશયમાં ગર્ભની આસપાસનું પાણી સાવ જ ઘટી ગયું છે. બાળકના હૃદયમાં અને કિડનીમાં ભારે ક્ષતિ જણાય છે. આ બાળક જીવી શકે તેમ લાગતું નથી. શ્રેષ્ઠ ઉપાય એને દૂર કરી નાખવાનો છે.'

'મૅડમ, એવું ન બને કે આ રિપોર્ટ ભૂલભરેલો હોય ? ગમે તેવું તો પણ છેવટે તો મશીન જ ને ?'

લેડી ડૉક્ટરો નિખાલસતાપૂર્વક માથું હલાવ્યું, 'આપણે એક કામ કરીને. શહેરના હોશિયાર સોનોલોજિસ્ટ પાસે ડોપલર સોનોગ્રાફીની તપાસ કરાવી લઈએ. હું પણ ઈચ્છું છું કે મારો રિપોર્ટ ખોટો પડે.'

સોનોલોજિસ્ટે પિન્કીની અંદરની સ્થિતિ જાણવા માટે પોણો કલાક જેટલો સમય ખર્ચી નાખ્યો. પછી પ્રદીપ-પિન્કીની સાથે વાત કરતાં પહેલાં સીધો જ લેડી ડૉક્ટરને ફોન લગાડ્યો, 'મૅડમ, તમારું નિદાન સાચું છે. એમ્નિયોટિક તદ્દન ઘટી ગયું છે. એટલે બાળકનું હલનચલન મંદ પડી ગયું છે. ગર્ભસ્થ શિશુનું હૃદય પહોળું થઈ ગયું છે, માટે મારી સલાહ છે કે આ બાળકને કાઢી નાખવું જોઈએ.'

પ્રદીપ અને પિન્કી અત્યંત પરેશાન થઈ ગયાં. એમને મન આવનારું બાળક માત્ર દેશની સવા સો કરોડની વસ્તીમાં એકનો ઉમેરો ન હતું, પણ એમના પ્રેમનું સર્વોત્તમ પરિણામ હતું. છેલ્લા આઠ-આઠ મહિનાથી એમણે કેટકેટલાં સપનાંઓ સજાવી રાખ્યાં હતાં ? જો દીકરો આવશે તો એનું નામ પ્રણય રાખીશું અને જો દીકરી આવશે તો એનું નામ પાડીશું પ્રીત. એને બદલે મૃત બાળક મેળવવાની વાત સામે આવી રહી હતી.

લેડી ડૉક્ટરનાં મમ્મી પણ ડૉક્ટર હતાં. એ હાલમાં પ્રાઈવેટ પ્રેક્ટિસ કરતાં ન હતાં.

પણ એમનો અનુભવ વિશાળ હતો. મા-દીકરીએ પિન્કીના કેસ વિશે મંત્રણા કરી લીધી. સિનિયર લેડી ડૉક્ટરે મત જાહેર કર્યો. 'જ્યાં સુધી ગર્ભસ્થ શિશુના હૃદયના ધબકારા ચાલુ છે ત્યાં સુધી ગર્ભપાત કરવાની જરૂર નથી, જ્યારે એના ધબકારા બંધ થઈ જાય ત્યારે સુવાવડ કરાવી લેવી એવી મારી સલાહ છે.'

પ્રદીપનાં નાના-નાની ગામડે રહેતાં હતાં. એમને આ વાતની ખબર પડી. નાનીએ એમના ગુરુની બાધા રાખી, 'જો બાળક એકદમ સારું આવશે તો એને લઈને હું મારા ગુરુજીની સમાધિએ પગે લગાડવા જઈ આવીશ.' આ શ્રદ્ધા હતી, અંધશ્રદ્ધા નહીં. અંધશ્રદ્ધા એને કહેવાય જ્યારે આવી બાધા-આખડીનો સહારો લઈને માણસો સારવાર લેવાનું બંધ કરી દેતા હોય છે.

એ રાત્રે પ્રદીપ અને પિન્કી ખૂબ રડ્યાં. બીજા દિવસથી દવાખાનાનાં ચક્કરો ચાલુ થઈ ગયાં. રોજ જવાનું, બાળકના હૃદયના ધબકારા ચાલુ છે કે નહીં એની તપાસ કરાવવાનીને ઘરે પાછા આવવાનું. સવારનો સૂરજ ભાવિ સંતાનના મૃત્યુની આશંકા લઈને ઊગતો હતો અને રોજની સાંજ એ જીવિત હોવાનું આશ્વાસન લઈને આવતી હતી.

કોઈ પડોશીએ સલાહ આપી, 'તમે આમ એક જ ડૉક્ટર ઉપર વિશ્વાસ રાખીને ચાલો તે ઠીક ન ગણાય. બીજાની સલાહ પણ લેવી જોઈએ.'

પ્રદીપે બીજાની જ નહીં, ત્રીજા-ચોથા-પાંચમાની સલાહો પણ મેળવી લીધી. તમામ ગાયનેકોલોજિસ્ટ ડૉક્ટરોએ એક જ વાત કરી. 'તમારી લેડી ડૉક્ટરે જે નિદાન કર્યું છે તે તદ્દન સાચું છે અને એમનાં મમ્મી તો અમારાં પણ ટીચર હતાં. એમની સલાહ સાચી જ હોય. તમે મૂર્ખ છો કે આવા ખામીયુક્ત બાળકને બચાવવાનાં સપનાં જોઈ રહ્યાં છો. ગેટ ઈટ એબોર્ટેડ!'

એ રાત્રે પતિ-પત્નીએ નિર્ણય લઈ લીધો. શ્રદ્ધા હારી ગઈ. વિજ્ઞાન જીતી રહ્યું હતું. પ્રદીપે પિન્કીને કહ્યું, 'આવતીકાલે આપણે હૉસ્પિટલમાં દાખલ થઈ જઈએ છીએ. મારો વિચાર છે કે આપણે સરકારી હૉસ્પિટલમાં જ જોઈએ. ખાનગી નર્સિંગ હૉમમાં ખર્ચ ખૂબ થઈ જશે. મારી તો નોકરી પણ ચાલી ગઈ છે, તારે પણ કેટલાક મહિના સુધી રજા ઉપર રહેવું પડશે. માટે...'

પિન્કી બીજા દિવસે સરકારી હૉસ્પિટલમાં દાખલ થઈ ગઈ. ગાયનેક વિભાગના પ્રોફેસર એવા એક ડૉક્ટર રાઉન્ડ પર આવ્યા. એમણે કહ્યું, 'પિન્કીબહેન, મને એક આખરી કોશિશ કરી લેવા દો. તારું ગર્ભજળ વધે તે માટે હું ત્રણ-ચાર દિવસ સુધી રોજના ચાર-પાંચ બાટલા ચડાવીશ. થોડાંક ઈન્જેક્શન્સ પણ આપીશ. એ પછી પણ જો પરિસ્થિતિ ન સુધરે તો...'

પરિસ્થિતિ સુધરી કે નહીં એની તો ખબર નથી, પણ સારવારના નિમિત્તે થોડાક દિવસો જરૂર પસાર થઈ ગયા અને એક રાત્રે પિન્કીને સુવાવડની પીડા ઊપડી. લેબર રૂમમાં દાખલ કરવામાં આવી. દર્દ વધતું જતું હતું. પિન્કી રડી રહી હતી, પણ એ બધું સમજતી હતી, માટે સહન કરી રહી હતી. રાત્રે દોઢેક વાગ્યે ફરજ પરના ડૉક્ટરે પ્રદીપને કહી દીધું, 'સુવાવડ તો થઈ જશે, પણ બાળક બચી શકે તેમ નથી. આટલા ખરાબ રિપોર્ટ્સ હતા, છતાં તમે ગર્ભાવસ્થા ચાલુ રાખી તે તમારી ભયંકર ભૂલ છે. હવે જે થાય તે ભોગવો, અમારી કશી જ જવાબદારી નથી.'

આખી રાતની અસહ્ય યાતના વેઠ્યા પછી પિન્કીએ સવારે પાંચ ને પંચાવન વાગ્યે બાળકને જન્મ આપ્યો. એ એક દીકરી હતી. થાકેલી પિન્કીએ એક આશાભરી નજર બાળકીની તરફ ફેંકી લીધી. પોતાના અસ્તિત્વના જ એક અંશને જીવિત જોવાનું સુખ મેળવી લીધું.

નર્સે બાળકીને તરત ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટની દેખરેખમાં મોકલી આપ્યું. એનું વજન એક કિલો ને સાતસો ગ્રામ હતું, પણ જૂના રિપોર્ટ્સ જોઈને બાળકોના ડૉક્ટર પણ બોલી ઊઠ્યા, 'ઓહ, આ તો ચમત્કાર છે!'

ચમત્કાર જેવું દુનિયામાં કશું નથી હોતું. આવા ઉદાહરણો ફક્ત એટલું સાબિત કરે છે કે જગતમાં હજુયે એવી અસંખ્ય બાબતો છે જેને વિજ્ઞાન સમજી શક્યું નથી અને સમજાવી શક્યું નથી.

દીકરીનું નામ પ્રીત પાડવામાં આવ્યું. ખોડખાંપણવાળી માની લેવામાં આવેલી આ દીકરી અત્યારે પાંચ વર્ષની થવા આવી છે. ઓછા વજન સાથે અવતરેલી આ ઢીંગલીનો વિકાસ ધીમો હશે એવું ધારી લેવામાં આવેલું, પણ પ્રીત નવમા મહિને તો દોડતી થઈ ગઈ હતી. ભણવામાં હોશિયાર છે. ચિત્રકામ, દોડસ્પર્ધા વગેરેમાં ઈનામો જીતી લાવે છે.

પ્રદીપનાં નાની એમના ગુરુજીની બાધા પૂરી કરી આવ્યાં. તેમનું માનવું એવું છે કે આ દીકરી ઈશ્વરની જ દેન છે, પમ પ્રદીપ માને છે કે આ દેવની દીધેલને બચાવવા તબીબોની સારવારનો ફાળો પણ એટલો જ જવાબદાર છે.

સૌથી સારી બાબત એ છે કે પ્રીતના શુકનિયાળ પગલે જ પ્રદીપને સારી નોકરી મળી ગઈ છે. પાંચ વર્ષમાં આ બોલતો પુરાવો આપણને એટલું જ શીખવે છે કે ડૉક્ટરોની ઉપર પણ કોઈ એમનો 'પિતા' હજુ બેઠો છે!

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૫૯૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક 'Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

### આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- સ્વ. નરેન્દ્રભાઈ નારણદાસ ચુડગરના સ્મરણાર્થે વઢવાણ હસ્તે પરિવાર તરફથી
- સ્વ. નલિનીબેન નરેન્દ્રભાઈ ચુડગરના સ્મરણાર્થે વઢવાણ હસ્તે પરિવાર તરફથી
- રક્ષાબેન નિલેશભાઈ વોરા તરફથી (હાલ - કાંજુરમાર્ગ)
- રાજ નિલેશભાઈ વોરા તરફથી ( હાલ - કાંજુરમાર્ગ)
- નિલેશભાઈ નવનિતલાલ વોરા તરફથી (હાલ - કાંજુરમાર્ગ)
- ધાંગધ્રા નિવાસી (હાલ - મુંબઈ ઘાટકોપર) અ.સૌ. કિંજલ ઋષભ શાહની લગ્નતિથિ નિમિત્તે હસ્તે નેહાબેન નલીનભાઈ શાહ
- ભદ્રેશભાઈ જીવણલાલ વોરા અંધેરીના જન્મદિવસની ખુશાલીમાં હસ્તે બીજલબેન ભદ્રેશભાઈ વોરા

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૧૨-૨૦૨૩ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રી જશવંતલાલ નાનાલાલ સંઘવી પરિવાર** | **૫,૦૦,૦૦૦/-** |

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
## શ્રીમતી કંચનબેન વ્રજલાલ ત્રિકમદાસ શેઠ અને શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ નોટબુક યોજના

ઝાલાવાડી સભાના સભ્યોના બાળકો માટે નોટબુકની જરૂર હોય તેમના માટે સંસ્થાએ ગયા વર્ષ મુજબ આ વર્ષે પણ A4 સાઈઝની વિદ્યાર્થી દીઠ બે ડઝન નોટબુકનું વિતરણ એકદમ નોર્મલ ચાર્જથી કરવાનું આયોજન કરેલ છે.

નોટબુક માટેનું ફોર્મ Online તા. ૨૫–૦૩–૨૦૨૪ સુધીમાં વિદ્યાર્થી દીઠ અલગ–અલગ સબમીટ કરવાનું રહેશે. સાથે ગયા વર્ષ ૨૦૨૨–૨૦૨૩ના રિઝલ્ટની Copy Attach કરવાની રહેશે. જે મેમ્બર ભાઈએ નોટબુકની જરૂરિયાત હોય તો આપશ્રી મિલનભાઈ તુરખીયાના મોબાઈલ નંબર ૯૮૬૦૧૨૫૧૩૬ ઉપર Whatsapp કરશો તો આપને ગુગલ લીંક ફોરવર્ડ કરવામાં આવશે. તે લીંકથી આપશ્રી Online ફોર્મ ભરી શકશો.

નોટબુકનું વિતરણ જુન માસમાં કરવામાં આવશે. નોટબુક આપના સ્થાનિક સેન્ટર માંથી મલશે. નોટબુક લેવા આવો ત્યારે નોટબુકની રકમ તથા મેમ્બરશીપ I-Card સાથે લાવવાનું રહેશે.

**માનદ્ મંત્રીશ્રી**

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા – મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

### લોનાવલા – પંચગની – દેવલાલી – માથેરાન અને સુરેન્દ્રનગર સેનેટોરિયમ
### ઉનાળાના વેકેશન બુકીંગ સંબંધી

**સભાના ઉપરોક્ત પાંચેય સેનેટોરિયમના ઉનાળાના વેકેશન બુકીંગ માટે મેમ્બરોની સગવડતાં અને રેલ્વેના એડવાન્સ બુકીંગ કરાવવા માટે સરળતાં રહે તે હેતુથી આપણા દરેક સેનેટોરિયમનું એપ્રિલ અને મે માસનું ૩૧–૦૫–૨૦૨૪ સુધીનું બુકીંગ ખુલ્લું મુકેલ છે. તો સભ્યોએ વેકેશન માટેનો પ્લાન બનાવી વહેલી તકે Advance માં Online બુકીંગ કરી લેવા વિનંતિ.**

**માનદ મંત્રીશ્રી**

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **રિષભ — મનસ્વી** | | |
| શ્રી રાકેશભાઈ બાબુલાલ નહારના સુપુત્ર રાનકપુર સાદડી નિવાસી (હાલ - પરેલ) | | |
| શ્રી રાજેશભાઈ રમણીકલાલ ખાટડીયાની સુપુત્રી રાણપુર નિવાસી (હાલ -માટુંગા) (ગોળધાણા નિમિત્તે) | ૫૦૧ | ૫૦૧ |
| **ભુવનેશ — ક્રીના** | | |
| શ્રી ભાવેશભાઈ નવીનચંદ્ર ઝવેરીના સુપુત્ર જામનગર નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| શ્રી ભાવેશભાઈ પ્રવીણચંદ્ર શાહની સુપુત્રી દેદાદરા નિવાસી (હાલ - કાંદિવલી) | ૫૦૧ | ૫૦૧ |

## પ્રભુતામાં પગલાં

| | | |
|---|---|---|
| **મહેક-શ્રુતિ** | | |
| શ્રી શૈલેષભાઈ પ્રાણલાલ ખાટડિયાના સુપુત્ર રાણપુર નિવાસી (હાલ - મુલુન્ડ) | | |
| સ્વ. શ્રી જતિનભાઈ શશીકાન્તભાઈની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - ઘાટકોપર) | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **પ્રિયંક-શ્રધ્ધા** | | |
| શ્રી કમલેશભાઈ વિનોદચંદ્ર શાહ (દોઢીવાળા) ના સુપુત્ર થાનગઢ નિવાસી (હાલ-વિદ્યાવિહાર) | | |
| શ્રી હિતેન્દ્રભાઈ પ્રતાપરાય દોશીની સુપુત્રી રાજકોટ નિવાસી (હાલ - વિલેપાર્લા) | ૧૦૦૦ | ૫૦૦ |
| **જલ્પેશ-જીનીષા** | | |
| સ્વ. શ્રી જયસુખલાલ પ્રેમચંદભાઈ શાહના સુપુત્ર ઊમરાળા નિવાસી (હાલ -ભાયંદર) | | |
| શ્રી રાજેન્દ્રભાઈ મનસુખલાલ શાહના સુપુત્રી પાણશીણા નિવાસી (હાલ - બોરિવલી) | ૫૦૧ | ૫૦૧ |
| **ચિંતન-યશ્વી** | | |
| શ્રી સંજયભાઈ વિનોદભાઈ દેસાઈના સુપુત્ર ભાડેર નિવાસી (હાલ - ગોરેગામ) | | |
| શ્રી રશ્મીકાંતભાઈ જયંતિભાઈ શાહની સુપુત્રી વઢવાણ નિવાસી (હાલ - કાંદિવલી) | ૫૦૦ | ૫૦૦ |

# માણસ માટે બધું છે, પણ માણસ માટે માણસ ક્યાં?

ડૉ. ધનવંત શાહ

હમણાં પંદરેક દિવસ માટે ભૌતિક રીતે સમૃદ્ધ દેશ અમેરિકા જવાનું થયું. એ ધરતી ઉપર પગ મૂકતાં જ એ દેશની ચોંકી જવાય એવી સમૃદ્ધિ નજરે દેખાઈ. બસ એ દેશ એક માનવ દેહનું જ સર્જન નથી કરી શક્યો; અચરજ પમાડે એવું બધું જ એણે સર્જ્યું છે. આ બધું જોઈને તરત જ આપણા દેશ સાથે સરખામણી કરવાનું મમન થઈ જાય. આપણી પાસે બુદ્ધિબળ અને પુરુષાર્થબળ ક્યાં નથી? છતાં આઝાદીના સાઈઠ વર્ષ પછી પણ જીવન જરૂરિયાતની ચીજો માટે પણ આપણા દેશના ખૂણાનો માણસ વલખાં મારે છે! ભારતમાં કેટલા ધનિકો ક્યા નંબરે છે એના આંકડા છપાય છે. શેરબજારના ઊંચા જતા ઈન્ડેક્સથી આપણે પોરસાઈએ છીએ પણ ગરીબી કે બેકારી કેટલી ઓછી થઈ એના નિયમિત આંકડા મિડિયા મિત્રો છાપે છે? ઉપલબ્ધ પણ છે? ભૌગોલિક આઝાદી તો આવી પણ અંગ્રેજો જે વહીવટી અને શૈક્ષણિક માળખું મૂકી ગયા એમાં આપણે કેટલા મૌલિક ફેરફાર કર્યો?

પરદેશ જતાં બુદ્ધિધનનો દર વરસે વધારો થતો જાય છે. ત્યાંના થોડાંક યુવાન બૌદ્ધિકોને મેં આનું કારણ પૂછ્યું? એક જ ઉત્તર : 'અમને ભારતમાં ઉદ્યોગ કેમ સ્થાપતા નથી?' એક જ અને સાચો ઉત્તરઃ 'ભારતના વહીવટી ભ્રષ્ટાચારથી અમે થાક્યાં છીએ. ઈન્સ્પેક્ટર રાજમાં અમારા પુરુષાર્થની કમાણી ધોવાઈ જાય છે, મુખ્યમંત્રીઓનો કાફલો અમારી ભારત પ્રત્યેની લાગણીને છંછેડે છે. ભાવનામાં ધકેલે છે. પણ પછી અંતે તો ભ્રષ્ટાચારી વહીવટકારોને હવાલે જ અમને છોડી દે છે. હવે તો આ વહીવટકારો પણ રાજ્યનેતાઓને ગાંઠતા નથી. રોકડું પરખાવી દે છે કે આ બધાં તો બે-પાંચ વર્ષ માટે છે. કાલે સત્તા ઉપર એ નહિ ત્યારે પોતાનું કામ કઢાવવા એ બધાં અમારી પાસે જ આવવાનાં!' ભારતમાં મત મેળવવા લેબર કૉર્ટ છે; પણ હડતાલ અને ઓછા ઉત્પાદને કારણે માલિકોને થતા નુકસાન માટે ખાસ કૉર્ટ છે? આવા અનેક કારણો આપણી સમક્ષ મૂકી દે છે. તો બીજી બાજુ અનેક મલ્ટીનેશનલ કંપનીઓએ ભારતમાં ખૂબ જ મોટું માર્કેટ દેખાયું છે. અને અહીં ધામા નાખવા માંડી છે. આ વાસ્તવિકતા ખૂબ જ ઊંડું સંશોધન માંગી લે છે. આપણે ક્યાંક આર્થિક પરતંત્રતાની બેડીમાં જકડાઈ રહ્યાં નથી ને?

જે યુવા બુદ્ધિધન ત્યાં જાય છે, સર્વેએ પોતાની પ્રગતિનો ગ્રાફ પણ તૈયાર કરી રાખ્યો હોય છે; ત્યાં જવું, ભણવું, કમાવવું, પહેલાં ગ્રીનકાર્ડ અને પછી નાગરિકત્વ પ્રાપ્ત કરવું, ભારતમાંના પોતાના પરિવારજનોને પોતાની કમાણીનો હિસ્સો નિયમિત મોકલતા રહેવું, આ રીતે પરિશ્રમિક હુંડિયામણનો આંક દર વર્ષે વધતો જ જાય છે. અને વધી રહેલા આવા હુંડિયામણથી આપણા રાજકીય અર્થશાસ્ત્રીઓ ખુશખુશાલ છે! આ એક તબક્કો પૂરો થાય એટલે એક પછી એક કુટુંબીજનોને ત્યાં બોલાવવા અને સ્થિર કરવા અથવા ત્યાંના બધાં લાભો લઈ ઉત્તર અવસ્થામાં ભારતની ભૂમિ ઉપર આવી નિરાંતે જીવવું, મરવું. શારીરિક રીતે પરદેશમાં રહેવું. ભાવનાત્મક અને આર્થિક રીતે પોતાના વતનને વફાદાર રહેવું. પોતાના વતનના સંસ્કાર અને સંસ્કૃતિનું આ કુટુંબો જે રીતે જતન કરે છે એ જોઈએ તો આપણું હદય એ સર્વે પ્રત્યે માનથી ઝૂકી જાય. ત્યાં મંદિર છે. સત્સંગ છે. પાઠશાળા છે. પોતાના સંતાનોને ભારતીય સંસ્કાર અને ભારતીય ભાષા આપવા માટેની ખાસ પદ્ધતિ અને કાર્યક્રમો છે. આ બધું છે તે છતાંય ઝૂરાપો દેખાયો જ.

એક કુટુંબમાં જવાનું થયું. એની બાર વર્ષની પુત્રીને મેં પૂછ્યું : 'તમે ઘરમાં કોણ કોણ?' અમેરિકન અંગ્રેજી ધ્વનિમાં કહે : 'મી, મોમ, ડેડી અને રિંકુ.' મેં પૂછ્યુંઃ 'રિંકુ તારો ભાઈ?' તો કહે : 'નો નો. મારું ટેડી બેર (કપડાનું રમકડું).'અને એણે મને ઢગલાબંધ ટેડી બેર બતાવ્યા, જુદી જુદી મુદ્રાના ટેડી બેર?! પરદેશમાં એ ટેડી બેર નો ઉદ્યોગ ગજબનો છે!! દરેક સ્ટોરમાં જાત જાતના આ ટેડી બેર મળે, ત્યાં સુધી કે બાળક જે આકારના માગે તે આકારનાં એ ખાલી રમકડામાં તારી સામે જ સ્ટફ-રૂ-ભરી દે. મનગમતું સંગીત ભરી દે. હૃદયના આકારનું એક પ્રતીક તમારી સામે જ અંદર મૂકે. એનું નામકરણ પણ કરાવે; તરત જ એનું બર્થ સર્ટિફિકેટ પણ આપી દે. અને બાળક રાજી રાજી!! બસ પછી બાળક એની સાથે વાતો કરે!! પોતાની જવાબદારી ન વધારવાની તકેદારી રાખતા સંપતિ પોતાના આનંદ માટે એક જ સંતાન કરે; પણ એ સંતાનના મનની વેદના સમજવાનો વિચાર જ નહિ?!

માત્ર અમેરિકા જ નહિ, પણ અન્ય દેશોમાં જ્યારે જવાનું થયું છે ત્યારે એક

નિરીક્ષણ તારવ્યું છે. એક-બે કે પાંચ દાયકા પહેલાં જે વિચારો-રિવાજો લઈને એ બધાં ભારતથી ગયાં હતાં; જે સામાજિક અને માનસિકતા હતી એ તો એ બધાએ ત્યાંની ત્યાં અને એવી જ રાખી છે!! એક પરિવારને મેં પૂછ્યું : 'તમને બધાંને લેટેસ્ટ ગાડી, ફેશન, ઉપકરણો, વૈજ્ઞાનિક સિદ્ધિ આ બધું ખબર છે; પણ લેટેસ્ટ 'થોટ'ની ખબર છે?' મારા આ પ્રશ્નનો ઉત્તર મને ક્યાંથી ન મળ્યો. ત્યાં બધાં પરદેશીઓ એક ચક્કરમાં ફસાયા છે; કેમ પૈસા કમાવવા? સવારે સાતથી સાંજે સાત સુધી સતત મજુરી કરવી, સમય મળે ત્યારે ક્યાં શું 'ફ્રી' મળે છે અને કેટલું ડિસ્કાઉન્ટ મળે છે એમાં જ વ્યસ્ત રહેવું. રોજ અસલામતીની ચિંતા સાથે નોકરીએ જવું, કઈ પળે નોકરીમાંથી પાણિચું મળી જાય એ કહેવાય નહિ, બસ કામનું રિઝલ્ટ આપો. સતત ટેન્શનમાં પતિ-પત્ની અને પરિવાર કામ કરો, કારણ કે હપ્તા સમયસર ચૂકવવાના છે. ત્યાં તમને બધું જ ઉધાર મળી જાય. પછી ચૂકવવા માટે દોડો જ દોડો! ક્રેડિટ કાર્ડ અને ઉધારની ગજબની માયાજાળ! હવે અહીં પણ પરદેશી બૅંકોએ પગપેસારો કર્યો છે. ચેતવા જેવું ખરૂં! દેશ અને સંસ્કાર-સંસ્કૃતિ યાદ આવે એટલે ભારતમાંથી પંડિતો, પૂજારીઓ, કલાકારો અને એ બધાંને ડોલરો આપી બોલાવી લેવા; બસ આગળ મૌલિક વિચારવાનો કે વાંચવાનો સમય જ ક્યાં?

હું જે પરિવારમાં ઉતર્યો હતો એ મારા નાનાભાઈને કહ્યું: 'થોડો સમય છે તો અહીં આપણે કેટલાંકને મળીએ તો?' તો એણે કહ્યું તમને પરિચિત હોય એને જ મળો, બીજાને મળવા જશો તો એ સમજશે કે તમે કોઈ ફંડ-ફાળા માટે આવ્યા છે; એટલે તમને એ ટાળશે! મારો એવા કોઈ આશય ન હતો એટલે એ ઈચ્છા ઉપર મેં પડદો પાડી દીધો!

અહીં બાળક જન્મે, થોડું મોટું થાય એટલે પારંપારિક રિવાજો અને સંસ્કારોમાં ધકેલી દેવું, આદત બની જાય એટલી હદે એ બધાં વિચારોને મૂળમાં જડી દેવાનાં! પછી એ પેઢી પોતાના સ્વતંત્ર વિચારો ક્યારે કરવાની? સ્વચિંતન કે આત્મ અનુભૂતિનો અવકાશ જ ક્યાં? એ માટે મનોભૂમિ જ ક્યાં? આવી પરિસ્થિતિનું નિર્માણ હવે તો અહીં પણ થઈ ચૂક્યું છે. પરિશ્રમ અને પુરુષાર્થને ભોગે સંસ્કાર, સાધના અને ભક્તિના રંગે યુવા ધનને કેટલી હદે રંગી નાખ્યું છે એનો વિચાર કરવો રહ્યો.

લૉસ એન્જલિસમાં જૈન મંદિર જોયું. એ સ્થાનકમાં નિષ્ઠાથી પોતાની સેવા આપી રહેલા માનદ્ કાર્યકરોનું નિરીક્ષણ કરતાં એ સર્વે પ્રત્યે મન નમ્યું. એ સર્વે વાસ્તવમાં ખૂબ જ મોટી હસ્તિ, પણ અહીં ભાવથી કાર્ય કરી રહ્યાં હતા એ આશ્ચર્યજનક! પાંચ વર્ષનો એક બાળક પૂજાનાં કપડાં પહેરી પિતાની આંગળીએ આવ્યો, જિન પ્રતિમાની પૂજા કરી, એ દશ્ય તો અંતર અને આંખોને ઠારે એવું. આ સ્થાને ભવિષ્યમાં એંસી કરોડને ખર્ચે ભવ્ય જિનાલયનું નિર્માણ થશે ત્યારે એ કેવું ભવ્યાતિત હશે! એ મંગળ ઘડી અતિ દિવ્ય હશે. ત્યાં જ જૈન સાહિત્ય અને કેસેટોથી છલોછલ ભરેલી લાયબ્રેરી જોઈ, મન આનંદવિભોર બની ગયું. પ્રવેશદ્વાર પાસે જ સો વર્ષ જૂનું લાસ વેગાસથી પ્રાપ્ત કરેલું અતિ સુંદર નકશીકામવાળું લાકડાનું જિન મંદિર જોયું અને ચિત્તતંત્ર હચમચી ગયું! આ મંદિર વિશે ક્યારેક સંશોધનાત્મક વિગત લખવાનો ભાવ છે.

### ભક્તિ

જ્ઞાનદેવ ઈશ્વરને કહે છે : 'પ્રભુ! હું એક સામાન્ય પતિત જીવ છું, એ વાત ખરી, પરંતુ તારો મુદ્રાંકિત ભક્ત છું.'

ઝંડાનું ચીંથરું તે વળી શું? પરંતુ એની પ્રતિષ્ઠા સારું, રાજાને યુદ્ધ ખેલવાં પડે છે.

કાગળની ચબરખીની શી વિસાત? પણ રાજની સહી હોવાથી, રાજાની કિંમતે જેટલી એની કિંમત ઠરે છે.

એ જ સ્થિતિ મારી છે.

હું તારો યશ ફરકાવનાર ઝંડો છું.

હું તારી આજ્ઞા જાહેર કરનારો તારો આજ્ઞાપત્ર છું.

એની પ્રતિષ્ઠા જાળવવાનું તારા માથે.

સૌજન્ય : સ્પીડ બ્રેકરમાંથી

એડિસનમાં ઢોસા અને ભેળ પણ ખાધા. બહેન હિના સાથે એક બપોરે ત્યાંની પબ્લિક લાયબ્રેરીમાં ગયો. ભારતના અને ત્યાંના ગુજરાતી વર્તમાન પત્રો અને સામાયિકો વાંચ્યા. પુસ્તકો ફેંદતાં મુંબઈ - અમદાવાદમાં પાંચેક વર્ષથી શોધતો હતો એ મારું પ્રિય પુસ્તક 'યોગવશિષ્ટ' ઉપરની ટીકાના બે સામાયિકો મળી ગયા!! મારો બધો થાક ઉતરી ગયો. કડકડતી ઠંડીમાં ગરમાવો આવી ગયો!

એકરોમાં પથરાયેલી હોલીવુડ નગરી જોઈ. માનવ અને પ્રાણીઓના અદ્ભુત પરાક્રમો જોયા. વિજ્ઞાનનો ચમત્કાર અને ભવ્ય ભૌતિક સમૃદ્ધિ!

ઈન્દ્રનગરી જેવા અદ્ભુત લાસ વેગાસના કેસિનોમાં ફરતાં ફરતાં ૬૦ વર્ષના વૃદ્ધને અને ૮૦ વર્ષની વૃદ્ધાને જુદે જુદે ખૂણે બેસી એકલા એકલા કલાકો સુધી જુગાર રમતા જોયા!

ડિસ્ટન્સ, ડોલર અને ડાયવર્સના એ દેશમાં માનવી માટે ભૌતિક બધું છે. માત્ર માનવી માટે હુંફાળો માનવી નથી!

❖❖❖

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન
શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ

સંચાલિત

શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા • શ્રીમતી શ્રુતીબેન મયંકભાઈ શાહ

પ્રેરિત

# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ દાતાશ્રીઓ



શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા



શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ



શ્રીમતી મનિષાબેન મિનેષભાઈ શાહ



શ્રીમતી મીરાબેન શૈલેષભાઈ શાહ



શ્રીમતી ભારતીબેન કિરીટભાઈ શેઠ

# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ અનુમોદન દાતાશ્રીઓ



શ્રીમતી જસ્મિનાબેન
પંકજભાઈ સંઘવી



શ્રીમતી કોકિલાબેન
વિનોદચંદ્ર શેઠ



શ્રીમતી ચારૂબેન
પ્રવિણચંદ્ર દોશી



શ્રીમતી નલિનીબેન
રમેશભાઈ શેઠ

Advt.

# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ અનુમોદન દાતાશ્રીઓ


શ્રીમતી દેવીબેન
અનિલભાઈ શાહ


શ્રીમતી આરતીબેન
નિશિતભાઈ તુરખિયા


શ્રીમતી રંજનબેન
નવિનચંદ્ર શેઠ


શ્રીમતી વર્ષાબેન
અનિલભાઈ શેઠ


શ્રીમતી લિપ્સાબેન
દિપેશભાઈ શાહ


ડૉ. રત્નાબેન
બિપિનભાઈ દોશી


શ્રીમતી પ્રવિણાબેન
ન્યાલચંદ ગોપાણી


શ્રીમતી નીપાબેન
મિતેશભાઈ દેસાઈ


શ્રીમતી હિરલબેન સૌરભભાઈ શાહ/
શ્રીમતી રંજનબેન નરેશભાઈ શાહ


શ્રીમતી તોરલબેન
જિતેનભાઈ ખાટડિયા


માતુશ્રી મુક્તાબેન જયંતિલાલ મહેતા
અ.સૌ. પ્રતિમાબેન હસમુખલાલ મહેતા


ડૉ. હિનાબેન
ભરતભાઈ મહેતા


શ્રીમતી નયનાબેન
અજયભાઈ ખંધાર


ડૉ. અલ્પાબેન
પરાગભાઈ અજમેરા


શ્રીમતી પુષ્પાબેન
અશોકભાઈ જસવાણી


શ્રીમતી સંગીતાબેન
જ્યોતિન્દ્રભાઈ સંઘવી


શ્રીમતી રાજુલબેન
જયેશભાઈ જોબાલિયા


શ્રીમતી અમીબેન
બિરજભાઈ શાહ


શ્રીમતી હિનાબેન
મનિષભાઈ દાદભાવાળા

Advt.

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ**
**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**
**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન મહિલા મંડળ**

*સંચાલિત*

**શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખિયા ● શ્રીમતી શ્રુતીબેન મયંકભાઈ શાહ**

**પ્રેરિત**

# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪

જય જિનેન્દ્ર

**શ્રી ઝાલાવાડી સભા અને શ્રી બૃહદ મુંબઈ મહિલા મંડળનાં ઉપક્રમે.**

આપણે ઉજવવા જઈ રહ્યા છીએ, શ્રી બૃહદ મુંબઇ મહિલા મંડળની ઝગમગતી ઝળહળતી સોનેરી પચાસ વર્ષની સુહાની સફરને, તો આપ સહુ તૈયાર છો ને, તારીખ ૧૦ મી માર્ચ આપણા **'ઝાલાવાડ મિલનોત્સવ'** માં જોડાવવા. અમે અમારી તૈયારીઓની શરૂઆત કરી દીધી છે.

**આવકારવા છે આપ સહુને, થનગની રહ્યા છીએ અમે, આપ આવશોને ?**

**સમુચ ઝાલાવાડ ભેગું થાય એ નજારો આંખોમાં ભરી લેવો છે...આપ આવશોને ?**

**આંખોથી આંખો અને મનથી મનનાં આ મિલનોત્સવ માં આપ આવશોને ?**

આપણું ઝાલાવાડ સમૃધ્ધ ઝાલાવાડ , **'આપણું ઝાલાવાડ ડિજિટલ ઝાલાવાડ'** આ યુકતિ ને નજરો નજર નિહાળવા માટે આપ સહુએ આ મિલનોત્સવ માં પધારવું જ પડશે...

કારણકે આપને જોવા મળશે, હજારો રોશનીનાં ઝગમગાટ થી ઝળહળા કરતું સપ્તાહ ગ્રાઉન્ડ, ગેઈટ એન્ટ્રી, સ્ટેજ અને સંપુર્ણ ગ્રાઉન્ડ કડક સિક્યોરિટીઝ તથા અદ્દ્ભુત સ્ટેજ ડેકોરેશન, ડોકટર્સ સાથે એમ્બ્યુલન્સ ની સગવડ, આપની દરેક સગવડતાને સાચવવા હાજર હશે અમારા વોલેન્ટિયર્સ, નાના મોટાં સહુને માણવાની મજા આવે તેવા પપકોર્ન, કેંડીફ્લોસ, ખટટા મીઠા ગોલાં નાં સ્ટોલસ, ગૃહ ઉદ્યોગ નાં વિવિધતા સભર વસ્તુઓનાં વેચાણ નાં સ્ટોલસ અને આ બધાંથી ઉપર, કચ્છની ધરાનાં કોયલ ટહુકાર સાથે તન મન અને હૈયાને હિલોળે ચડાવશે **શ્રી ગીતાબેન રબારી**, 'તાળીઓનાં તાલે એક ગરબો તો રમવા પધારજો અમારી સાથે, તમારા દિલોમાં ઝાલાવાડ ઉભું ન થઈ જાય તો કહેજો '..

આ સમસ્ત આયોજન શ્રી બૃહદ મુંબઈનાં મહિલા મંડળનાં **પ્રમુખ શ્રીમતી ચારુબેન દોશી** અને **ભાવિ પ્રમુખ શ્રીમતી નલિનીબેન શેઠનાં** આગવા વૈવિધ્યસભર આગેવાની હેઠળ થઈ રહ્યું છે.

અને હા, પ્રસંગ જયારે આટલો શાનદાર ઉજવણીનો હોય ત્યારે શબ્દોની શુભેચ્છા સાથે અનુદાન નો વરસાદ પણ વરસે ત્યારે જ વાતાવરણ ચારેકોર મહેકી ઉઠે છે... આ સોનેરી પ્રસંગ ને હીરાનો ઝગમગાટ આપ્યો છે,

**શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયા તથા શ્રીમતી શ્રુતિબેન મયંકભાઈ શાહ.**

**અને અને અને વિશેષ આકર્ષણ,**
**ચમકતાં સિતારોને આકાશે**
**ચમકતાં આભલાની ચુંદડીએ,**
**લચકતી કમરનાં લચકારે,**
**હોઠોં પર સ્મિત સાથે,**

આપને નિહાળવા મળશે બૃહદ મુંબઈ ના ૧૩ કેન્દ્રનાં ૧૩ ગ્રુપ, જેમાં યુવાનો - યુવતિઓ અનોખાં થનગનાટ, જોમ અને જુસ્સા સાથે એકધારા અડધા કલાક સુધી કરશે વિવિધ ગરબા સ્ટેપ્સ અને થશે કોમ્પિટિશન રાઉન્ડ... અને એક સરખાં સુંદર પરિધાનમાં સજ્જ શ્રી મહિલા મંડળનાં પ્રમુખો, આ બધું તો જોવા જેવું જ રહ્યું ને ?

આ કલ્પનાઓ નથી, આ હકીકત છે...હવે આટલું વાંચ્યા પછી શાનો વિચાર કરો છો ? જલ્દી થી જલ્દી કરાવો તમારા પાસનું બુકિંગ, આપનાં મિત્ર મંડળ તેમ જ આપનાં મહિલા મંડળ પાસેથી.

તૈયારીઓ થઇ રહી છે સુપર ફાઈન
પધારો આપ સહુ છો અમારી હાર્ટ લાઈન, આગમને આપનાં બનશે આ પ્રસંગ સનશાઈન,
યાદગાર બનાવવી છે આ સુંદર લાઈન 'ઝાલાવાડ મિલનોત્સવ ' આ છે અમારી હાઈ લાઈન.

**પ્રવિણભાઈ ગંભીરભાઈ શાહ - ટ્રસ્ટી - પ્રમુખ**
**સમગ્ર ટ્રસ્ટીગણ - હોદ્દેદારો તથા કારોબારી સભ્યો**

Advt.

# ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪

સ્મિત રહેશે સહુનાં ચહેરા પર,
યાદોં બનીને રહેશે સહુનાં દિલોં પર,
મિલનોત્સવ નું સ્વપ્ન સાકાર થશે સહુનું
ઉત્સાહભરયોં સાથ અને સહકાર થી સભર
શ્રી સભાની અવિરત સફરનાં સફળ સંચાલક

## CORE COMMITTEE

1 Pankajbhai Sanghvi (Trustee & Vice President )
2 Manishaben Shah (Trustee & Secretery)
3 Meeraben Shah (Committee member & Event Convener)
4 Atulbhai Shah (Secretery)
5 Mukeshbhai Chashmawala (Jt.Secretery)
6 Niravbhai Doshi (Jt.Secretery)
7 Hemantbhai Shah (Treasurer)
8 Beenaben Sanghvi (Jt.Treasurer)
9 Ashokbhai Turkhia (Committee member)
10 Narendrabhai Gandhi ( Committee member )

**ઝાલાવાડ મિલનોત્સવ ૨૦૨૪ ના**
**ડોનેશન પાસ રૂા. ૩૦૦/- (એક વ્યક્તિના)**
**૪ થી ૫.૩૦ વાગ્યા સુધી નાસ્તાની સગવડ છે**
**અને ૫.૩૦ વાગે જમવાનું શરુ થઇ જશે .**

મિલનોત્સવમાં આપ સૌને આવકારવા
આતુર ઉત્સાહિત ટીમોના લીડર્સ

## COMMITTEE INCHARGE

1 Sonalben Kothari
2 Shobhnaben Kapadia
3 Amitaben Kothari
4 Diptiben Shah
5 Sanjaybhai Turkhia
6 Pareshbhai Shah
7 Heenaben Parekh
8 Lipsaben Shah
9 Tejalben Doshi
10 Ritaben Gandhi
11 Jasminaben Gandhi
12 Ritaben Sanghvi
13 Nikitaben Shah
14 Sheetalben Shah
15 Meghnaben Shah
16 Reepaben Shah
17 Rahulbhai Parekh And
Sion/ Matunga Mitra Mandal
Ghatkopar Mitra Mandal
Mulund Mitra Mandal
Bhayendar Mitra Mandal

**1 Mumbai**
Zalawadi Sabha Office
301, Bay View ( East ), 3rd Floor,
47, Dr. M.B. Vellar Street, (Kolbhat Lane)
Chira Bazar, Mumbai 400002
Milanbhai - M. 98601 25136 / 72084 81791

**2 South Mumbai :**
Meeraben Shah
7, Hill - View, 15, Ridge Road, Mumbai - 400006
M. 9819304833

**3 Sion / Matunga :**
Hiteshbhai C. Gosalia - M. 98691 31022
Sureshbhai A. Shah - M 7977616125
Dhiren K. Shah
Shanta Niwas, Behind Vodafone Gallary,
Gujarat Society, Sion (West)

**4 Ghatkopar:**
Shree Ghatkopar Zalawadi Sthankwasi Jain Mandal
13/14 Meghajii Vallabhaji Trust Bldg,
Opp. Hotel Pooja, M.G. Rd. Ghatkopar (East) 400077
Sureshbhai Shah M. 9820146250
Smitaben Ajmera M. 80802 09990

**5 Mulund :**
Maheshbhai Shah
604 /A Heritage CHS Ltd, S.N. Road, Tambe Nagar
Mulund (West) Mumbai - 80 M. 98205 10321

**6 Andheri :**
Mukeshbhai Chashmawala M. 98191 83325
CLASSIC OPTICIANS
Shop No.5, Platinum Bldg, Juhu Lane, Corner of
Azad Lane, Andheri (West), Mumbai 58
Timings : 10.30 to 2.00 pm 4.00 pm to 8.30 pm
SUNDAY CLOSED

**7 Borivali :**
Tejalben Niravbhai Doshi
A-22, Vanashri, Opp. Diamond Cinema,
L. T. Road, Borivali (West), Mumbai - 400092
M. 7021761218 / 9820823400
Time morning : 10am to 1.00 pm

**8 Nallasopara/ Vasai/ Virar/ Bhayander :**
Diptiben S. Shah M. 93236 31047
Shri Vimalnath Jain Upashray Bungalow No. 2 & 3,
Shripal Raw House, Milanpark Complex,
Tirupati Nagar, Phase-2, Virar (West)

**તારીખ : ૧૦ માર્ચ ૨૦૨૪ | સમય: સાંજે ૪ થી ૧૦**

**સ્થળ: સપ્તાહ ગ્રાઉન્ડ, કમલ વિહાર સ્પોર્ટ્સ ક્લબની સામે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭.**

Advt.

# ઝાલાવાડ મિલનોત્સવ - ૨૦૨૪ - મહિલા મંડળના શુભેચ્છકો

## મલાડ-ગોરેગામ

(૧) ડૉ રંજનબેન દિનેશભાઈ મણિયાર
(૨) ભાવનાબેન હિતેનભાઈ અજમેરા
(૩) તારીકાબેન તેજસભાઈ શાહ
(૪) પ્રમિલાબેન હર્ષદભાઈ શાહ
(૫) સુધાબેન ભુપેન્દ્રભાઈ ગાંધી
(૬) પ્રફુલ્લાબેન દિનેશભાઈ દોશી
(૭) રૂપલબેન હેમેન્દ્રભાઈ ડેલીવાળા
(૮) હંસાબેન મહેન્દ્રભાઈ અજમેરા
(૯) પુષ્પાબેન અશોકભાઈ જશવાણી
(૧૦) નયનાબેન શિરિષભાઈ શાહ
(૧૧) કલ્પનાબેન ભુપેન્દ્રભાઈ દોશી
(૧૨) સુરેખાબેન ભરતભાઈ દોશી
(૧૩) ચેતનાબેન અશોકભાઈ તલસાણીયા
(૧૪) ભદ્રાબેન પ્રાણલાલ શેઠ
(૧૫) સુધાબેન અરવિંદભાઈ શાહ
(૧૬) પન્નાબેન મહેશભાઈ શાહ
(૧૭) સુધાબેન અનોપચંદ તુરખિયા

## કાંદિવલી

(૧) સ્વ. શારદાબેન ભોગીલાલ વોરા
હસ્તક ભારતીબેન અને અલ્પાબેન
(૨) નિર્મળાબેન સિદ્ધાર્થભાઈ જોબાલીયા
(૩) શોભનાબેન દીપકભાઈ કાપડિયા
(૪) મીનાબેન રવિભાઈ શાહ
(૫) દિનેશભાઇ ધીરજલાલ સોમાણી
(૬) ઇલાબેન પ્રકાશભાઈ તુરખીયા
(૭) રીટા અશોક સંઘવી
(૮) શિલ્પા નિલેશ શાહ
(૯) સોનલ દુષ્યંત શાહ
(૧૦) સુચિતા ચેતન શાહ
(૧૧) સરોજબેન જીતેન્દ્ર સખીદા
(૧૨) સરોજબેન જીતેન્દ્ર સંઘવી
(૧૩) નિખિલ નવનીતલાલ શાહ
(૧૪) જયસુધા બેન ચંદ્રકાંત શાહ
૧૫) કૈલાશબેન વિનોદભાઈ ગોપાણી
(૧૬) રીમા ઓજસ શાહ

## સાંતાક્રુઝ

(૧) દેવીબેન શાહ
(૨) સુધાબેન શાહ
(૩) મન્નાબેન તુરખીયા
(૪) સુધાબેન એસ મણિયાર
(૫) નયનાબેન બી શાહ
(૬) ઉર્વશીબેન શાહ
(૭) કિરણબેન જયદીપ શાહ
(૮) આશાબેન બોરડીયા
(૯) રમીલાબેન તલસાણીયા
(૧૦) ભાવિકા તલસાણીયા
(૧૧) મૃદુલા એન શાહ
(૧૨) સુરેખાબેન શ્રોફ
(૧૩) જૈશાલી શાહ
(૧૪) અસ્મિતા ખંધાર
(૧૫) મીનાબેન ખંધાર
(૧૬) નીનાબેન ખંધાર
(૧૭) સોનલ શાહ
(૧૮) રૂપા શાહ
(૧૯) શિલ્પા શાહ
(૨૦) તૃપ્તિ શાહ
(૨૧) મૃદુલા સંઘવી
(૨૨) ભારતીબેન પી શાહ
(૨૩) વાસંતી બેન શેઠ
(૨૪) રંજનબેન શાહ
(૨૫) કિરણ શૈલેષ શાહ
(૨૬) હેમાબેન હેમંત શાહ
(૨૭) રચના વિપુલ શાહ
(૨૮) એકતા તુરખીયા
(૨૯) બીજલ મિહિર તુરખીયા
(૩૦) સરોજ ગોસળીયા
(૩૧) ચારુબેન સુરેશ મહેતા
(૩૨) ભારતીબેન ગોસળીયા
(૩૩) નયના ગૌત્તમ શાહ
(૩૪) નીતા શાહ ( અંધેરી )
(૩૫) કૌશિકા લોલનીયાણી
(૩૬) નયના તુરખિયા
(૩૭) હિના તુરખીઆ
(૩૮) નીલમ હેમંત શાહ
(૩૯) ચંદ્રિકાબેન શાહ
(૪૦) મીના કિરણભાઈ તુરખીયા
(૪૧) સોનલ હિરેન્દ્ર તુરખીયા
(૪૨) મૈત્રી વિવેક તુરખીયા
(૪૩) સરોજબેન ભુપેન્દ્ર દોશી
(૪૪) મીના કિરીટ કોઠારી
(૪૫) રેખા રાજેશ શાહ
(૪૬) ભાવના ચેતન અવલાની
(૪૭) ફાલ્ગુની સંજય દોશી
(૪૮) સેજલ ચૈતન્ય શાહ
(૪૯) સંગીતા ભરતભાઈ મહેતા
(૫૦) વીણાબેન હર્ષદભાઈ શાહ
(૫૧) કિરણબેન જગદીપભાઈ દોશી

## ઘાટકોપર

(૧) સરયુબેન એસ અદાણી
(૨) વિભા નિલેશ ગોસલીયા
(૩) બેલા નિરુપમ શેઠ
(૪) રશ્મિ.અશોક મહેતા
(૫) વીણા જીતેન્દ્ર અજમેરા.
(૬) રુપલ અજય શાહ
(૭) ચંદ્રિકા પ્રિતમભાઈ સંઘવી
(૮) રસિલા.જયસુખ ધોળકિયા
(૯) ગીતા ઉલ્લાસ તુરખીયા
(૧૦) હેતલ કમલેશ શાહ
(૧૧) ઈન્દુબેન જે શાહ
(૧૨) હસુમતી ભરતભાઈ પારેખ
(૧૩) ચંદ્રિકા અશોક સંઘવી

## માટુંગા

(૧) રિટાબેન પ્રફુલભાઈ શાહ
(૨) માલા રાજેશ પારેખ
(૩) જાગૃતિ ભરત શાહ
(૪) જયશ્રી ભરત શાહ
(૫) નીના સંજય શાહ
(૬) રેખા બકુલ ગાંધી
(૭) નિધી વિરલ લુખી
(૮) બકુલા પિયુષ જસાણી
(૯) પ્રગ્ના બિપિન સંઘવી

(૧૦) મીતા પારેખ
(૧૧) સ્નેહા પારેખ
(૧૨) મીના પારેખ
(૧૩) સોનલ શેઠ
(૧૪) અરૂણા મણિયાર
(૧૫) જાનકી શૈલેષ મણિયાર
(૧૬) પ્રિતી હર્ષદ મણિયાર
(૧૭) સોનલ આશલ મણિયાર
(૧૮) રેણુકા અરૂણ શાહ
(૧૯) હર્ષા મુકેશ શેઠ
(૨૦) પ્રગ્ના રશ્મી મહેતા
(૨૧) ડિમ્પલ મનોજ શેઠ
(૨૨) બીના વિમલ શાહ
(૨૩) મનિષા રાજેશ શાહ

## મીરારોડ

(૧) અમિતાબેન કોઠારી
(૨) અભિતાબેન ચુડગર
(૩) પ્રીતિબેન મુકેશભાઈ શાહ
(૪) રશ્મિબેન શાહ
(૫) હર્ષાબેન ગોસલીયા
(૬) આરતી વસાણી
(૭) નિરાલી શાહ
(૮) અવનિ શાહ
(૯) ટ્વિંકલ શાહ
(૧૦) દેવયાનીબેન જોધાણી
(૧૧) જયશ્રીબેન ડી. શાહ
(૧૨) તેજલ પારેખ
(૧૩) જયશ્રીબેન ગોસલિયા
(૧૪) રૂપાબેન શાહ
(૧૫) ફાલ્ગુનીબેન શાહ
(૧૬) જયશ્રીબેન અજમેરા
(૧૭) ક્રિના પારેખ
(૧૮) શિલ્પાબેન અજમેરા
(૧૯) નમ્રતા કોઠારી
(૨૦) સરોજબેન વોરા
(૨૧) સોનલ અજમેરા
(૨૨) ઇલાબેન શાહ
(૨૩) ભારતીબેન બી. શાહ
(૨૪) જયશ્રીબેન એસ. શાહ
(૨૫) શિલ્પાબેન મેતલિયા
(૨૬) આશાબેન ગાંધી
(૨૭) પારૂલબેન ડી. શાહ
(૨૮) કલ્પનાબેન વોરા
(૨૯) સોનલબેન શાહ
(૩૦) ભાવિશાબેન શાહ
(૩૧) દક્ષાબેન શાહ
(૩૨) જાગૃતિ ગોસલીયા
(૩૩) ભદ્રાબેન શેઠ
(૩૪) અમી શાહ
(૩૫) ભારતીબેન એસ શાહ
(૩૬) એક સદગૃહથ તરફથી
(૩૭) ધનિષાબેન શાહ
(૩૮) રૂપાબેન સંતોશભાઈ શાહ

## મુંબઈ

(૧) નવિનભાઈ અમૃતલાલ મણિયાર
(૨) ચેતના પ્રકાશ પારેખ
(૩) ગીતા મુકેશ પારેખ
(૪) કુમુદ શાહ
(૫) વર્ષા ગાંધી
(૬) હર્ષા સંઘવી
(૭) રંજનબેન શાહ
(૮) કૌમુદીની કોઠારી
(૯) જયશ્રી વિજય શાહ
(૧૦) સ્મિતા સુરેશ શાહ
(૧૧) નેહા દોશી
(૧૨) આરતીબેન દાદભાવાળા
(૧૩) મીના શાહ
(૧૪) રશ્મીબેન અજમેરા
(૧૫) નિના ભાટિજા
(૧૬) સરોજબેન મહેતા
(૧૭) સુચિતાબેન ગાંધી
(૧૮) ચંદ્રિકાબેન સંઘવી
(૧૯) જ્યોતીબેન સંઘવી
(૨૦) સુનિતાબેન સંઘવી
(૨૧) ચંદ્રિકાબેન દોમાદી
(૨૨) સરોજબેન ગાંધી
(૨૩) પ્રમિલા હેમાની
(૨૪) બીનાબેન બેંકર
(૨૫) નિકિતાબેન બેંકર
(૨૬) જ્યોતીબેન વોરા
(૨૭) નીલા વોરા
(૨૮) જ્યોતી મયંક શાહ
(૨૯) દિપિકા એચ. શાહ
(૩૦) જયશ્રીબેન ઝાંગડા
(૩૧) પ્રગ્નાબેન સંઘવી
(૩૨) જયશ્રીબેન શાહ
(૩૩) ચેતના પારેખ
(૩૪) હંસાબેન વોરા
(૩૫) હિનાબેન વોરા
(૩૬) ચારૂ શાહ
(૩૭) કવિતા ભિમાની
(૩૮) સરોજબેન મણિયાર
(૩૯) રક્ષા કુવાડિયા
(૪૦) નેરૂબેન શાહ
(૪૧) સોનલ ભરત શાહ
(૪૨) એક બહેન તરફથી
(૪૩) જ્યોતી દિલીપ દેસાઈ
(૪૪) સંગીતા બી. મહેતા

## બોરીવલી

(૧) સેજલ ભાવેશભાઈ પારેખ
(૨) મંગલાબેન મહાસુખલાલ ગાધી
હઃ સોનલબેન નીકીતાબેન
(૩) પદ્માબેન સુર્યેકાન્ત ભાઈ શાહ
હઃ સોનલબેન
(૪) નલિનીબેન રમેશભાઈ વોરા
(૫) વષાબેન કિરીટભાઈ ડગલી
(૬) રીનાબેન વિપુલભાઈ દોશી
(૭) અમીબેન જયેશભાઈ દોશી
(૮) ઈન્દિરાબેન વિરેન્દ્રભાઈ સંઘવી
(૯) પ્રજ્ઞાબેન પંકજભાઈ શાહ
(૧૦) સરલાબેન ન્યાયલચંદભાઈ શાહ
હઃ રીટાબેન ભારતીબેન રીનાબેન
(૧૧) દામિનીબેન નરેન્દ્રભાઇ દોશી
(૧૨) મહેશ્વરીબેન મુકેશભાઈ વોરા
(૧૩) સરોજબેન દલીચંદભાઈ શાહ
(૧૪) રુપાબેન અરુણભાઈ મહેતા
(૧૫) દક્ષાબેન અશ્વિનભાઈ સંઘવી
(૧૬) રીટાબેન નવનીતભાઈ શેઠ
(૧૭) કુસુમબેન સુરેશભાઈ વોરા
(૧૮) કૈલાસબેન પકાશચંદ્ગ ગાંધી
(૧૯) પ્રભાબેન મહેન્દ્રભાઈ શાહ
(૨૦) સરોજબેન હીમંતલાલ દોશી
હ ; અલ્પાબેન

(૨૧) વીમળાબેન મનસુખભાઈ શાહ હ; સુવર્ણાબેન
(૨૨) મીનાક્ષીબેન કિશોરભાઇ શાહ
(૨૩) રુપાબેન સનતભાઈ સંઘવી
(૨૪) નયનાબેન નીતિનભાઈ શાહ
(૨૫) કુમુદબેન જૈન
(૨૬) કલ્પનાબેન દિનેશભાઈ મહેતા
(૨૭) બિન્દુબેન સુરેશભાઈ શાહ
(૨૮) મંજુલાબેન ધીરજલાલ શાહ
(૨૯) છાયાબેન રાજીવભાઈ દોશી
(૩૦) હંસાબેન અશોકભાઈ શાહ હ; માનસી
(૩૨) મીનાબેન ચંદ્રકાન્તભાઈ ગોસલીયા
(૩૩) અલ્કાબેન હરેશભાઈ શાહ
(૩૪) મધુબેન છબીલદાસ શેઠ
(૩૫) ચંદ્રિકાબેન અજમેરી
(૩૬) ભારતીબેન એન શાહ

**મુલુંડ**

(૧) લતાબેન કિરીટભાઈ ખાટડિયા
(૨) હીનાબેન અતુલભાઈ પારેખ
(૩) સવિતાબેન લલિતભાઈ શાહ
(૪) ઈલાબેન નવિનભાઈ શાહ
(૫) ભારતીબેન ભરતભાઇ ગોસલિયા
(૬) શ્રી લતાબેન મહેશભાઈ શાહ
(૭) શ્રી લિપસાબેન દિપેશભાઈ શાહ
(૮) શ્રી ભાવનાબેન કિશોરભાઈ શાહ
(૯) શ્રી પ્રીતિબેન ભાવેશભાઈ શાહ
(૧૦) શ્રી નયનાબેન હર્ષદભાઈ ડેલીવાળા
(૧૧) શ્રી રૂપાબેન હરેશભાઈ ગાંધી

**થાણે**

(૧) શ્રી ઝાલાવાડ મહિલા મંડળ થાણે

**પાર્લા**

(૧) ક્રિડા દિલીપભાઈ મહેતા
(૨) નીતા વિજય ગોપાણી
(૩) રસિલાબેન મહેન્દ્રભાઈ દોશી
(૪) પુર્ણિમાબેન પ્રવિણભાઈ સંઘવી
(૫) ભોગીલાલ શાંતિલાલ વોરા

**અંધેરી**

(૧) પુર્ણિમાબેન દિનેશભાઈ શેઠ

**ભાયંદર**

(૧) તેજલબેન કેતનભાઈ ગાંધી
(૨) મિલીબેન નિરવભાઈ ખંધાર

એક નવા કેન્દ્ર નો ઉમેરો ઝાલાવાડી મહિલા મંડળ માં થયો છે ભાયંદર કેન્દ્ર સ્વરૂપે ખુબખુબ અનુમોદના

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા –મુંબઈ

## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM। Lunch Time : 1.00 To 2.00 PM

Please Note : Office New Mobile No. 7208472884 • 7208481791 • 7208472744

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

લોનાવલા : મિલનભાઈ
9860125136
પંચગીની : નિરવભાઈ
9819012468

સંસ્થાના મેનેજર
શ્રી પ્રદીપભાઈ તુરખિયા
સંપર્ક
9867748120

પત્રિકા જાહેરખબર
દેવલાલી :
આશાબેન
9819956529

સુરેન્દ્રનગર અતિથિ ભવન
સુરેન્દ્રનગર – કેતનભાઈ શાહ
9099350644 / 9426756100
મુંબઈ – મિલનભાઈ તુરખિયા
9860125136 / 7208472884

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

# મદદની ચીસ સાંભળો... અથવા ઈંટના ઘા માટે તૈયાર રહો !

પરદેશની વાત છે.

એક વખત એક ખૂબ જ સફળ બિઝનેસમેન (વેપારી) પોતાની નવીનક્કોર કારમાં બેસીને એક શેરીમાંથી પસાર થઈ રહ્યો હતો. પોતાની ધૂનમાં 'મસ્ત મૌલા' એ સ્ટિરિયોની ધૂન પર ડોલતો-ડોલતો કાર ચલાવી રહ્યો હતો. શેરીના છેડે પાર્ક થયેલી થોડીક મોટરોની વચ્ચેથી કોઈક છોકરાએ એના તરફ હાથ હલાવ્યો. આ માણસનું અછડતું ધ્યાન તો ગયું. પરંતુ સત્તા, પૈસા તેમજ સફળતાનો મદ એવો હોય છે કે મદદ માટે લંબાવેલ હાથને માણસ જોઈ જ શકતો નથી. આ બિઝનેસમેન પણ જોયું ન જોયું કરીને આગળ વધી ગયો.

ધ...ડા...મ્મ...! એક ઈંટ એની તરફના દરવાજાના કાચ સાથે અથડાઈ. હવે એના પગ બ્રેક પર તરત જ ચોંટી ગયા ! ઈંટનો ઘા નબળો હતો એટલે કાચના ટુકડા તો ન થયા, પરંતુ કરોળિયાનાં જાળાં જેવો ધોબો જરૂર પડી ગયો. કાર પાછી લઈને એ બહાર કૂધો. ત્યાં ઊભેલા એક નાનકડા છોકરાને એણે ગળચીથી પકડીને બે ફેંટ ઝીંકી દીધી. 'ડોબા ! તારા એક ઘાએ જો મારી નવીનક્કોર કારની કેવી દશા કરી નાખી ? હવે આ નુકસાન કોણ તારો બાપ ભરશે ?'



પેલા છોકરાની આંખમાંથી આંસુની ધારા વહી નીકળી. કરગરતા અવાજે એ બોલ્યો : 'મને માફ કરો સાહેબ ! કેટલીય વારથી હું મદદ માટે હાથ હલાવું છું, પણ કોઈ ઊભું જ નથી રહેતું. મારો મોટો ભાઈ એની વ્હીલચેરમાંથી પડી ગયો છે. એના આખા શરીરે લકવો (પેરાલિસિસ) છે એટલે એ જાતે ઊભો થઈ શકતો નથી. એનું વજન એટલું બધું છે કે હું એને ઉઠાવી શકતો નથી. એનું મોં ધૂળમાં ઘૂસી ગયું છે. જો થોડી વારમાં કોઈ અમને મદદ નહિ કરે તો... એ નાનકડો બાળક આગળ ન બોલી શક્યો. ધ્રૂસકું નાંખી ગયો.

પેલા માણસના મગજમાં ફાટેલા જ્વાળામુખીમાંથી લાવાને બદલે દયાનું ઝરણું ફૂટી નીકળ્યું. એણે છોકરાનું ગળું છોડીને પૂછ્યું : 'તારો ભાઈ કયાં છે ? ચાલ મને બતાવ.'

પેલો છોકરો એને બાજુની કારની પાછળ લઈ ગયો ત્યાં પંદરેક વરસનો એક છોકરો પોતાની વ્હીલચેર સહિત આડો પડી ગયો હતો. એનું શરીર ખાસ્સું જાડું હતું. એનું મોં જમીન સરસું થઈ ગયેલું જેના લીધે એને શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. પેલા વેપારીએ એને ઊભો કર્યો અને વ્હીલચેરમાં પાછો બેસાડ્યો. પોતાનો રૂમાલ કાઢીને એના નાક-મોં લૂછ્યાં. પછી પોતાની કારમાંથી ફર્સ્ટ એઈડનું બોક્સ કાઢીને એને મલમપટ્ટી પણ કરી આપી. પેલો નાનકડું બાળક કૃતજ્ઞતાનાં આંસુ વેરતો ભગવાન તમારું ભલું કરો એવું બોલતો એના મોટાભાઈની વ્હીલચેરને ધક્કો મારતો-મારતો ચાલ્યો ગયો.

પેલા માણસે પછી એ કાર ક્યારેય ન વેચી. પોતાની તરફનો કાચ પણ રિપેર ન કરાવ્યો. કોઈ એને આ તૂટેલ કાચ અંગે પૃચ્છા કરતું તો એ કહેતો કે - 'આ કાચ હંમેશાં એક વાતની યાદ અપાવે છે કે જિંદગીમાં એટલું બધું ઝડપથી ક્યારેય ન ચાલવું કે તમારું ધ્યાન ખેંચવા માટે કોઈને ઈંટનો ઘા કરવો પડે !' પછી ધીમેથી ઊંડો શ્વાસ લઈને એ કહેતો કે - 'કાં તો મદદ માટેની ઝીણી ચીસ સાંભળો અથવા તો ઈંટના ઘા માટે તૈયાર રહો !!'

## ચિત્રકારનું ચિંતન

કલા-પ્રદર્શનમાં મૂકેલા એક ચિત્ર પર બધાની નજર જડાઈ રહેતી હતી. એના રંગોની છટા પણ અતિશય મોહક હતી. એમાં એક આકૃતિ દોરેલી હતી, જેનો ચહેરો ઘાટા વાળથી ઢંકાયેલો હતો, અને પગમાં પાંખો લગાડેલી હતી.



કોઈએ ચિત્ર બનાવનાર કલાકારને પૂછ્યું : 'આ કોનું ચિત્ર છે ?'

કલાકારે કહ્યું : 'અવસરનું.' 'પણ એનો ચહેરો કેમ ઢંકાયેલો છે ?'

'એટલા માટે કે અવસર આવે છે ત્યારે લોકો એને ઓળખી શકતા નથી.'

'અને આ પગની પાંખો ?'

'એ એમ સૂચવે છે કે અવસર આવીને એટલી ઝડપથી ચાલ્યો જાય છે કે પછી ફરી હાથ નથી આવતો !'

# જ્યાં પ્રેમ છે ત્યાં જીવન છે



અવંતિકા ગુણવંત

સવારના પહોરમાં રસ્તા પરથી ઝઘડવાનો અવાજ સંભળાયો. જોયું તો બાજુની ઝૂંપડપટ્ટીની કાંતા એના વર નંદુને ગાળો દીધે રાખતી હતી. 'મેર મૂઆ તું ફાટી પડ. તને કોગળિયું આવે, તને ગાંઠો નીકળે.' કાંતા એનામાં હતું એટલા જોરથી બેફામપણે બોલે જતી હતી.

સામે નંદુ પણ દાદાગીરી કરતો હતો. અપશબ્દો બોલતો હતો, પણ એના અવાજમાં કાંતાના અવાજ જેટલું જોમ ન હતું. મને ખ્યાલ આવી ગયો કે ચોક્કસ નંદુ જ વાંકમાં હશે નહિ તો એ કોમના પુરુષો સ્ત્રીઓ પર હાથ ચલાવતા ય વાર ના કરે, અને આવું ઢીલું ઢીલું તે બોલે નહિ. આ લોકોના વાકયુદ્ધમાં વચ્ચે પડવાની આપણી ગુંજાશ નથી માનીને હું વચ્ચે બોલી નહિ, પણ ઘરમાં ના ગઈ, ઓટલા પર ઊભી રહી, રખેને વાત વધી પડે તો વચ્ચે પડવું ય પડે. પણ ઝઘડો એ જ સૂર પર ચાલતો હતો. કોઈ આરોહ અવરોહ નહિ. ઉતાર ચડાવ નહિ. નીચલા વર્ગની સ્ત્રીઓ ઘર અને બાળકો સંભાળીને બેસી નથી રહેતી, પણ પોતાનાથી થાય એ કામ કરતી જ હોય છે.

આ કાંતા પણ રોજ શાક વેચવા જાય છે. નંદુ વહેલી સવારે મોટી મારકીટમાંથી શાક લઈ આવે પછી આખો દિવસ ઘેર આરામ જ કરતો હોય.

કાંતા મને જોઈને કહેવા માંડી, ''મૂઓ દારૂની લતે ચડયો છે.''

''દારૂ પીવા તમે શું કામ પૈસા આપો છો ? વેચાણ કરવા તમે જાઓ છો તો પૈસા તો તમારી પાસે રહેતા હશે ને !''

''બહેન, પૈસા તો આપવા જ પડે ને ! પુરુષ છે, એને વ્યસન ના હોય તો કોને હોય ?'' કાંતા વરનું ઉપરાણું લેતાં બોલી.

હું તો તાજુબ થઈ ગઈ, ''તો પછી ઝઘડો છો શું કામ ?'' મેં પૂછ્યું.

એ કહે, ''હું પૈસાને નથી રોતી, જુઓને કેવો થઈ ગયો છે ? મરવા પડયો છે.'' એના અવાજમાં નર્યું હેત હતું.

મને થયું ઘડીક પહેલાં તો આ કાંતા એને મરી જવાનું કહેતી હતી અને અત્યારે એ જ જીવ બાળે છે.

પણ આ તો છે પતિ-પત્નિના પ્રેમની ખૂબી.

ગુસ્સામાં આવીને કડવા વેણ બોલી કાઢે પણ હૈયે એટલી કડવાશ ના હોય. એ ગાળો પ્રેમના કારણે જ બોલાતી હોય. જે કોમમાં છૂટાછેડા અને પુનઃલગ્ન સામાન્ય બીના ગણાય છે એ કોમમાં ય આળસુ, વ્યસની કંઈક અંશે બેજવાબદાર વર માટે કેટલી લાગણી, કેટલી આત્મિયતા ! જાહેરમાં એ વર સાથે ઝઘડો કરે છે, પણ એને લાત મારીને પોતાના જીવનમાંથી કાઢી નથી મૂકતી. દારૂડિયા વરને નીભાવવાની કોઈ એને ફરજ નથી પાડતું, પણ એનો પ્રેમ એટલો પ્રબળ છે કે એ વરને વઢે છે, પણ છોડી નથી શકતી. એની બધી નબળાઈ ચલાવી લે છે. અને મને યાદ આવી વરસો પહેલાંની એક ઘટના. અમારા ઘરની બાજુના ઘરમાં એક બહેનના પતિ એમને મારતા હતા. ત્યારે મારી ઉંમર હશે છ સાત વર્ષની. હું તો હેબતાઈ જ ગઈ, આવડા મોટાં બહેનને મરાય ? અમારી સોસાયટીમાં કોઈ માબાપ એમનાં બાળકોનેય મારતાં નહિ. મેં મારી બાને કહ્યું, બાએ બાપુજીને કહ્યું. બાપુજીને થયું. આપણાથી તો કંઈ બોલાય નહિ, તો શું એ બાઈ પર જુલમ ગુજારાય એ જોયા કરવાનું ? બહુ વિચાર કરીને એમણે અમારા પરિચિત એક સ્ત્રી કાર્યકરને વાત કરી. કાર્યકર બહેન પેલા બહેનને મળ્યાં તો પેલાં બહેન કહે, ના અમારા ઘરમાં એવું કશું છે જ નહિ. મારા પતિ બહુ સારા છે. કાર્યકર બહેન સમજી શક્યાં કે પેલા બહેન જૂઠું બોલે છે. પણ જો એ ફરિયાદ કરવા જ તૈયાર ના હોય તો એમનો બચાવ કઈ રીતે થાય ?

પેલા બહેન સમાજમાં પોતાનું ખરાબ દેખાય, આબરૂ જાય એ ડરથી કંઈ બોલ્યાં જ નહિ. અને ત્રાસ સહન કરતાં જ રહ્યાં. ક્ષણે ક્ષણે મરતાં રહ્યાં.

કેટલાંક લગ્ન એવા હોય છે, જેમાં પ્રેમ નથી હોતો, પરંતુ એ લગ્ન નભે છે. સ્ત્રીની લાચારીના કારણે, સમાજના ડરના કારણે. એ જમાનામાં તો લોકો એવું માનતા જ હતાં કે સ્ત્રીએ સહન કરીને પણ લગ્ન નિભાવવા જોઈએ અને કદાચ હિંમત કરીને સ્ત્રી એ લગ્નબંધનથી છૂટી થઈ જાય તો ય એ સુખનો અનુભવ નહતી કરી શકતી. હા, જીવનમાંથી કલહકંકાસર શોષણ જાય, પણ સ્વાભાવિક પ્રસન્નતા ભાગ્યે જ મળતી.

અમારા પરિચિત સતીશભાઈના પત્ની ખૂબ ખર્ચાળ, આવક કરતાં જાવક વધારે, સતીશભાઈ કેટલું સમજાવે, પણ એ બહેન સાંભળે જ નહિ. રોજ રોજના કકળાટ અને પૈસાની ચિંતાથી છૂટવા એ પતિ-પત્ની છૂટાં પડી ગયાં. હવે સતીશભાઈના ઘરમાં પૈસા

ખરચનાર કોઈ રહ્યું નથી, બધા પૈસા બચે છે, પણ હવે સતીશભાઈ કહે છે, શું કરવાના આ આ પૈસાને ? ભલેને એ પૈસા ખરચતી હતી, મારું સાંભળતી ન હતી, અમે ઝઘડતાં હતાં તોય જીવન ભર્યું ભર્યું લાગતું હતું, કલહમાંય એક પ્રકારની મીઠાશ હતી, પોતાપણું હતું, જ્યારે અત્યારે તો ઘરમાં અને જીવનમાં સૂનકાર છે. શું કરવાના આ પૈસાને ? માત્ર પૈસાથી સુખ નથી મળતું. હવે એમને પસ્તાવો થાય છે કે શું કામ છૂટા પડયા ?

પતિ-પત્ની એક સરખા બેકગ્રાઉન્ડ-માંથી આવતાં હોય છતાંય સ્વભાવ વિચારસરણી અને આદર્શો જુદાં હોય તો સાયુજ્ય નથી સાધી શકાતું. સાથે રહે છતાંય તેઓ સાથે સાથે નથી હોતાં. એમનું સહજીવન ખોખલું હોય છે. નિષ્પ્રાણ હોય છે.

પતિ-પત્નીના સંબંધનો પ્રાણ છે પ્રેમ. ઉષ્માભર્યો પ્રેમ, કાળજીભર્યો પ્રેમ. સમસ્ત જીવન પર છવાઈ જતો મધુર, શીતળ, નિષ્ઠાભર્યો ક્ષણેક્ષણનો પ્રેમ. પ્રેમ વગરનું જીવન. જીવંત નથી હોતું.

❖❖❖

# દાદા, તમારા કેટલા દોસ્ત છે ?

રાહુલે નટવરભાઈને પૂછ્યું.

''બેટા, મારા તો ગણીને બે કે ત્રણ ખાસ દોસ્ત છે. તારા કેટલા દોસ્ત છે ?''


''દાદા, મારા તો ફેસબુક પર ૩૦૦ દોસ્ત છે. ઈન્સ્ટાગ્રામ પર ૨૭૫ દોસ્ત છે અને ટ્વીટર પર ૨૫૦ જેટલાં દોસ્ત છે.''

''એમાંથી તને ખરા સમયે કામ લાગે એવા દોસ્ત કેટલાં ?''

''અરે ! દાદા, અમે બધા દોસ્ત એકબીજા પર જીવ ન્યોછાવર કરી દઈએ.''

''તેં કદી એમની પાસે કોઈ પ્રકારની મદદ માંગી જોઈ છે ? મિત્રોની ખરી કસોટી મુશ્કેલીના સમયમાં જ થાય. જો તારે કસોટી કરવી હોય તો તારા દોસ્તો પાસે ૧૦૦૦૦/- રૂપિયા માંગી જો. કોણ ખરેખર તારો દોસ્ત છે તે ખબર પડી જશે.''

''અરે ! એમાં શું મોટી વાત છે ? હમણાં મેસેજ મૂકીશ તો એક કરતાં એકવીસ દોસ્ત પૈસા લઈ હાજર થઈ જશે.'' રાહુલે દાદા સામે બડાઈ હાંકતા કહ્યું અને ગ્રુપમાં એક મેસેજ મૂક્યો કે મારે તાકીદની પરિસ્થિતિ ઊભી થઈ છે અને મને તાત્કાલિક ૧૦,૦૦૦/- રૂપિયાની જરૂર છે.''



થોડીવારમાં એના મોબાઈલમાં મેસેજ આવવાની શરૂઆત થઈ ગઈ. રાહુલ ખુશ થઈ ગયો. એણે પહેલો જ મેસેજ નૈતિકનો જોયો. ''અરે ! દોસ્ત, હમણાં થોડી વાર પહેલાં જ મેં લાઈટ બિલ ભર્યું, નહિતર ચોક્કસ આપતે. ''સોહિલનો મેસેજ આવ્યો, ''યાર, જરાક પહેલાં મેસેજ કર્યો હોત તો ? મેં હમણાં જ મારી ફિયાન્સી માટે ગિફ્ટનું બિલ પે કર્યું.'' રાહુલ જરા નિરાશ થયો પણ દાદાએ કહ્યું, ''હજી રાહ જો, કોઈને કોઈ તો જરૂર મદદ કરશે.'' સવારની રાત પડી પણ કહેવાતાં કોઈ દોસ્તે મદદ કરવાની તૈયારી ન બતાવી. ઉલટાનું બધાએ કોઈને કોઈ બહાના કાઢ્યા નહીં તો સલાહ આપી. રાહુલ ખૂબ ઉદાસ થઈ ગયો.

એટલીવારમાં નટવરભાઈએ એમના ખાસ દોસ્ત રમણભાઈને મેસેજ કર્યો. હજી તો અડધો કલાક ન થયો એટલે ઘરનો દરવાજો ખખડ્યો. રાહુલે દરવાજો ખોલ્યો તો સામે રમણભાઈ ઊભા હતા. ''અલ્યા, નટુ ! આ લે ૧૦,૦૦૦/- રૂપિયા અને તારું કામ પતાવ.''

''અરે ! રમણ, જરાક શ્વાસ તો લે, પાણી પી.''

''નટુ, એ બધું પછી. તેં મને આટલી મોડી રાત્રે મેસેજ કર્યો એનો અર્થ એ જ કે કોઈ ખાસ મુશ્કેલી હશે. તો જ તું મને જણાવે. ચાલ, હવે પહેલાં તારું કામ પતાવ.''રમણભાઈના એકેએક શબ્દમાં એમના દોસ્ત પ્રત્યેના પ્રેમનું ઝરણું વહેતું દેખાતું હતું. એક પણ પ્રશ્ન વગર તેઓ તરત જ દોસ્તને મદદ કરવા હાજર થઈ ગયા હતા. થોડીવારમાં રમણભાઈ પોતાના ઘરે જવા નીકળી ગયા.

એમના ગયા પછી રાહુલ નટવરભાઈને વળગીને રડી પડ્યો. ''દાદા, મને સમજાય ગયું કે ખરો દોસ્ત કોને કહેવાય. તમારે ભલે એક બે જ મિત્રો છે પણ એ મુશ્કેલી વખતે તરત પડખે આવીને ઊભા રહે એવા છે. જ્યારે મારા બધા આભાસી મિત્રો છે.'' દાદાએ પ્રેમથી રાહુલના માથે હાથ ફેરવ્યો.

# સમાચાર સંકલન

**શ્રી ઝાલાવાડ મહિલા મંડળ મુલુંડ**

શ્રી ઝાલાવાડ મહિલા મંડળ મુલુંડનો ૫૦ વર્ષની ઉજવણી રૂપે નવા વર્ષ નો પ્રથમ કાર્યક્રમ મુલુંડ મોટા ઉપાશ્રયમાં શુક્રવાર ૨૨/૧૨/૨૦૨૩ ના થયો.

પ્રથમ રજીસ્ટ્રેશન થયું. રેગ્યુલર તથા નવા જોડાયેલ મેમ્બર્સને સુંદર કડાઈ ભેટ આપવામાં આવી. કાર્યક્રમની શરૂઆત સામાયિક તથા જાપ થી થઇ. કમિટીની બહેનોએ ધાર્મિક ગેમ્સ, ધમાલ મસ્તીથી મનોરંજનથી સરભર ગેમ્સ રમાડી અને પ્રથમ જીતનાર ગ્રુપને પ્રાઈઝ અને બીજા પ્રાઈઝ પણ આપવામાં આવ્યા.

આખા વર્ષ દરમ્યાન બધા કાર્યક્રમમાં હાજરી આપનાર બહેનોને સ્પેશિયલ પ્રાઈઝ આપવામાં આવ્યા તેથી બીજા બહેનોનો પણ ઉત્સાહ વધે.

પ્રમુખ શ્રી લતાબેન ખટાડિયા અને શ્રીમતી હીના બેન પારેખે ૯/૧/૨૦૨૪ નો. ગોલ્ડનજયુબિલી મુલુંડના પ્રોગ્રામ તથા ૧૦ મી માર્ચ બૃહદ મુંબઈ ના પ્રોગ્રામ ની સુંદર રજૂઆત કરી. બધી બહેનોએ ગપ્પા ગોષ્ટી સાથે સ્વાદિષ્ટ ભોજન નો આનંદ માણ્યો. મુલુંડ કેન્દ્ર નો ૨ જો પ્રોગ્રામ, તારીખ ૯/૧૧/૨૦૨૪,મંગળવાર

ગોલ્ડન જયુબિલી સેલિબ્રેશન વર્ષનો પ્રોગ્રામ જેનું નામ હતું 'ઝાલાવાડ ઝુમોત્સવ' જે બૃહદ મુંબઈ નાં દરેક કેન્દ્રમાં યાદગાર બની રહ્યો. પ્રમુખ શ્રી લતાબેન ખાટડિયા તેમજ શ્રી હીનાબેન પારેખ નાં સંગાથે અને સર્વ કમિટિ મેમ્બર્સ નાં પ્લાનિંગ સાથેનાં પરિશ્રમે આ ભવ્ય અને શાનદાર કાર્યક્રમ મુલુંડનાં પદમાવતી બેન્કવેટમાં આયોજીત થયો હતો. એક સરખી સુંદર ગુજરાતી સાડીઓમાં સજ્જ આખી કમિટી શોભી રહી હતી. મુલુંડ કેન્દ્ર ની બધી જ બહેનો, આમંત્રિત બૃહદ મુંબઈ નાં દરેક પ્રમુખો, આમંત્રિત મહેમાનો પણ સુંદર સજ્જ થઈને આવ્યા હતાં તેથી જાણે લગ્નનો માહોલ સર્જાઈ ગયો હતો. કાર્યક્રમ ની શુભ શરૂઆત મુલુંડ ની કોકિલ કંઠી શ્રી જીગિશાબેન રાંભિયા દ્વારા થઈ અને સમગ્ર પ્રોગ્રામ 'નારી તારા નવલા રૂપ'નાં નેજા હેઠળ, સુંદર મજાનાં ગુજરાતી તેમજ હિન્દી ગીતોનાં સુરતાલ માં સહુ રંગાઈ ગયા હતાં. આ કાર્યક્રમ ને ઓપ આપનારા સર્વે ડોનર્સ નું ગિફ્ટ સાથે બહુમાન, ૧૮ થી ૨૪ ધાર્મિક શ્રેણીનાં પરિક્ષાર્થીઓનું બહુમાન, વર્ષિતપ નાં તપસવીઓ નું બહુમાન કરવામાં આવેલ હતું.શ્રી ઝાલાવાડ મિત્ર મંડળનાં પ્રમુખ શ્રી મહેશભાઈ શાહ તથા તેમનાં કમિટી મેમ્બર્સ નું સ્વાગત સહ બહુમાન કરેલ હતું.શ્રી મિત્ર મંડળે આ પ્રસંગે ૫૧૦૦૦ રૂપિયાનું યોગદાન આપી મહિલા મંડળનાં કાર્યક્રમ નાં ડાયમંડ ડોનર્સ બન્યા હતાં. શ્રી લતાબેન ખાટડિયા એ સુંદર અને ઉલ્લાસભેર સ્વાગત પ્રવચન આપેલ હતું. જેમાં ભુતકાળનાં સંભારણા તેમજ પાયાનાં પથ્થર સમાં વડિલોને યાદ કર્યા હતાં જેમાં મુલુંડ કેન્દ્રનાં શ્રી સવિતાબેન લલિતભાઈ શાહ, શ્રી સરોજબેન વાડીલાલ શાહ તેમ જ શ્રી કુસુમબેનને યાદ કર્યા હતા. શ્રી બૃહદ મુંબઈનાં પ્રમુખોનું સંગીતનાં સુરે સ્વાગત કરી સહુને ખેસ, શ્રીફળ તેમજ ગિફ્ટથી બહુમાનિત કર્યા હતાં. પ્રમુખોએ પણ ગરબા તેમજ ડાન્સ કરી આખા માહોલને નયનરમય કરી દીધો. આ કાર્યક્રમ નું સ્પેશિયલ આકર્ષણમાં આખી કમિટી દ્વારા આત્મવિશ્વાસ તથા તાજગીસભર નૃત્ય નાટિકા હતી જેમાં નારીઓની ઉછળતી લાગણીઓને સુંદર રીતે પ્રસ્તુત કરી હતી. આ સમસ્ત પ્રોગ્રામમાં દરેક વ્યકિતઓ નાં મુખ પર આનંદ અને હર્ષ છલકાઈ રહ્યો હતો.ઝાલાવાડ સભાનાં મહિલા ટ્રસ્ટી શ્રી મનીષાબેન મીનેશભાઈ શાહ ની ઉપસ્થિતિ શોભામાં અભિવૃદ્ધિ કરી હતી જેમણે પ્રાસંગિક સ્પિચ આપી પ્રોગ્રામ નવાજયો હતો.સુંદર રાસ ગરબા રમનાર ને તેમજ સુંદર વસ્ત્ર પરિધાન કરેલ બહેનોને ઈનામોની લહાણ કરવામાં આવેલ હતી.ત્રણે પેઢીને સંલગ્ન કરતાં આ અવિસ્મરણીય પ્રોગ્રામની આભારવિધી શ્રી હીનાબેન પારેખે કરેલ હતી. આ યાદગાર ઉજવણું આવનારા વર્ષોનું એક સંભારણું બની રહેશે.

**આ કાર્યક્રમ ને ઉજળો બનાવનાર ડોનર્સ ના નામ નીચે મુજબ છે.**

**ડાયમંડ ડોનર્સ-૫૧૦૦૦ રૂપિયા**

શ્રી સ્થાનકવાસી ઝાલાવાડી મિત્ર મંડળ,

**ગોલ્ડન ડોનર્સ-૧૧૦૦૦ રૂપિયા**

શ્રી પ્રીતિબેન ભાવેશભાઈ શાહ
શ્રી નયનાબેન હર્ષદભાઈ ડેલિવાળા
શ્રી રૂપાબેન હરેશભાઈ ગાંધી

**સિલ્વર ડોનર્સ-૫૦૦૦**

શ્રી ભારતીબેન કાર્તિકેય શાહ
શ્રી મનીષાબેન મેહુલભાઈ શાહ
શ્રી સ્નેહલતાબેન જે સંઘવી
શ્રી વર્ષાબેન બિપીનભાઈ સંઘવી
શ્રી વર્ષાબેન દિપકભાઈ ખાટડિયા
શ્રી જાગૃતિબેન નિતીનભાઈ પારેખ
શ્રી દિપ્તીબેન પી ભાયાણી
માતુશ્રી પુષ્પાબેન અનોપચંદ દોશી

❖❖❖

**મહત્ત્વની સૂચના**

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.



# નાનકડો ફાયરમૅન

## (આગ ઓલવવાવાળો)

ડૉ. આઈ. કે. વીજળીવાળા

'દીકરા બીલી ! મોટા થઈને તારે શું બનવું છે ? તેં કંઈ વિચારી રાખ્યું છે ખરું ?' હૉસ્પિટલના બિછાના પર પડેલા બીલી નામના નાનકડા છોકરાને તેની માતાએ પૂછ્યું. બ્લડ-કૅન્સર (લોહીના કૅન્સર) ના છેલ્લા સ્ટેજમાં પહોંચી ગયેલ બીલીના બચવાની હવે કોઈ જ શક્યતા નહોતી. બીલીની માતા આ વાત બરાબર જાણતી હતી. બીજાં બધાં માબાપની માફક એને પણ પોતાનો દીકરો મોટો થઈને પોતાનાં સપનાંઓ પૂરાં કરી શકે તેવી તમન્ના હતી. પરંતુ બીલીને થયેલો રોગ જ એવો હતો કે એ મોટો થઈ શકે તે વાત અશક્ય લાગતી હતી. માતાના અવાજમાં આ સત્યની વેદના અને ઉદાસીનતા બંને છલકાતાં હતાં. છતાં પણ પોતાના વહાલા દીકરાની એવી કોઈ ઈચ્છા હોય જે પોતે આ સમયે પૂરી કરી શકે તેમ હોય તો પૂરી કરવાનો પ્રયત્ન કરી છૂટવો એવી ગણતરીથી એ પૂછતી હતી.

શારીરિક વેદનાથી પીડાતા બીલીના મોં પર માતાનો પ્રશ્ન સાંભળીને પ્રસન્નતાની લહેર દોડી ગઈ. હૉસ્પિટલની પથારીમાંથી અર્ધો બેઠો થઈને એ બોલી ઊઠ્યો : 'હા, મા ! મોટો થઈને મારે ફાયરમૅન બનવું છે. જોજે ને મા ! હું એક ખૂબ જ બહાદુર ફાયરમૅન થવાનો.' પછી એકાદ ક્ષણ માટે એ અટકી ગયો. થોડો વિચારમાં પડી ગયો. પછી બોલ્યો, 'મા ! મારું સપનું સાચું તો પડશે ને ? હું એટલું જીવીશ તો ખરો ને ?'

બીલીના અવાજમાં શંકા હતી. પોતાના રોગને સંપૂર્ણપણે સમજી શકે તેટલી ઉંમર હજુ તેની નહોતી થઈ, છતાં એ ઘણું બધું સમજતો થઈ ગયો હતો.

'હા, મારા દીકરા ! તારું એ સપનું જરૂર સાચું પડશે. હું એના માટે પ્રયત્ન કરીશ.' દીકરાના અવાજમાં રહેલ શંકાનો અણસાર મળી ગયો હતો છતાં માતાએ દૃઢ અવાજે કહ્યું. પછી બીલીને સુવડાવીને એ વિચારે ચડી ગઈ.

બીજા દિવસે બીલીની માતા એ લોકો રહેતા હતા એ ફિનિક્સ શહેરના લોકલ ફાયર ડિપાર્ટમૅન્ટ (લાયબંબાખાતુ)માં જઈ પહોંચી. ત્યાંના હેડ ફાયરમૅન બૉબને મળીને એણે પોતાની કૅન્સરથી પીડાતા છ વરસના દીકરાની અંતિમ ઈચ્છા અંગે વાત કરી. પછી વિનંતી કરી કે બીલીને એકાદ દિવસ માટે પણ જો બૉબ અને એના સાથીઓ ફાયરફાઈટર (લાયબંબા) પર બેસાડીને ગામમાં નાનકડો આંટો મરાવશે તો એ માસૂમ બાળકને ખૂબ આનંદ થશે. આટલી વિનંતી કરીને એ અટકી.

પરંતુ બૉબ કંઈ જુદું જ વિચારતો હતો. થોડી વાર વિચાર રીને એ બોલ્યો, 'જુઓ મૅડમ ! એનાથી પણ કંઈક વધારે સારું કરવાની મારી તમન્ના છે. મહિનાના એક બુધવારે અમે એક બાળકને માનદ ફાયરમૅન બનાવીએ છીએ. અને એકાદ આંટો મરાવીએ છીએ. પણ બીલી માટે મારા મનમાં જુદો જ પ્લાન છે. બુધવારે જો એના ડૉક્ટર્સ મંજૂરી આપે તો અમે સવારથી જ બીલીને અમારી જોડે લઈ જઈશું. જો તમે મને અત્યારે એનાં કપડાંનું માપ લખાવી શકો તો એના માટે સાચા ફાયરમૅનનાં કપડાં જ સિવડાવી લઈશું. ફાયરમૅન ડ્રેસની જોડાજોડ એના માટે એના માપના ખાસ બૂટ તેમજ હૅલ્મેટ પણ બનાવી લઈશું. આ બધું અમારા ડિપાર્ટમૅન્ટમાં જ બને છે. એટલે વાર પણ નહીં લાગે. અને હા ! એ આખ્ખો દિવસ બીલી અમારી સાથે જ રહેશે. અમારી સાથે અમારી કૅન્ટીનમાં જ ભોજન લેષે અને આગ ઓલવવાના કાર્યમાં પણ સાચા ફાયરમૅનની જેમ અમારી જોડે જ રહેશે !'

બૉબ બોલી રહ્યો પણ પેલી માતા હજુ આ વાત માની શકતી નહોતી. એની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી. મૃત્યુના દ્વારે ઊભેલા પોતાના દીકરાને માટે કોઈ આટલું બધું કરી શકે તે એના માન્યામાં જ નહોતું આવતું. બૉબને આભાર કઈ રીતે માનવો એ પણ એને નહોતું સમજાતું. પોતાના દીકરાના ડ્રેસ તેમજ બૂટનું માપ લખાવીને રડતાં રડતાં જ એણે બૉબનો આભાર માનીને વિદાય લીધી.

એ બુધવારે વહેલી સવારે જ ફાયરમૅન બૉબ હૉસ્પિટલમાં બીલીના બૉર્ડમાં આવી પહોંચ્યો. બીલીની માપનો નવો ફાયરમૅન-ડ્રેસ એ પોતાની જોડે જ લાવેલો. બીલીનાં હૉસ્પિટલનાં કપડાં કઢાવીને એને ફાયરમૅનની વરદી પહેરાવવામાં આવી. સરસ પીળી હૅલ્મેટ માથએ પહેરીને આગળ બૉબ અને પાછળ નાનકડો

ફાયરમૅન બીલી રુઆબભેર હૉસ્પિટલમાંથી બહાર આવી સીડીઓવાળી ફાયરટ્રકમાં બેઠા અને ફાયરસ્ટેશન તરફ હંકારી ગયા. બીલી માટે તો આ અનુભવ ખરેખર અવર્ણનીય હતો. એ તો જાણે સાતમા સ્વર્ગમાં પહોંચી ગયો હતો.

એ દિવસે ફિનિક્સ શહેરમાં ત્રણ જગ્યાએ આગ લાગી. ત્રણેય જગ્યાએ આગ ઓલવવાના કામ દરમિયાન સુરક્ષિત અંતરેથી લીનીને પણ સામેલ કરવામાં આવ્યો. ફાયરચીફ આવેલા એમણે પોતાની કારમાં બીલીને બેસાડીને ફેરવ્યો. અરે ! એક વખત તો આગમાં ઈજા પામેલા લાકોને લઈ જતી ઍમ્બ્યુલન્સમાં પણ એને સાથે લેવામાં આવ્યો. આ બધામાં સૌથી અગત્યની વાત એ હતી કે આ દરેક ઘટનાનું - દરેક ક્ષણનું વીડિયો રેકોર્ડિં કરવામાં આવ્યું હતું. આ વીડિયો એ જ રાત્રે લોકલ ચૅનલ પરથી પ્રસારિત પણ કરાઈ. એ રાત્રે હૉસ્પિટલની પથારી પરથી આ દશ્યો જોતી વેળા બીલી ખુશીથી કૂદકા મારતો હતો જ્યારે એની મા અને હૉસ્પિટલનો સ્ટાફ અશ્રુભીની આંખે એની વીડિયો અને એની ખુશી બંને નિહાળી રહ્યાં હતાં. બીલીના મન અને શરીર પર આ ઘટનાની એટલી બધી ઊંડી અસર થઈ કે ધારણા હતી તેના કરતાં પણ એ ત્રણ મહિના વધારે જીવ્યો અને એ પણ કોઈ વધારાની તકલીફ વગર !

ત્રણ મહિના પછી એક રાત્રે અચાનક જ બીલીની તબિયત લથડતી ચાલી. એના ધબકારા ધીમા પડવા લાગ્યા. ડ્યૂટી પરની હેડ નર્સને ખ્યાલ આવી ગયો કે બીલીની અંતિમ ક્ષણો હવે નજીક છે. એણે ફોન કરીને એની માતા, ડૉક્ટર્સ તેમજ સગાંવહાલાંઓને બોલાવી લીધાં. અચાનક એને યાદ આવ્યું કે બીલીનું સપનું એક ફાયરમૅન બનવાનું હતું. અને એક આખો દિવસ એ માનદ ફાયરમૅન તરીકે પણ રહી ચૂક્યો છે. કંઈક વિચાર કરીને એણે ફિનિક્સ શહેરના ફાયર ડિપાર્ટમૅન્ટમાં ફોન કર્યો. નસીબજોગે બૉબ જ ડ્યૂટી પર હતો. હેડ નર્સે એને વિનંતી કરી કે ‘બીલી જ્યારે દેહ છોડે ત્યારે એ લોકો જો એકાદ ફાયરમૅનને અહીં મોકલી શકે તો બીલીને એની અંતિમ ક્ષણોમાં પણ ઘણું સારું લાગશે.’

બૉબે થોડીક વાર વિચાર કર્યો. પછી કહ્યું કે, ‘મૅડમ, એનાથી પણ કંઈક સારું કરવાની અમારી તમન્ના છે. અમે પાંચેક મિનિટમાં જ આવીએ છીએ. બીલીના રૂમની બારી ખુલ્લી રાખજો. અને હા ! આખા સ્ટાફ તેમજ અન્ય દર્દીઓને જાણ કરી રાખજો કે સાઈરન વગાડતાં અમે આવીએ ત્યારે કોઈ આગ લાગી છે તેવું ન સમજે, નહીંતર ખાલી ખોટી દોડાદોડી થઈ જશે !’ એટલું કહી એણે ફોન મૂકી દીધો.

પાંચેક મિનિટ પછી સાઈરન વગાડતી, લાલ લાઈટોના ઝબકારા કરતી ફાયરટ્રક હૉસ્પિટલના પ્રાંગણમાં આવી પહોંચી. એની સીડી ત્રીજા માળની લારી સુધી લંબાવવામાં આવી. એક પછી એક એમ પેલા બુધવારે હતા એ સોળેસોળ ફાયરમૅન બીલીના રૂમન બારીમાંથી દાખલ થયા. એની માતા તેમજ હાજર રહેલા ડૉક્ટરની પરવાનગી લઈ દરેક ફાયરમૅને બીલીને બાથમાં લઈને ખૂબ વહાલ કર્યું. પછી એની સામે ઊભા રહી બધાએ એક સાથે કહ્યું કે, ‘અમારા નાનકડા ફાયરમૅન ! અમે તને ખૂબ જ ચાહીએ છીએ ! We all love you!’

છેલ્લાં ડચકાંઓ વચ્ચે બીલીએ આંખ ખોલી. બૉબ સામે જોઈને એણે પૂછ્યું, ‘ચીફ ! શું ખરેખર હું સાવ સાચો ફાયરમૅન બની ગયો છું ?’

આંખમાં આંસુ સાથએ પણ એકદમ મક્કમ અવાજે બૉબે કહ્યું, ‘યસ, લિટલમૅન ! હા, વહાલા દીકરા ! તું ખરેખર સાવ સાચો ફાયરમૅન બની ગયો છે !’

બીલીએ આનંદના ભાવો સાથે પોતાની મા તરફ આંખો ફેરવી પછી કહ્યું, ‘જો મા ! જો ! હું તને નહોતો કહેતો ? જોઈ લે ! હું સાચો ફાયરમૅન બની ગયો છું ! તું જો તો ખરી !’ અને આંસુઓમાં ડૂબેલી મા કંઈ પણ જવાબ આપે એ પહેલાં ખુશખુશાલ ચહેરા સાથે બીલીએ પોતાની આંખ હંમેશ માટે બંધ કરી દીધી. બૉબ અને સાથી ફાયરમૅન પોતાની કૅપ હાથમાં લઈ એને સલામી આપી રહ્યા.

❖❖❖

## ગાંધીજીની વિનોદવૃત્તિ

ગાંધીજી કેટલાક બાળકોને ગમ્મત સાથે જ્ઞાન પીરસી રહ્યાં હતાં.

ઉછળતાં-કૂદતાં બાળકોએ અચનાક જ ગાંધીજીને પૂછ્યું : ‘બાપુ, તમે અમારી જેમ કૂદી શકો ખરા ?’

બાપુ બોલ્યા : ‘જરૂર, પણ પહેલા જો તમે મારી માફક કરી શકો તો !’

એમ કહી બાપુએ પોતાના મોંમાથી દાંતનું ચોકઠું બહાર કાઢી બાળકો સમક્ષ ધર્યું.

અત્યંત વ્યસ્ત જીવન, ભરચક જવાબદારીઓ અને ભરપૂર સંઘર્ષ વચ્ચે પણ સરળતા, સહજતા અને રમૂજ વૃત્તિથી સાદુ જીવન જીવવાની આ અદ્‌ભુત કળા સૌને સાધ્ય થોડી હોય છે ? આવા મહાન વિરલાઓ જ એ પ્રાપ્ત કરી શકે.

સૌજન્ય : સ્પીડ બ્રેકરમાંથી

# વ્યાપારમાં તમારી દાનતને શુદ્ધ રાખજો

અરવિંદ ન. શાસ્ત્રી

ભગવાન બુદ્ધના અનેક જન્મ થયા, તેમાંના એક જન્મની આ કથા છે.

બુદ્ધનો એક જન્મ રમકડાં વેચતા એક ફેરિયાને ઘેર પણ થયો હતો. રમકડાંનો ટોપલો ઉંચકીને તેઓ શહેરમાં ગયા. નસીબસંયોગે કોઈ બીજો ફેરિયો પણ એની સાથે થઈ ગયો. એ પણ એની સાથે જ શહેરમાં પ્રવેશ્યો. આ શહેરમાં એક જૂના નગરશેઠનું કુટુંબ રહેતું હતું.

એમનું ઘર તો વિશાળ હતું, પણ નગરશેઠ અને તેના કુટુંબીઓ મરી પરવાર્યા હતાં. વૈભવ પણ નાશ પામ્યો હતો. એ મોટી હવેલીમાં એક ડોશી તથો ના દિકરાની નાની દિકરી જ રહેતાં. હવે તો ઘરમાંથી કચરો નાખવાની શક્તિ પણ ડોસીમાં મા નહોતી. ચીજ-વસ્તુઓ ગમે તેમ પડી રહેતી. એમાંથી ડોસી ચીજો વેચીને ઉદરનિર્વાહ કરતી. ભગવાન બુદ્ધ સાથે શહેરમાં પ્રવેશેલો પેલો ફેરિયો ફરતો-ફરતો ત્યાં આવી પહોંચ્યા, અને 'રમકડાં લ્યો, રે રમકડાં' - એમ બૂમ પાડી.

રમકડાનું નામ સાંભળી નાની છોકરી હવેલીમાંથી બહાર દોડી આવી. તેણે એક રમકડું પસંદ કર્યું ફેરિયાએ તેની કીંમત કહી. ડોસીમાએ બહાર આવી કહ્યું : 'નાણાં તો નહિ મળે, પણ એક જૂની-કાટ ખાઈ ગયેલી થાળી છે. જોઈએ તો એ લઈને આ રમકડું છોકરીને આપી દે.'

ફેરિયાએ થાળી તપાસી. તેને એક બાજુથી ઘસી તો ચમકવા લાગી. એ સમજી ગયો કે થાળી સોનાની હતી. એને લોભ લાગ્યો. ડોસીમાને ફેરિયાએ કહ્યું : 'આ થાળી તો પતરાંની અને ફુટેલી હોવાથી નકામી છે. એની ફુટી બદામ પણ આવે તેમ નથી. આ રમકડું તો ભારે કિંમતનું છે.' અને તેણે થાળી આપી દીદી.

ફેરિયાના મનમાં એમ હતું કે છોકરી રમકડાં માટે જીદ પકડશે એટલે ડોશી આવી બીજી થાળી કાઢી આપશે. આમ વિચારીને ફેરિયો લોભમાં ને લોભમાં ચાલતો થઈ ગયો, પણ ડોસીએ તેને બોલાવ્યો નહિ. તેની પાસે બીજી થાળી હતી જ નહિ, એટલે તે ઘરમાં કામે વળગી. છોકરી કાંઈ બોલી નહિ, એટલે ફેરિયાની ઈચ્છા બર આવી નહિ.

હવે બીજો ફેરિયો નગરશેઠના ઘર આગળ આવી પહોંચ્યો, એ ભગવાન બુદ્ધ હતા. એના ટોપલામાં જાત જાતનાં રમકડાં હતાં. છોકરીએ એને ઊભો રાખીને ટોપલીમાંથી એક રમકડું પસંદ કર્યું, અને મકાનમાં આવી ડોસીમાને કહ્યું : 'મા, મને આ રમકડું લઈ આપો.'

છોકરીને નિરાશ કરવાનું ડોસીને ઠીક લાગ્યું નહિ. ફેરિયાને એમણે કહ્યું : 'જરા ઉભો રહે. મારી પાસે નાણાં નથી પણ એક ચીજ છે. જરા કાટખાધેરી છે. એ લઈને રમકડું આપી શકતો હોય તો આ છોકરીને આપ.' અને ડોસી ઘરમાં જઈને પેલી થાળી લઈ આવી.

ભગવાન બુદ્ધ જન્મવાળા ફેરિયાએ થાળી હાથમાં લઈને જરાક ઘસી જોઇ તો એ સોનાની જણાઈ. વધુ ઘસતાં એમાં હીરામોતી જડેલાં હોવાનું જણાયું. તે ફેરીયો બોલી ઊઠ્યો : 'માજી, આ થાળી તો બહુ કીંમતી છે. હું તો સાધારણ ફેરિયો છું. મારી ગુંજાઈશ નથી, કે હું આ થાળી ખરીદી તેને બદલે નાણાં અને આ રમકડું આપી શકું.'

ડોસી તો આ શબ્દો સાંભળી નવાઈ પામી ગઈ. એ બોલી : 'આપ કોઈ મહાત્મા લાગો છો, એટલે આપના હાથનો સ્પર્શ થતાં જ મારી આ પતરાંની થાળી સોનાની બની ગઈ.'

બુદ્ધરૂપી ફેરિયાએ કહ્યું : 'ના, માજી એવું કાંઈ નથી. મૂળ તમારી થાળી જ સોનાની હતી. હું ખોટું શા માટે બોલું ?'

આ સાંભળી ડોસીમા બોલ્યાં : 'હમણાં જ એક ફેરિયો તપાસી ગયો અને તેણે મને એક રમકડું પણ એના બદલામાં આપવાની ના પાડી દીધી.'

બુધ્ધાવતારી ફેરિયાએ કહ્યું : 'તે એની દાનત ખોટી લાગે છે. આમ કહીને તમારી પાસેથી એ બીજી થાળી પડાવી લેવા માગતો હોય. આ થાળી તો એટલી કિંમતી છે, કે મારી પાસે તેની કિંમત ચૂકવવા જેટલાં નાણાં નથી.'

ડોસી તો રાજી-રાજી થઈ ગઈ. ફેરિયાએ કહ્યું : 'જોજો ડોસીમાં, આ થાળી કોઈ લુચ્ચાને આપશો નહિ. કોઈ ઝવેરીને ત્યાં જઈ એની કિંમત કરાવજો.' એમ કહી તેણે પેલું રમકડું આપ્યું. છોકરી રાજી થઈ ગઈ.

'તમે પ્રમાણિક અને ભલા વેપારી છો'- ડોસીમાએ કહ્યું : 'મારી તમને દૂઆ છે, કે તમારો ડોસીમાએ કહ્યું : 'મારી તમને દૂઆ છે, કે તમારો વેપાર ધીકતો ચાલે. મારી પાસે આ થાળીનું ધન આવશે ત્યારે તમારા રમકડાંની કિંમત ચૂકવીશ. હમણાં તો માત્ર આશીર્વાદ આપું છું.'

થોડીવારે પેલો લુચ્ચો અને લોભી ફેરિયો પાછો ડોસી પાસે આવ્યો, અને તોછડાઈથી બોલ્યો : 'એઈ ડોસી, લાવ તારી પતરાંની થાળી, ને આ રમકડું લી તારી છોકરીને રાજી કર.'

ડોસીમાએ ખીજાઈને કહ્યું : 'તું લુચ્ચો, લોભી અને ઠગારો છે. તું પતરાંની કહે છે એ થાળી સોનાની છે. તું મને છેતરવા માગતો હતો, પણ હવે તારી વલે કરું છું.' ને તે ફેરિયો પાછળ લાકડી લઈને દોડી. એટલામાં રાજાના ચોકીદારો ત્યાંથી નીકળ્યા. ડોસીમો બધી વાત એને કહી સંભળાવી, એટલે પહેરેગીરોએ તેને પકડી લીધો અને તેને સજા થઈ. ❖❖❖

# BIODATA




**NAME** : **MITALI HEMANTBHAI SHAH**
Date Of Birth : 14th October 2001
Birth Time : 1.52 Pm
Birth Place : Vapi
Height : 4' 2"
Education : BBA (FM)
Pursuing MBA
(International Business) (Dubai)
Native Place : Vapi
Religion : Jain Deravasi (Murti Poojak)
Samaj : Bagwada Paragana Jain Sangh
Hobbies : Badminton, Music, Travelling, Dance
Note : Handicapped (75%) (Right Hand)
(Self Dependent)

**FAMILY BACKGROUND**

Grand Mother: Late Smt. Manjulaben A. Shah
Grand Father : Late Shri Amrutlal N. Shah
Mother : Jigna Hemant Shah (Housewife)
Father : Hemant A. Shah (REAL ESTATE AGENT) (+91) 9825570118
Younger Brother : Darshit H. Shah (PURSUING B.C.A)

**MOSAL DETAILS**


Mama : Sanjay C. Mahetalia (Umbergaon)
(+91) 98988 30305
Ajay C. Mahetalia (Umbergaon)
(+91) 96620 03421
Residence : Umbergaon

**ADDRESS DETAILS**

Address : 301/ 302, Arihant Appartment, Alkapuri Society, Shanti Nagar, Vapi, Gujarat (396191)

Advt.

# MATRIMONIAL



**DEVANSHI DESAI**

**Personal Details:**

Date of Birth : 19th March 1996
Birth Time : 07:33 pm
Birthplace : Borivali, Mumbai, India
Height : 5 feet 6 inches
Caste : Shree Ghoghari Dasa Shrimali Vanik-(Vaishnav)
Native Place : Dihor, near Bhavnagar (Saurashtra)

**Educational Details:**

**Masters of Science in Computer Science (Honors)** from University of Southern California, Los Angeles, California, US.
**Bachelors in Information Technology** from Dwarkadas J. Sanghvi College of Engineering, Vile Parle, Mumbai, India.
**Diploma in Information Technology** from Thakur Polytechnic, Kandivali, Mumbai, India.

**Work Experience:**

**Current Work :** Software Development Engineer at Amazon Web Services Inc. in Seattle, WA, United States
**Past Work :** Software Engineer I at JP Morgan Chase and Co., Mumbai, India (2.5 years)

**Paternal Family:**

**Father** : Himanshu Pramodrai Desai (Property Consultant)
**Office** : 15, Jawan Nagar CHS Ltd, S. V. Road, Borivali West, Mumbai 400092
**Mother** : Avani Himanshu Desai (Homemaker)
**Grandfather** : Late Shri Pramodrai Harilal Desai
**Grandmother** : Smt. Pushpa Pramodrai Desai
**Brother** : Dhruv Himanshu Desai (B. E. Comp) Working as Software Engineer at Interactive Brokers, Andheri, Mumbai
**Uncle** : Manish Pramodrai Desai (Senior Director, SAS India P. Ltd)

**Maternal Family:**

Grandfather : Late Shri Lalitbhai Manordas Shah
Grandmother : Smt. Ushaben Lalitbhai Shah
Uncle : Ashish Lalitbhai Shah
Native : Ukharla (near Bhavnagar)
Current Resi. : Ghatkopar, Mumbai.

**Contact Details:**

**Mobile (Himanshu Desai)** : +91 9833999788 , +91 9821412672
**Email Id** : himanshupdesai@yahoo.com
**Permanent address** : 603-604, Vaishali Apt., 51st T.P.S. road, Borivali (W), Mumbai 400092.
**Current Address** : 1942 Westlake Ave, Apt 1614, Seattle 981010

Advt.

ૐ અહિંસા પરમો ધર્મ

**અનુમોદના...અનુમોદના...અનુમોદના...**

**ડૉ. શ્રી પી. સી. શાહ સાહેબ** (સુરેન્દ્રનગર)ની પ્રેરણાથી અને વઢવાણ મિત્ર મંડળ (મુંબઈ)નાં મોભી

**માનવરત્ન શ્રી મધુભાઈ શાહ** તેમજ **શ્રી જવાહરભાઈ મણીયાર**નાં

પુણ્ય પુરૂષાર્થથી ઝાલાવાડનાં ભામાશા **શ્રી સી. યુ. શાહ સાહેબ**નાં સુપુત્રી જીવદયા પ્રેમી

**શ્રીમતી મિનળબેન રોહિતભાઈ શાહે** (શ્રી સી. યુ. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ)

**રૂા. ૨,૦૦,૦૦,૦૦૦/- (બે કરોડ રૂપિયા)** તથા

**શારદાબેન શાંતિલાલ શાહ પરિવારે**

(હ.: **શ્રીમતી રેખાબેન નેમિષભાઈ શાહ** તથા **શ્રીમતી કવિતાબેન કેતનભાઈ શાહ**)

**રૂા. ૧,૦૦,૦૦,૦૦૦/- (એક કરોડ રૂપિયા)**

નું માતબર દાન જીવદયા માટે શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળને જાહેર કરેલ છે. તે બદલ...
કાર્યવાહક મંડળ, શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ
તેઓનો ખૂબ ખૂબ આભાર માનવા સાથે અનુમોદના કરે છે.

**પબ્લીક ટ્રસ્ટ રજી. નં. ઈ-૧૯ સુરેન્દ્રનગર**
**Bank of India - Surendranagar**
A/c. No. 209010100003731 IFSC Code: BKID0002090
**શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ, શિયાણીની પોળ, વઢવાણ. મો. ૮૦૦૦૯૨૫૬૫૪**

**સુરેન્દ્રનગર સ્થિત શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - સુરેન્દ્રનગરનાં પદાધિકારીઓ, હોદ્દેદાર શ્રીઓ, તથા કારોબારી સભ્ય શ્રીઓએ દાતા પરિવારોની ભૂરી ભૂરી અનુમોદના કરવા સાથે તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવેલ છે.**

**શ્રી વઢવાણ મિત્ર મંડળ – મુંબઈ** તથા **શ્રી વર્ધમાનપૂરી વેલફેર ટ્રસ્ટ મુંબઈ** આયોજીત

**ઉદારદિલ દાતા શ્રી સી. યુ. શાહ સાહેબની વિશાળ સખાવતોને સન્માનીત કરતા શ્રીમતી મિનળબેન શાહને તેમજ માનવરત્ન શ્રી મધુભાઈ શાહને સન્માનીત કરતા મોમેન્ટો અર્પણ કરવાનાં શુભ અવસર સમો કાર્યક્રમ**

આ સમારોહ કાર્યક્રમમાં વિશેષરૂપ આકર્ષણ

**પદ્મશ્રી એવોર્ડ** ઘોષિત સુપ્રસિધ્ધ સુવિખ્યાત **હાસ્ય કલાકાર ડૉ. શ્રી જગદિશ ત્રિવેદી**નો સુંદર કાર્યક્રમ

**તારીખ:** ૩ -૩ - ૨૦૨૪ રવીવાર **સ્થળ :** આજીવાસન હોલ, જુહુ તારા રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ

**આ કાર્યક્રમ દરમ્યાન કોઈપણ ફંડ માટે અપીલ કરવામાં આવશે નહિ**

ઉપરોક્ત કાર્યક્રમ સ્થળનાં હોલમાં જગ્યાની મર્યાદાને કારણે મર્યાદિત સંખ્યામાં પાસ આપવાની વ્યવસ્થા થઈ શકી છે. **વઢવાણ મિત્ર મંડળ મુંબઈ**નાં **મુખ્ય સભ્યપદ** દિઠ ફકત **બે (૨) પાસ તારીખ ૫-૨-૨૦૨૪ સોમવારથી વહેલા તે પહેલાનાં ધોરણે** આપવામાં આવશે. એક પાસની કિંમત **રૂ. ૧૦૦** રાખવામાં આવેલ છે. **ફોન કરીને પાસ લેવા આવવા વિનંતી છે.** પાસ વહેંચાઈ ગયા બાદ પછીથી કોઈને પાસ મળી શકશે નહિ.

Advt.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ**

*આયોજીત*

## ગુજરાતી જૈન લગ્નોત્સુક યુવક-યુવતી પરીચય મિલન સમારોહ

**રવિવાર, તારીખ ૩-૩-૨૦૨૪**
**સમય - બપોર ૩-૩૦ કલાકથી**

**❖ સ્થળ ❖**

**દામોદરવાડી, એ.સી. હોલ, ૧લા માળે, એ.સી. રોડ, કાંદીવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.**

(૧) વહેલા તે પહેલાના ધોરણે ૫૪ યુવકો ૫૪ યુવતી કુલ ૧૦૮ ઉમેદવારો લેવામાં આવશે.

(૨) ઉમેદવાર સાથે પરિવાર ના બે વડીલને પ્રવેશ આપવામાં આવશે.

(૩) રજીસ્ટ્રેશન ફી - રૂા. ૧૨૦૦/- (ત્રણ સભ્યો સાથે) હાઈ-ટી અને ચૌવિહાર સાથે

(૪) ફક્ત ઓનલાઈન ફોર્મમાં વિગતો જણાવવાની રહેશે. જેની લીંક આ સાથે જણાવેલ છે અને રજી. ફી ઓનલાઈન જ આપવાની રહેશે.

(૫) વયમર્યાદા ફક્ત ૩૩ વર્ષ સુધીના જ ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે જાન્યુઆરી ૧૯૯૧ માં તે પછીના વર્ષના જન્મેલા ઉમેદવારી નોંધાવી શકશે.

(૬) ગ્રેજ્યુએટ અને તેથી વધારે શીક્ષીત ફક્ત કુવારાઓને તેમજ સગપણ મુકેલા ને જ પ્રવેશ મળશે.

(૭) ઉમેદવારે પોતે આવવાનું ફરજીયાત રહેશે ફક્ત માતા-પિતા કે વડીલોને પ્રવેશ મળશે નહી.

(૮) ભાગ લેનાર ઉમેદવારને પરિચય મિલનની બાયેડેટાની કલર પ્રિન્ટવાળી પુસ્તિકા આપવામાં આવશે.

(૯) ઝાલાવાડી સમાજના સભ્ય પરિવારના ઉમેદવારને અગ્રતા ક્રમ આપવામાં આવશે. ગુજરાતી જૈન સમાજના ચારે ફીરકાના ઉમેદવાર ભાગ લઈ શકશે.

(૧૦) વિકલાંગ કે અન્ય શારિરીક તકલીફવાળા ઉમેદવારે ફોર્મમાં વિગત જણાવવાની રહેશે.

(૧૧) રજીસ્ટ્રેશન તા. ૨૦-૦૨-૨૦૨૪ સુધી રહેશે.

(૧૨) પરિચય પુસ્તકમાં કમર્શિયલ જાહેરાત રૂ. ૨૫૦૦/- છે જે કોઈને આપવાની હોય તે નીચેના મોબાઈલ પર સંપર્ક કરશો.

**સંપર્ક સુત્ર**

| | | |
|---|---|---|
| પિયુષભાઈ શાહ | - | ૯૮૨૧૬૧૩૯૮૧ |
| દીપકભાઈ ગાંધી | - | ૯૮૨૦૧૫૦૫૨૦ |
| ભરતભાઈ કુવાડીયા | - | ૯૮૨૧૬૫૫૯૪૩ |
| મીતેશભાઈ શાહ | - | ૯૮૨૦૮૯૯૨૩૯ |

Advt.

**D**o you want to know how
understanding Jain spiritual concepts can
help in problem solving and stress management?
If studied systematically,
discover the magical powers of right knowledge!

Since 2016

## PARMAGAM HONOURS

A course by Learn2Liberate Foundation
Also certified by JGI University, Bangalore.

**Highlights**:
- **Only 2 hours a week**
- **Online/Physical Classes**
- **40+ Jain scriptures covered**
- **Open book exams**

**Covers:**
- **75+ batches**
- **50+ Teachers**
- **5000+ Students across 15 countries**
- **5 Languages**

Join today to experience a new '**SELF**'

**SCAN QR CODE TO APPLY NOW**

**HURRY UP ADMISSIONS OPEN FOR 2024**

*To register visit us at www.practicaljainism.com*

parmagamhonours@gmail.com
+91 8779403529
/practicaljainism
/parmagamhonours

Advt.

હાર્દિક અભિનંદન
વઢવાણ નિવાસી
હાલ મલાડ (વેસ્ટ)
સેજલબેન પિયુષભાઈ વોરા ની સુપુત્રી



ચિ. સલોની
સરસ્વતી દેવી ની અસીમકૃપાથી અને વડીલોના
આશીર્વાદ થી મુંબઈ માં B.ARCH (આર્કિટેક્ટ) ની
ડીગ્રી પ્રાપ્ત કરી અને લંડનમાં MA INTERIOR
& SPATIAL DESIGN ની ડીગ્રી પ્રાપ્ત કરી છે.
આ સિધ્ધિ બદલ સર્વે કુટુંબીજનો તરફથી
ખૂબ ખૂબ અભિનંદન સલોની ને તેના ઉજ્જવળ ભવિષ્ય
માટે શુભ કામના અને અંતરના આશીર્વાદ.
શુભેચ્છકો
કોકીલાબેન લલીતભાઈ સવાયલાલ વોરા પરિવાર
યશોમતીબેન પ્રવીણચંદ્ર ગોયાણી પરિવાર
Advt.

શ્રીજી
**જમીન-મકાનની લે-વેચ માટે મળો.**
દરેક કાયદાકીય દસ્તાવેજ, વારસય,
નામેચડાવવાનું કરાવી આપીશું
**અતુલભાઈ ટી. શેઠ**
Mo. 98790 75965
**અંકિતભાઈ એ. શેઠ**
Mo. 98796 79553, 8200628452
**અતુલભાઈ ટી. શેઠ**
રેલ્વે સ્ટેશન સામે, જોરાવરનગર, સુરેન્દ્રનગર.
Advt.

શ્રી૧।
શ્રી જસાપર વાળા મોમાઈ માતાજીની જય હો



**શ્રી જૈન મેરેજ બ્યુરો**
ગુજરાતી • સ્થાનકવાસી • દેરાવાસી • વૈષ્ણવ
વેલ એજ્યુકેટેડ કુંવારા, ડાયવોર્સી, વિધુર
યુવક-યુવતી મુંબઈમાં વસતા ઝાલાવાડી
ઘોઘારી તથા કાઠીયાવાડી
વિદેશ જવા ઈચ્છુક દરેક માટે જરૂરથી કોન્ટેક કરો
અને મેમ્બર બનો.
**દિપકભાઈ વસાણી**
**મો : ૯૩૨૩૭૭૯૦૧૪**
તા.ક : મહેનત અમારી નસીબ તમારૂ
Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

### સભાના સભ્ય બનવા આહ્વાન

ઝાલાવાડી ભાઈ-બહેનો જેઓ હજુ સુધી સભાના સભ્યો નથી બન્યા અથવા તો મેમ્બરશીપ રીન્યુ નથી કરાવી તેઓ સર્વોને આપણી માતૃસંસ્થાના સભ્ય બનવા માટે અપિલ કરવામાં આવે છે. આ વખતની ચુંટણીમાં અંદાજીત ૪૫% સભ્યોએ મતદાન કરેલ. સભાના સભ્ય બનવાથી આપને ચાર સેનેટોરીયમ તથા માદરે વતન સુરેન્દ્રનગરમાં પણ અતિથિ ભવનનો, સભાના નિતી નિયમ મુજબ લાભ મળશે. તેમજ દર મહીને પ્રકાશિત ‘માસિક પત્રિકા’ આપને પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. જેમાં સભાની દરેક પ્રવૃત્તિ તેમજ ગતિવિધિઓ પ્રસિદ્ધ થાય છે.

zalawadi.com પરથી આપ ફૉર્મ ભરી શકો છો. તેમજ જે મેમ્બરશીપ જોઈતી હોય તેનું payment મેમ્બરશીપ approval mail આવ્યા પછી online કરવાનું રહેશે.

**વિશેષ માહિતી માટે સંપર્ક કરો :**
**શ્રીમતી આશાબેન પટેલ - મો. ૯૮૧૯૯૫૬૫૨૯**
**(સવારે ૧૨ થી સાંજે ૭.૦૦ સુધીજ)**
**રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન લેવી.**

# નવમી પુણ્યતિથિએ
## ભાવભરી શ્રદ્ધાંજલિ



### સ્વ. શ્રી નરેન્દ્રભાઈ છનાલાલ શાહ

**વઢવાણ નિવાસી (હાલ : મલાડ)**

**જન્મ તા. : ૨૭-૧૦-૧૯૫૦ • અરિહંતશરણ : ૧૬-૦૨-૨૦૧૫**


રડી પડે છે આંખો અમારી
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી
કેટલુ નહી કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે.
પાંપણના પલકારે પંખીની જેમ ઉડી ગયા.
હાજરી આપની હતી ત્યારે ખબર ન હતી
ગેરહાજરી શું કહેવાય.
આનંદ હતો ચારે કોર ત્યારે ખબર ન હતી દુ:ખ શું કહેવાય.

**આપના પવિત્ર આત્માને જન્મોજન્મ જૈન ધર્મ મળે અને નવકાર મંત્રનું શરણ રહે એજ પ્રાર્થના પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે.**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ગીતાબેન |
| પુત્રી-જમાઈ | : | જીગિશા-કેતનકુમાર |
| વેવાઈ | : | પ્રદીપભાઈ રાયચંદભાઈ પારેખ |
| ભાઈ-ભાભી | : | રજનીકાંતભાઈ-કોકિલાબેન<br>સ્વ. સુરેશભાઈ-ભારતીબેન |
| બહેન | : | સ્વ. પ્રેમિલાબેન, કલાબેન, રીટાબેન |
| ભત્રીજા-ભત્રીજી | : | વિરેન-અમી, દેવાંગ-નિરાલી<br>અમી-તેજલ અને સોનલ |
| સસરા | : | સ્વ. ડાયાલાલ મનસુખલાલ શાહ |
| સાળા-સાળી | : | દિનેશભાઈ, રીટાબેન, પરેશભાઈ |
| દોહિત્ર | : | ધૈર્ય |

**ઝાલાવાડી સભા કમિટી મેમ્બર** Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
## ભાવભરી શ્રદ્ધાંજલિ



### સ્વ. અનોપચંદ હીરાચંદ વોરા

**ગૌતમગઢ નિવાસી (હાલ : ગોરેગામ)**

**જન્મ તા. : ૧૧-૦૫-૧૯૩૪**

**અરિહંતશરણ : ૧૫-૦૨-૨૦૨૩**

આપનો પ્રેમાળ અને માયાળુ સ્વભાવ, ધાર્મિકતા, સર્વે સાથે આત્મીયતા, સદ્ભાવના સાથેની પ્રેરણા એ ક્યારેય ભુલાશે નહી. આપ અમારી સાથે જ છો અને ક્યારેય ના વિસરાય એવી સ્મૃતિમાં અંકિત છો. પરોપકારના મૂર્તિમંત સ્વરૂપને કોટી કોટી વંદન.

**આપના સદૈવ ઋણી**

**સ્વ. માતુશ્રી શકરીબેન હીરાચંદભાઈ વોરા**

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | સ્વ. પ્રફુલાબેન |
| પુત્રો | : | રજનીભાઈ, વીપુલભાઈ |
| પુત્રવધૂ | : | તૃપ્તીબેન, શિલ્પાબેન |
| દિકરી-જમાઈ | : | પ્રીતીબેન રાજેશકુમાર માધાણી |
| પૌત્રી તથા પૌત્ર | : | ધર્મી, નિમીત, સાક્ષી તથા સ્વ. ધ્રુવી |
| દોહીત્ર વધુ તથા દોહીત્ર | : | ચેરી નિશીથ માધાણી |
| પ્રદોહીત્ર | : | જૈવી |

**તથા**

**સમસ્ત હીરાચંદ ભુરાભાઈ વોરા પરિવાર** Advt.

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મતારીખ
૧૮-૦૭-૧૯૩૨

અરિહંતશરણ
૧૪-૦૨-૨૦૨૩

## સ્વ. ચંદ્રકાન્તાબેન મુગટલાલ વોરા

**વઢવાણ નિવાસી – હાલ મુંબઈ (મલાડ)**

**પરિવાર જેનું મંદિર...સ્નેહ જેની શક્તિ...પરિશ્રમ જેનું કર્તવ્ય...**
**પરમાર્થ જેની ભક્તિ... આફતોમાં અડીખમ રહેવું જેનુ જીવન મંત્ર...**

કરાવ્યા લાડ બાળકોને અમન ચમન આપે...
આપેલો વારસો પૈસા જ નથી પણ પવિત્રતાને પ્રસન્નતા છે.
ઉપકારો અગણીત છે અપણા... ગણાવ્યા ન ગણાય
આંખ હજુ નિહાળે છે અંતર હજી પોકારે છે તમને...
અમારા હૈયાના ખૂણા ખૂણામાં તમે જ છો.
અમને ખબર ન હતી કે તમારો સાથ અચાનક છુટી જશે...
વિદાય એવી અણધારી હતી કે કાળજા અમારા કંપી ગયા...
હૃદય તો અમારૂં માનતું જ નથી કે તમે અમારા વચ્ચે નથી
સિંહ જેવુ જીવન જીવી ગયા અને સર્વત્ર સુવાસ
ફેલાવી સંભારના સૌના દિલમાં મૂકી ગયા
કહેવાય છે કે કુદરતના ખજાનામાં ખોટ પડે
ત્યારે ધરતીના પુષ્પો લુટે છે.
આપના પુનિત આત્માને પરમાત્મા જલ્દી
સિધ્ધ ક્ષેત્રમાં સ્થાન આપે...

⌘

**પતિ : સ્વ. મુગટલાલ ઠાકરસી વોરા**

**પુત્ર** : અતુલભાઈ મુગટલાલ વોરા
**પુત્રવધૂ** : મમતાબેન અતુલભાઈ વોરા
**પુત્ર** : ચેતનભાઈ મુગટલાલ વોરા
**પુત્રવધૂ** : દિપાબેન ચેતનભાઈ વોરા
**પુત્રી-જમાઈ** : નીલાબેન હર્ષદકુમાર — મીનાબેન સુરેશભાઈ
: રિટાબેન દિનેશભાઈ — અલ્કાબેન યોગેશકુમાર
**પૌત્ર** : શ્રેય, નીલ **પૌત્રી-જમાઈ** : દિશા વિશાલ
ચાર્મી સિધ્ધાર્થ

**સ્વ. મુગટલાલ ઠાકરસી વોરા પરિવાર** Advt.

---

**SHREE ZALAWADI STHA. JAIN SABHA**
**301, Bay View (East), 3rd Floor,**
**47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane)**
**Chira Bazar, Mumbai - 400 002.**
**7208472884 • 7208481791 • 7208472744**

## New RATE CARD Effective from April 2021

(1) YEARLY MEMBERSHIP FEES (RENEWAL)
RS.700/- for 2022-23 - 2023-24 With Patrika (including GST) RS 100 EXTRA FOR NEW MEMBER REGISTRATION FEES

(1-A) LIFE MEMBERSHIP FEES Rs. 6000/- including GST 18% Accounting Year April to March

(2) *PATRIKA ADVERTISEMENTS* RATE + 5% GST
**LAST PAGE COLOUR** RS.10000+500 =10500/-
(Size = 171 Width x 199 mm Height)
**FULL PAGE COLOUR** RS.8000 + 400 = 8400/-
(Size = 171 Width x 234 mm Height)
**FULL PAGE B/W** RS.4100 + 205 = 4305/-
(Size = 178 width x 223 mm Height)
**HALF PAGE B/W** Rs.2100 + 105 = 2205/-
(Size = 87 width x 223 mm Height)
**QUARTER PAGE B/W** RS.1100 + 55 = 1155/-
(Size = 87 Width x 110mm Height)
SINGAL PANEL B/W RS.600 + 30 = 630/-
**ONLY PATRIKA FEES**
FOR 3 YEARS RS.1000 + 180 = 1180/-

(3) **SANATORIUM BOOKING**
ROOM CHARGES+12% GST

(4) *MATRIMONIAL SERVICES* 18% GST
Rs.1000+180=1180

**Please send your Advertisement in Advance**

**LAST DATE OF ADVERTISEMENT ON OR BEFORE 25TH EVERY MONTH**

**(Inclusive of GST)**

**Please send Artwork in JPEG Format Only**

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઇસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૩ થી ઑગસ્ટ ૨૦૨૩ (પાંચ મહિના) માં ટોટલ ૧૬૫૫ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

| | |
|---|---|
| Bank Name : AXIS BANK LTD.<br>A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820<br>IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai | Bank Name : BANK OF INDIA<br>A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219<br>IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.) |

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

**દાન એજ સફળ જીવન**

Advt.

# SAURABH
# MEDICAL HEALTH CARE

Shree Patan Jain Mandal

MORE THAN 112 YEARS
IN SOCIAL SERVICE

**Managed by : Shree Patan Jain Mandal**

101-201, Prem Tower-A, 8, Jawahar Nagar, Opp. Goregaon Police Station,
S.V. Road, Goregaon (West), Mumbai-400104.
Tel. : 022-31774129 • Mob. : 8369844115 • Email : smhc@patanmandal.org
Time :- 07.00 am to 06.00 pm **MONDAY TO SATURDAY**

## Your Health is our Priority

BLOOD TEST PACKAGE
AT MOST REASONABLE RATES

ALL PATHOLOGY TEST BY BECKMAN COULTER USA (WORLD BEST MACHINE)

**All individual Blood Test also done here.**

Inaugural Offer

## SPECIAL OFFER DISCOUNT UPTO 60%

### Silver Package
**Rs.810/-** ~~RS. 1890/-~~

- CBC & ESR
- HbA1c
- Blood Sugar (Fasting/PP)
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine

**72 Parameters**

### Golden Package
**Rs.1260/-** ~~RS. 3060/-~~

- CBC & ESR
- Blood Sugar (Fasting/PP)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12

**77 Parameters**

### Platinum Package
**Rs.1710/-** ~~RS. 5580/-~~

- CBC & ESR
- Blood Sugar (Fasting/PP)
- HbA1c
- Thyroid Profile
- Lipid Profile
- Liver Profile
- Kidney Profile
- Urine Routine
- Calcium
- Vitamin D3
- Vitamin B12
- PSA (For Male)
- CA 125 (For Female)
- Iron Studies
- LDH
- CPK
- CRP

**83 Parameters**

### Specialize Test

- 3D-4D Sonography-USG
- Colour Doppler
- ECG
- 2D Echo
- Stress Test
- Pathology - Blood Test
- Digital X-Ray
- Dental OPG
- Audiology & Speech Therapy
- PFT
- PAP Smear
- MRI
- CT Scan

### Our Blood Collection Centres

**• Marine Drive •**
77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
Time : 7.00 am to 2.00 pm • Mob.: 8369062255

**• Borivali (E) •**
Patan Jain Mandal Housing Complex,
A/23-1, Ratan Nagar, D.N. Dube Marg,
Borivali (E), Mumbai-400068.
Time : 7.00 am to 2.00 pm • Mob.:8850539464

**• Bhayander (W) •**
Shree Patan Jain Mandal, Siddharth Co-op. Hou. Soc.,
Patanwala Building, Shivsena Gally,
J.H. Poddar School Marg, Bhayander (W), 401101.
Time : 7.00 am to 2.00 pm • Mob.: 8850521582

HOME VISIT AVAILABLE AT ALL CENTERS (BY APPOINTMENT ) MONDAY TO SATURDAY
APPOINTMENT TIME : 9.00 AM TO 6.00 PM PHONE NO- 8369844115, 022-31774129

Advt.
















# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future ------

D2 Vijaykarwadi, Kumar Estate, Chincoli, Opp Mc Donnals, SV Road, Malad W, Mumbai 400064

Mob. 7021213467 Email: - risingsunelect@gmail.com Website :- www.risingsunelect.com




Advt.

# માસિક પુણ્યતિથીએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૦/૦૬/૧૯૪૦

અરિહંત શરણ :
તા. ૨૧/૧૨/૨૦૨૩

## સ્વ. જયશ્રીબેન વિનોદચંદ્ર શાહ (દોઢીવાળા)

**મુળ વતન : થાનગઢ, હાલ : વિદ્યાવિહાર**

પ્રભુ આપના પવિત્ર આત્માને
દિવ્ય શાંતિ આપે
એજ પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના...

આપના સદૈવ ઋણી

**-: લી. શોકાતુર પરિવાર :-**

| | | |
|---|---|---|
| પુત્રવધુ–પુત્ર | : | અ.સૌ. હેતલ – કમલેશ વિનોદચંદ્ર શાહ |
| પુત્રવધુ–પુત્ર | : | અ.સૌ. હીના – હેમંત વિનોદચંદ્ર શાહ |
| પૌત્રવધુ–પૌત્ર | : | અ.સૌ. શ્રધ્ધા – પ્રિયંક કમલેશ શાહ |
| | : | કુ. યશ હેમંત શાહ |
| પુત્રી–જમાઈ | : | અ.સૌ. સ્વાતિબેન – ભરતભાઈ કામદાર |
| દોહિત્રવધુ–દોહિત્ર | : | અ.સૌ. અમીશા – ઋષભ ભરતભાઈ કામદાર |
| પ્રપૌત્ર | : | કુ. વિઆન ઋષભ કામદાર |
| દોહિત્રી–જમાઈ | : | અ.સૌ. ગીતીકા – મોનીશ ભાયાણી |

**: સમસ્ત :**

સ્વ. કેશવલાલ જગજીવનદાસ શાહ પરિવાર (થાનગઢ)
સ્વ. હરીલાલ આશારામ શાહ પરિવાર (લખતર)

**-: શુભેચ્છક :-**

હેમંત ઓપ્ટિશિયન્સ – ઘાટકોપર (વેસ્ટ)
કમલેશ ઓપ્ટિશિયન્સ – ઘાટકોપર (ઈસ્ટ)

Advt.

# ૮ મી પુણ્યતિથિએ અશ્રુભિની શ્રધ્ધાંજલી



જન્મ :
૧૩/૦૩/૧૯૩૯

અરિહંત શરણ :
૦૨/૦૧/૨૦૧૬

## સ્વ. મહાસુખભાઈ ચીમનલાલ ગોપાણી

**પાળીયાદ નિવાસી હાલ માટુંગા–દાદર.**

*નિત્ય અમારા મનમાં...નિત્ય અમારા હૃદયમાં...*
*નિત્ય અમારા ચેતનમાં...જીવો સદા સદૈવ-સર્વદા..*

- **ધર્મપત્નિ :** પ્રવિણાબેન
- **પુત્ર–પુત્રી :** અલકેશ, વિપુલ, સાધના • **પુત્રવધુ :** મૂર્તી, જાસ્મીન
- **ભાઇ–ભાભીઃ** • ગુણવંતભાઇ ગોપાણી • સ્વ.ભારતીબેન ગોપાણી
  • નગીનદાસ ગોપાણી • માયાબેન ગોપાણી
  • પરેશભાઇ ગોપાણી • રીનાબેન ગોપાણી
- બેન-બનેવી : બોટાદ સંપ્રદાયના ગુણવંતીબાઇ **મહાસતીજી**
  ચંદનબેન કમલેશકુમાર સંઘવી, અરૂણાબેન સુબોધકુમાર સંઘવી,
  વર્ષાબેન બિપીનકુમાર સંઘવી, રીટાબેન શૈલેષકુમાર શેઠ
- પૌત્ર-પૌત્રી : **શ્રેય–કેશવી, શ્રૃતી–ઋષી અજમેરા, રૂષીલ, જીજ્ઞેશ–અંજલી, દિતલ–મેહુલ કોઠારી, પાર્થ–રૂતિકા, વિરાજ – કરિશ્મા, મીત, યુવ, યશવી, દેવાંશ**

**ફર્મ :**

**• ગોપાણી મેટલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ. • વી.એન.એસ. ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.**
**• અમિટી ઇંટરલીંક સ્ટીલ્સ પ્રા. લિ. • ગોપાણી આયર્ન પાવર ઈન્ડીયા પ્રા. લિ.**

Advt.

# ૮મી પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



જન્મ
૦૮-૦૭-૧૯૩૫

અરિહંતશરણ
૨૮-૦૨-૨૦૧૬

## સ્વ. શ્રી પ્રવીણચંદ્ર વૃજલાલ ગાંધી

### વઢવાણ નિવાસી, હાલ બોરીવલી, મુંબઈ

હૃદય અમારું રડી પડે છે, જોઈ તસવીર આપની,
હૈયું માનવા તૈયાર નથી કે હયાતી નથી આપની.
૮ વર્ષ વીતી ગયાં છતાં અશ્રુ અમારા સૂકાતા નથી,
સદાય હસતો ચહેરો રાખી, ઓચિંતી લીધી વિદાય.
જીવન એવું જીવી ગયા ને મૃત્યુને શોભાવી ગયા.
રડી પડે છે આંખો અમારી,
દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,
યાદગીરીના પુષ્પો અને વહેતા આંસુના અભિષેક અર્પણ કરીએ છીએ.
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**એ જ આજ અમારા સૌના શ્રદ્ધાંજલિનાં પુષ્પો**


### શોકાતુર પરિવાર

| | | |
|---|---|---|
| ધર્મપત્ની | : | ભારતીબેન પ્રવીણચંદ્ર ગાંધી |
| પુત્ર-પુત્રવધૂ | : | મિલન-નીપા, બિરેન-હિના |
| પુત્રી-જમાઈ | : | સુષમા-દીપકકુમાર, પ્રીતિ-નીતિનકુમાર |
| પૌત્ર-પૌત્રી | : | હર્ષિત-મીતી, જેનિશા-રાજ શાહ, નિધિ, કરન, |
| દોહિત્ર-દોહિત્રી | : | પ્રાચી સાગર સંઘવી, વિધિ સ્મીત શાહ, સાગર-તાન્યા, અંકિત |
| પ્રપૌત્ર | : | મિરાન્શ, રિવાન્શ |

**સ્વ. વૃજલાલ શિવલાલ ગાંધી પરિવાર, સ્વ. મનુભાઈ મોહનલાલ સંઘવી પરિવાર**

Advt.

# પુષ્પાંજલિ



અવનિ અવતરણ
૨૭.૦૬.૧૯૩૯

અરિહંતશરણ
૨૬.૦૧.૨૦૨૪

## રસિકલાલ છોટાલાલ વોરા

ગંજેળા નિવાસી (જોરાવર નગર) હાલ મલાડ

આપનું વાત્સલ્ય અમારું જીવન છે, આપના સંસ્કાર અમારી ધરોહર છે.
આપની સહૃદયતા અમારી પ્રેરણા છે, આપના આશિર્વાદ અમારી શક્તિ છે.
પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના...

પત્ની : મનોરમાબેન રસિકલાલ વોરા

| | | | | | |
|---|---|---|---|---|---|
| પુત્ર | : | સુનીલ રસિકલાલ વોરા | પુત્રવધૂ | : | નિશા સુનીલ વોરા |
| પુત્ર | : | નિતેશ રસિકલાલ વોરા | પુત્રવધૂ | : | સેજલ નિતેશ વોરા |
| પુત્રી | : | સ્મિતા મનિષ ડગલી | જમાઇ | : | મનિષ ભોગીલાલ ડગલી |
| પુત્રી | : | મિનલ મિતેષ શાહ | જમાઇ | : | મિતેષ જતીનભાઇ શાહ |

પૌત્ર-પૌત્રી : હર્ષિત, યશ્વી, આશ્વી, દ્રષ્ટિ, પરમ,
એકતા-ધ્રુવેન, હર્ષ-ધરા

જયજિનેન્દ્ર

Advt.

To,

Registered with register of Newspaper under RNI No. 6489/57, Postal Registration No. MCS/046/2024-26.
Published on 5th of every Month, Posted on 10th & 11th of Every Month at Patrika Channel Sorting Office Mumbai - 400 001.

ૐ

શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

# સમાજ પિતા શ્રી સી. યુ. શાહની

## ૧૧મી પુણ્યતિથિએ સ્મરણાંજલી



એક પુત્રી પ્રાર્થે પ્રભુ પાસે,
પિતાનું નામ પાવન કરું,
સ્નેહ, સત્વ ને શ્રદ્ધા ધરુ,
પિતાનું નામ રોશન કરું;

તારા ચિંધેલા માર્ગે હું ચાલી રહી,
અનુદાનની સરવાણી રહી છે વહી,
તારી સત્ય શિખામણ સ્મરુ,
પિતાનું ઋણ ચૂકતે કરું;

વેગે વીત્યા વિરહના વરસ દસ,
તવ સંપત્તિ હરે દુઃખના તમસ,
સમાજ સેવાની ભાવનાને વરુ,
પિતાના કાર્યો પૂર્ણ કરુ;

દેહ આયુના દિવસો ઘટતા જાય,
તારા નામની સૌરભ વધતી જાય,
અંતરીક્ષથી આપો આશિષ,
ઉભી 'મુન્ની' ઝૂકાવી શીશ.



**રોહિત – મીનળ**
**પારસ – વિધિ – હિદાન – રાઘવ**
**સોહમ – સમીરા – અનન્યા**

Advt.

Printed & Published by Pravinchandra G. Shah on behalf of Shree Zalawadi Sthanakwasi Jain Sabha Masik Patrika, 47, Dr. M. B. Velkar Street, 1st Floor,Mumbai - 400 002. Printed at : RAJESH PRINTERY, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400013. Mobile : 98675 40524. Editor : Sandhya B. Shah